يا حسين

યુસુફે ઝહરા ઈમામ મહદી (અ.સ.)ની ખિદમતમાં

૫૦ વાકેઆત

(મજલીસ પઢવામાં ઉપયોગી વાકેઆત)



ભાગ-૨૩

હદીયો: વકફ

પ્રકાશન: ૨૦૨૬

: પ્રકાશક :

યુસુફે ઝહરા પબ્લિકેશન

મહુવા



રસૂલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું:

યા સલમાન! જે જનાબે ફાતેમા (સ.અ.)થી મોહબ્બત કરે છે તે જન્નતમાં મારી સાથે હશે અને જે આપ (સ.અ.)થી દુશ્મની રાખશે તે જહન્નમમાં જશે. અય સલમાન! જનાબે ફાતેમા (સ.અ.)ની મોહબ્બત 100 મૌકાઓ ઉપર કામ લાગશે. તેમાં સૌથી આસાન મૌકાઓ મૌત, કબ્ર, હશ્રનું મેદાન, પૂલે સેરાત, હિસાબ અને કિતાબ છે. જેનાથી મારી દુખ્તર ફાતેમા (સ.અ.) ખુશ છે તેનાથી હું પણ ખુશ છું અને જેનાથી હું ખુશ છું તેનાથી ખુદા રાજી છે. જેનાથી મારી દુખ્તર ફાતેમા (સ.અ.) નારાજ છે, તેનાથી હું પણ નારાજ છું અને જેનાથી હું નારાજ છું તેના ઉપર ખુદા ગઝબનાક છે. અય સલમાન! જે શખ્સ આપ (સ.અ.) ઉપર, આપની ઝૂર્રિયત ઉપર અને આપના શીઆઓ ઉપર ઝુલ્મ કરે તો તેના માટે જહન્નમ છે.

(બેહારૂલ અન્વાર, ભાગ-૨૭, પાના નં. ૧૧૬, હદીસ ૯૪)

Alfa-9374543601

યુસુફે ઝહરા ઈમામ મહદી અ.સ.ની ખિદમતમા

૫૦ વાકેઆત

(મજલીસ પઢવામાં ઉપયોગી વાકેઆત)

(ભાગ-23)

આ કિતાબનો સવાબ શોહદાએ કરબલા અને 14 મઅસુમીન (અ.મુ.સ.)ની ખિદમતમાં હદીયો કરીએ છીએ.

હદીયો : વકફ

પ્રકાશન વર્ષ : 2026

: સંકલન અને પ્રાપ્તિસ્થાન :

યુસુફે ઝહરા પબ્લીકેશન

૧૦૧/૭, કાઝમૈન સોસાયટી, ફાતેમા સોસાયટી રોડ,

નાયરા પેટ્રોલ પંપ પાસે, મહુવા-૩૬૪૨૯૦

મો. નં. ૭૫૬૭૩૮૨૨૨૦

www.yusufezehra.com

અનુક્રમણિકા

વાકેઆ 1 : સલવાતની બરકતથી ફરિશ્તો ફરી પોતાના મકામ પર પહોંચ્યો ...5

વાકેઆ 2 : ઈમામ રેઝા અ.સ.ની ઝિયારતની ફઝીલત..... 6

વાકેઆ 3 : સલવાતની બરકત અને હિદાયત 7

વાકેઆ 4 : જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની બરકતથી શીઆ બન્યા..... 9

વાકેઆ 5 સલવાત અને 20,000 વરસની ઈબાદત..... 11

વાકેઆ 6 : ઝાએરે ઈમામ હુસૈન(અ.સ.) માટે છાંયો કરનાર 12

વાકેઆ 7 સલવાત વડે અસાધારણ શક્તિ પ્રાપ્ત કરવી..... 14

વાકેઆ 8 : ઘાયલ પગને અરબઈનના પૈદલ સફરમાં શિફા મળી..... 16

વાકેઆ 9 : એક ઈસાઈ ઔરત જેણે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની મુસીબતો સાંભળીને ઈસ્લામ કબૂલ કર્યો 17

વાકેઆ 10 : સલવાત થકી મુશ્કેલ કામ આસાન થાય છે. 21

વાકેઆ 11 : મહેરબાન હમસફર.....22

વાકેઆ 12 : હઝરત સકીના(સ.અ.)થી તવસ્સુલ.....23

વાકેઆ 13 : ગુનેહગાર ઝાએર જેને આકા અબા અબ્દિલ્લાહ ઈમામ હુસૈન(અ.સ.)એ પોતે દાવત આપી..... 24

વાકેઆ 14 : સલવાતની બરકત અને માછલીની દાસ્તાન..... 26

વાકેઆ 15 : મજલીસ બરપા કરનાર પર હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત 27

વાકેઆ 16 : માત્ર 1 સલવાત 28

વાકેઆ 17 : ઈમામ હુસૈન(અ.સ.)ના ઝાએરોની મહેમાનનવાઝી માટે દિકરાના કાતિલને માફ કરી દીધો..... 29

વાકેઆ 18 : સલવાતની બરકતથી ફરિશ્તા લોકો માટે ઈસ્તીગ્ફાર કરે છે..30

વાકેઆ 20 : ખુબ જ ફાયદાવાળી સલવાત..... 34

વાકેઆ 21 : ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત અને ડૂબવાથી નજાત..... 34

વાકેઆ 22 : ઈમામ હુસૈન(અ.સ.)ની દુઆથી વરસાદ.....35

વાકેઆ 23 : લાઈલાજ બીમારીમાંથી શિફા મળી..... 36

વાકેઆ 24 : સ્વપ્નમાં મજલીસ..... 38

વાકેઆ 25 : હઝરત બીબી ફાતેમા માસૂમા સલામુલ્લાહ અલય્હાની કરામતથી શિફાનો બનાવ.....40

વાકેઆ 26 : ઈમામ હુસૈન તરફથી કાતિલથી બદલો અને હિદાયત..... 42

વાકેઆ 27 : ઈમામ હુસૈન(અ.સ.)ની મદદ કરવાની તમન્ના અને આખેરતમાં નજાત.....44

વાકેઆ 28 : હઝરત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન(અ.સ.)ની તુર્બતથી શિફા મેળવનારાઓ.....46

વાકેઆ 29 : કરબલાની પવિત્ર માટીની ધૂળ એક ગુનેહગાર શખ્સના જનાઝા પર પડી અને તે ધૂળની બરકતથી તેની મગફેરત થઈ.....47

વાકેઆ 30 : ખાકે કરબલાથી તરત મુકમ્મલ શિફા.....49

વાકેઆ 31 : હાજી શેખ જાફર શુશ્તરી(ર.અ.) પર ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત.....50

વાકેઆ 32 : હઝરત ઝુહૈર બિન કૈન (ર.અ.) લશ્કરે હુસૈનીના તબીબ, મજલીસે હુસૈનનું તબર્રુક બીમારીઓ માટે શિફાનો વસીલો 52

વાકેઆ 33 : ઈમામ હુસૈન(અ.સ.)ની ખાકે શિફાની બરકતથી મૌતથી નજાત53

વાકેઆ 34 : ઈમામ હુસૈન(અ.સ.) પોતાના ઝાએરની હિફાઝત કરે છે..... 54
વાકેઆ 35 : ખાકે શિફાની બરકતથી શિફા મળી, ઔલાદ મળી, હિદાયત પણ મળી.....57
વાકેઆ 36 : ઈમામ હુસૈન(અ.સ.)ના દુશ્મનનો અંજામ 58
વાકેઆ 37 : યા હુસૈન(અ.સ.)! યા તો મૌત, અથવા તો શિફા આપો..... 61
વાકેઆ 38 : પાણી પિવડાવવા (સક્કાઈ)નું કામ શરૂ કર્યું..... 63
વાકેઆ 39 : ઊભા થાવ અને મસાએબ પઢો..... 65
વાકેઆ 40 : માઁ-બાપનો એહતેરામ..... 68
વાકેઆ 41 : "જ્યાં મજલીસ, ત્યાં હાજરી – એક આશિકે હુસૈન અ.સ. પર ઈમામની ખાસ ઈનાયત"..... 70
વાકેઆ 42 : ઈમામ હુસૈન(અ.સ.) વિશે કિતાબ લખનારનો મકામ 71
વાકેઆ 43 : ઈમામ હુસૈન(અ.સ.)ના ઝાએરીન માટે તકલીફ સહન કરવી..72
વાકેઆ 44 : હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની પૈદલ ઝિયારત કરવાનો સવાબ73
વાકેઆ 45 : ઈમામ હુસૈન (અ.સ.) એ એક ઝાએરા અને મોહિબને કોઢમાંથી શીફા આપી 75
વાકેઆ 46 : UAE નો વાકેઆ, આશુરાના જુલુસમાં શિરકત કરનાર પર ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત 76
વાકેઆ 47 : આંસુ અને ગુનેહગાર ઔરતને હિદાયત.....78
વાકેઆ 48 : ઈમામ હુસૈન(અ.સ.)ની પ્યાસને યાદ કરીને રડનાર એક આલીમે દીનનો ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) શુક્રિયા અદા કરે છે.....79
વાકેઆ 49 : ક્યાંક તમે ઈમામ હુસેન(અ.સ.)ની ફરિયાદ તેમના વાલીદ પાસે ન કરી બેસો..... 81
વાકેઆ 50 : ઈમામ હુસૈન (અ.સ.)ની એક ઔરત પર ખાસ ઈનાયત..... 82

વાકેઆ 1 : સલવાતની બરકતથી ફરિશ્તો ફરી પોતાના મકામ પર પહોંચ્યો

મોટા ભાગની ભરોસાપાત્ર કિતાબો અને મિફ્તાહુલ્જન્નતમાં રિવાયત છે કે એક દિવસ જીબ્રઈલ (અ.સ.) પયગંબર હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) ની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી : "યા રસુલલ્લાહ સ.અ.વ! આજે મેં એક ખૂબ જ અજીબો ગરીબ વાકેઓ જોયો."

જિબ્રઈલ (અ.સ.) કહે છે: "જ્યારે હું આસ્માનમાંથી જમીન તરફ આવતો હતો, ત્યારે કાફ નામના પહાડ પરથી પસાર થયો. ત્યાં મને એક ભારે રડવાનો દુઃખદ અવાઝ સંભળાયો. હું નજીક ગયો, તો જોયું કે એક ફરિશ્તો જમીન પર પડેલો હતો, અત્યંત દુઃખી, થાકેલો અને તેની પાંખો તૂટી ગઈ હતી. જિબ્રઈલ કહે છે: "યા રસુલલ્લાહ! આ એ ફરિશ્તો છે જેને મેં અગાઉ આસ્માનમાં જોયો હતો. તે નૂરના તખ્ત પર બેસતો હતો, તેની આજુબાજુ 70000 ફરિશ્તાઓ સફમાં ઉભા રહેતા હતા અને જ્યારે તે શ્વાસ લેતો, ત્યારે તેના શ્વાસમાંથી નવા ફરિશ્તાઓ પેદા થતા હતા. પરંતુ હવે તે જ ફરિશ્તો જમીન પર પડેલો છે!"

જ્યારે મેં તે ફરિશ્તાને પુછ્યું કે શું થયું છે? ત્યારે તેણે દુઃખ સાથે કહ્યું: "મેઅરાજની પવિત્ર રાત્રે જ્યારે પયગંબર (સ.અ.વ.) આસ્માનમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે હું મારા તખ્ત પર બેઠો હતો. હું પયગંબર સ.અ.વ. ઈસ્તેકબાલ માટે યોગ્ય તઅઝીમ અને આદર કરવા માટે ઉભો ન થયો. આ મારી મોટી ભૂલ હતી, જેના કારણે અલ્લાહના હુકમથી મને આ સજા મળી પાંખો તૂટી ગઈ અને હું આસ્માનમાંથી પડીને જમીન પર આવી ગયો.

"યા જીબ્રઈલ! મહેરબાની કરીને મારી તરફથી અલ્લાહની બારગાહમાં રહેમ માટે દુઆ કરો."

જિબ્રઈલ (અ.) કહે છે: "મારાથી જે બન્યું એ રીતે મેં અલ્લાહ પાસે રડી રડીને દુઆ માંગી. પછી અલ્લાહ તરફથી હુકમ થયો કે: 'એ ફરિશ્તો જો

ઈખ્લાસ સાથે મારા હબીબ (મોહમ્મદ સ.અ.વ.) પર સલવાત મોકલે, તો હું તેને માફ કરી દઈશ. એટલે એ ફરિશ્તાએ ખાલિસ દિલથી પયગંબર (સઅવ) પર સલવાત મોકલી.:

اللَّهُمَّ صَلِّ عَلَى مُحَمَّدٍ وَآلِ مُحَمَّد

તરત જ એની તૂટી ગયેલી પાંખો પાછી આવી ગઈ, તેનો અગાઉનો મકામ અને મરતબો ફરી મળી ગયો અને તે જમીનથી ઉડીને ફરીથી પોતાની આસ્માનની બલંદીઓ પર પહોંચી ગયો અને મકામેં કુર્બ હાંસિલ થઈ ગયું.

(કશ્કોલન્નુર ભાગ 1 પેજ 30, દાસ્તાન હાય અઝ અનવારે આસમાની, દાસ્તાન નં.9)

વાકેઆ 2 : ઈમામ રેઝા અ.સ.ની ઝિયારતની ફઝીલત

હઝરત આયતુલ્લાહ શેખ મુરતઝા હાયરી યઝદી, જેઓ ઈમામ રેઝા અ.સ.ના અત્યંત આશિક હતા, ફરમાવતા: "અમે ચૌદ મઅસૂમીન અ.મુ.સ.ની મહોબ્બતને ઈમામ રેઝા અ.સ.માં સમાવી દીધી છે."

તેઓ વારંવાર ઈમામ રેઝા અ.સ.ની ઝિયારત માટે જતા અને ફરમાવતા: "દરેક વ્યક્તિ કયામત માટે કોઈને કોઈ અમલનો ઝખીરો તૈયાર કરે છે. મારો ઝખીરો તો ઈમામ રેઝા અ.સ. ની ઝિયારત છે." કહેવાય છે કે તેઓ લગભગ 70 વખત ઈમામ રેઝા અ.સ.ની ઝિયારત માટે મશહદ ગયા હતા.

તેમનો અને મરહૂમ આયતુલ્લાહ મરઅશી નજફી રહમતુલ્લાહ અલય્હ વચ્ચે એવો કરાર થયો હતો કે બંનેમાંથી જે પહેલા દુનિયામાંથી જશે, તે બીજાને સ્વપ્નમાં મળી આખેરતની સ્થિતિ વિશે જણાવશે.

આયતુલ્લાહ હાયરી યઝદીનું પહેલાં અવસાન થયું. ત્યારબાદ આયતુલ્લાહ મરઅશી નજફીએ તેમને સ્વપ્નમાં જોયા અને પૂછ્યું:

"બરઝખના શું સમાચાર છે?" તેમણે જવાબ આપ્યો: જ્યારે મારું મૌત થયું, ત્યારે બે ફરિશ્તાઓ હિસાબ કિતાબ માટે આવ્યા.એ જ સમયે મારી પાછળથી એક અવાજ સંભળાયો: 'ડરશો નહીં... ડરશો નહીં.' આ અવાજ સાંભળતાં જ મારો ડર ઓછો થઈ ગયો. પછી જેમ જેમ તે અવાજના માલિક નજીક આવ્યા, તેમ બંને ફરિશ્તાઓ પાછા ચાલ્યા ગયા અને મારો ડર સંપૂર્ણ રીતે દૂર થઈ ગયો.

મેં જોયું કે એક અત્યંત નૂરાની અને સુંદર હસ્તી મારી નજીક આવી અને ફરમાવ્યું: 'ડરી ગયા હતા?' મેં અરજ કરી: 'આકા! આજથી પહેલાં મને ક્યારેય આટલો ડર લાગ્યો નહોતો.' તેમણે ફરમાવ્યું: 'હવે તેઓ તને કોઈ તકલીફ નહીં આપે.' મેં પૂછ્યું: 'આપ કોણ છો?'

તેમણે ફરમાવ્યું: 'આ તો મારી ઝિયારતનો પહેલો બદલો છે. હું હજુ 69 વખત તારી મુલાકાતે આવીશ.' ત્યારે મને સમજાયું કે તેઓ ઈમામ રેઝા અ.સ. હતા, જેમની મોહબ્બત અને ઈનાયત બરઝખમાં પ્રવેશતાની સાથે જ મારા પર થઈ ગઈ. (સંદર્ભ : અઝ ઈહ્તિઝાર તા આલમે કબ્ર)

નોંધ: આ રિવાયત એક નેક વ્યક્તિના સ્વપ્ન અને અનુભવ તરીકે કિતાબોમાં લખવામાં આવી છે. તેને શરઈ અકીદો અથવા નિશ્ચિત ઐતિહાસિક હકીકત તરીકે નહીં, પરંતુ પ્રેરણાત્મક વાકેઆ તરીકે સમજવું જોઈએ.

વાકેઆ 3 : સલવાતની બરકત અને હિદાયત

કિતાબ હિકાયાતુસ્સાલેહીનમાં લખ્યું છે કે: એક ગરીબ મોઅમીન, જરૂરતમંદ અને પરિવારવાળો શખ્સ રિઝકની તલાશમાં ઘરની બહાર નીકળ્યો. પરંતુ તેને ખબર ન પડી કે ક્યાં જાય. એવામાં તેનો રસ્તો એક વાએઝની મજલીસની નજીકથી ગયો, જ્યાં વાએઝ હાજરજનોને સલવાત મોકલવા માટે પ્રોત્સાહન આપી રહ્યા હતા.

એ ગરીબ ત્યાં ઊભો રહ્યો અને સાંભળ્યું કે વાએઝ કહેતા હતા:

"સલવાત મોકલવામાં ક્યારેય કચાશ ન રાખવી જોઈએ. જો કોઈ પૈસાદાર શખ્સ પવિત્ર નબી (સ.અ.) પર સલવાત મોકલે, તો તેના માલમાં દૌલતમા બરકત થાય છે અને જો કોઈ ગરીબ દિલથી સલવાત મોકલે, તો ખુદાતઆલા આસ્માનમાંથી તેનું રિઝ્ક નાઝિલ કરે છે."

એ ગરીબ એ મજલીસમાંથી ગયો અને સતત સલવાત મોકલતો રહ્યો. ત્રણ દિવસ બાદ જ્યારે તે એક ખંઢેરમાંથી પસાર થતો હતો, ત્યારે તેનો પગ એક પથ્થર સાથે અથડાયો. પથ્થર ખસી ગયો અને તેના નીચે સોનાથી ભરેલો ઘડો દેખાયો.મજલીસમાં તો એ વ્યક્તિએ કહ્યું હતું કે :"મારું રિઝ્ક આકાશમાંથી આવવાનું છે, જમીન પરથી નહીં જોઈએ," અને પથ્થરને પાછો મૂકી દીધો અને ઘરે આવીને પોતાની પત્નીને આખી વાતચીત કહી.

તેનો પડોશી એક યહુદી હતો, જે ઘરની છત પર હતો. તેણે ગરીબની પત્ની સાથેની વાતચીત સાંભળી. તે તરત નીચે ઊતરી ખંઢેરમાં ગયો અને ઘડો ઉઠાવી ઘરે લાવ્યો. જ્યારે ઘડાનું ઢાંકણ ખોલ્યું, ત્યારે અંદર સાપો અને વીંછીઓ હતા!

યહુદીએ ગુસ્સામાં કહ્યું: આ પડોશી મુસલમાન અમારી સાથે દુશ્મની રાખે છે. જ્યારે હું છત પર હતો, ત્યારે તેને ખબર પડી ગઈ હશે અને તેણે એ વાત એવી રીતે કહી કે હું લાલચમાં આવી ઘડો લઈ આવું અને મને નુકસાન થાય. હવે હું એ ઘડો છત પર લઈ જઈને તેની ઘરના રોશનદાનમાંથી અંદર ખાલી કરી દઈશ, જેથી જે નુકસાન તેણે મારૂ ઈચ્છ્યું, તે પોતે ભલે સહન કરે

જ્યારે યહુદી ઘડો લઈને છત પર ગયો, ત્યારે ગરીબની પત્ની પતિને કહી રહી હતી: "શું યોગ્ય છે કે તું સોનાથી ભરેલો ઘડો જોઈને પણ મૂકી દે

અને આપણે આફત-તંગદસ્તીમાં જીવીએ?" પતિએ જવાબ આપ્યો:"મને ઉમ્મીદ છે કે અમારી દૌલત આસ્માનમાંથી આવશે."

તરતજ, યહુદીએ ઘડાનું ઢાંકણ ખોલ્યું અને ઘડાને ઊંધો કર્યો અને ગરીબે તેની પત્નીને અવાજ કર્યો: "! જુઓ, આ તો સોનાના સિક્કાં છે, જે આકાશમાંથી વરસી રહ્યા છે!" એ સિક્કાં ઉઠાવતો ગયો અને સતત સલવાત મોકલતો રહ્યો.

જ્યારે યહુદીએ જોયું કે ઘડામાંથી સોનું વરસી રહ્યુ છે, તો તેણે ફરીથી તપાસ કરવા ઘડો ઉઠાવ્યો પણ અંદર ફરીથી સાપ અને વીંછીઓ દેખાયા. પછી બચેલું બધું પણ ગરીબના ઘરમાં નાખી દીધું અને બધું શુદ્ધ સોનું બની ગયું!

યહુદીને સમજાય ગયું કે આ કોઈ ઈલાહી રહસ્ય છે જે ખુલ્લું થયું છે. તેના મનમાં આવી ગયું કે આ તો એ જ મોજીઝો છે, જે નબી મૂસા (અ.સ.)ના સમયમાં નીલ નદીના જેવોહતો, જ્યાં એ પાણી ઈમાનવાળાઓ માટે પાણી હતું અને કાફિર માટે લોહી!

યહુદીએ તરત જ ગરીબને છત પર બોલાવ્યો, અને તેના હાથે કલમો પઢી મુસલમાન બની ગયો.અને આ રીતે સલવાતની બરકતથી ગરીબને દૌલત પ્રાપ્ત થઈ અને યહુદીને ઈમાનની હિદાયત મળી.

(આસાર વ બરકાતે સલવાત દર દુનિયા,બરઝખ વ કયામત,ખઝીનતુલ હિકાયાત, પેજ 102. સલવાત ઔર મુશ્કેલાત કા હલ, સલીમ અલવી, હિકાયાતુસ્સાલેહીન)

વાકેઆ 4 : જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) ની બરકતથી શીઆ બન્યા

તેહરાનના એક મશહુર અને મારુફ વાએઝ મીમ્બર પર ફરમાવતા હતા:

તેહરાનના એક વેપારીએ મને કહ્યું:

હું દર વર્ષે મક્કા મોઅઝ્ઝમા જતો અને મદીનાએ મુનવ્વરા ખાતે એક દરજીના ઘરે રહેતો. દિવસ દરમ્યાન હું તેની દુકાનના દરવાજા પાસે બેસતો.

એક દિવસ મેં તેને કહ્યું: "હે મારા મેંઝબાન, હું ઘણાં વર્ષોથી મદીનામાં તારા ઘરે આવું છું અને તું પણ તેહરાનમાં મારા ઘરે મહેમાન બને છે. મને તારી પાસેથી એક સવાલનો જવાબ જોઈએ છે."

તે બોલ્યો: "પૂછો."

મેં કહ્યું: "આ મદીના મુનવ્વરામાં મઝહબના દરેક મહાન વ્યક્તિની કબર સ્પષ્ટ અને જાણીતી છે, પરંતુ મને કહો કે બીબી ફાતેમા ઝહરા (અ.સ.) ની કબર ક્યાં છે?"

જ્યારે તે દરજીએ આ વાત સાંભળી, ત્યારે તેણે હાથ કપાળ પર મૂક્યો અને વિચારમાં પડી ગયો.

હાજી કહે છે: મારું આખું શરીર ડરથી કંપી ઉઠ્યું. તરત જ ઘરે પાછો આવ્યો, સામાન બાંધ્યો અને તેહરાન તરફ રવાના થઈ ગયો.

કેટલાક દિવસો પછી, જ્યારે હું મારા બિઝનેસની ઓફિસમાં બેઠો હતો, અચાનક તે દરજી હાજી અંદર આવ્યો, સલામ કરી અને કહ્યું: "તમે ડરી ગયા અને મદીનામાંથી ભાગી ગયા?"

મેં કહ્યું: "સાચું કહું તો હા."

તે બોલ્યો: "હે હાજી અહમદ! જાણ કે બીબી ફાતેમા ઝહરા (સ.અ.) ની કબર છુપાયેલી હોવાના કારણે હું અને ઘણા લોકો શીઆ બની ગયા."

કારણ કે તમે તે દિવસે ગયા પછી, હું કાઝીઓ પાસે ગયો અને એ જ સવાલ કર્યો. તેઓએ અલગ-અલગ જવાબ આપ્યા.

અંતે હું હિજાઝના કાઝી-અલ-કુઝ્ઝાત (મુખ્ય ન્યાયાધીશ) પાસે ગયો અને તેને પૂછ્યું: એક શીઆએ આ સવાલ કર્યો છે. કે

"આ મદીના મુનવ્વરામાં મઝહબના દરેક મહાન વ્યક્તિની કબર સ્પષ્ટ અને જાણીતી છે, પરંતુ મને કહો કે બીબી ફાતેમા ઝહરા (અ.સ.) ની કબર ક્યાં છે?"

કાઝીએ કહ્યું: "ફાતેમા ઝહરા (સ.અ.) ની કબર છુપાયેલી છે."

મેં પૂછ્યું: "શા માટે?"

તે બોલ્યો: "કારણ કે બીબીએ પોતે વસીયત કરી હતી કે મને રાત્રે દફનાવજો, જેથી દુશ્મનો મારા જનાઝા અને નમાઝમાં હાજર ન રહે."

મેં ફરી પૂછ્યું: "આ વસીયત શા માટે કરી?"

તે બોલ્યો: "કારણ કે કેટલાક લોકોએ તેમને ખૂબ સતાવ્યા અને દુઃખ આપ્યું હતું."

અંતમાં, ઘણી તપાસ બાદ, મારા માટે આ બીબીની મઝલૂમિયત સાબિત થઈ. એટલે, તેમની કબર છુપાયેલી હોવાના કારણે અમે શીઆ બની ગયા. સલવાત

(કરામતે ફાતેમિય્યહ અલયહસ્સલામ મોઅજીઝાતે ફાતેમા ઝહરા અલયહસ્સલામ બાદ અઝ શહાદત, દાસ્તાન નં. 21, લેખક: અલી મીર ખલફ ઝાદેહ)

વાકેઆ 5 સલવાત અને 20,000 વરસની ઈબાદત

રસુલે ખુદા(સ.અ.વ.) જ્યારે શબે મેઅરાજ ચોથા આસ્માન પર ગયા તો એક ફરિશ્તાને જોયો જે તેની સામે રાખેલ એક તખ્તીમાં જોઈ રહ્યો હતો અને તેની આંખોમાંથી પાણી નીકળી રહ્યું હતું અને તેણે રસુલે ખુદા(સ.અ.વ.) તરફ તવજ્જોહ ન કરી જેથી તઅઝીમ કરે.

જીબ્રઈલ(અ.સ.) એ તેની પાંખને ઊંચી કરી જેથી તે મોતવજ્જેહ થાય અને હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં આવે અને અદબનો ઈઝહાર કરે.

તે ફરિશ્તો મોતવજ્જેહ થયો અને હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં આવ્યો અને માફી ચાહી અને કહ્યું કે તખ્તીમાંથી એટલુ બધું

નૂર નીકળતું હતું કે હું તમને જોઈ ન શક્યો અને મુતવજ્જેહ ન થયો.

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ પુછ્યું : આ તખ્તીમાં શું લખેલું છે ?

તેણે કહ્યું : લા એલાહ ઈલ્લલ્લાહ, મોહમ્મદુર રસુલુલ્લાહ,

અલીય્યુન વલીયુલ્લાહ

પછી તે ફરિશ્તાએ હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ને કહ્યું કે મારી પાસે 2 રકાત નમાઝ છે કે જેને મેં અલ્લાહના હુકમથી 20000 વર્ષમાં પઢી છે, 5000 વર્ષ કયામમાં અને 5000 વર્ષ રૂકુઅમાં અને 5000 વર્ષ સજદામાં અને 5000 વર્ષ તશહ્હુદમાં પસાર કરી, આ નમાઝનો સવાબ હું તમને હદિયો કરૂ છું કે મારી ભૂલ માફ કરો.

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યુ: મને તારી ઈબાદતની જરૂર નથી

તે ફરિશ્તાએ કહ્યું : "હું તેનો સવાબ આપ(સ.અ.વ.)ની ઉમ્મતને આપુ છું."

હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું : મારી ઉમ્મતને તારી આ 20000 વર્ષની નમાઝની જરૂર નથી.

"અલ્લાહની ઈઝ્ઝતની કસમ ! મારી ઉમ્મતમાંથી કોઈ ગુનેહગાર જ્યારે 1 વાર સલવાત પઢે છે, તો તેનો સવાબ તારી આ 20000 વર્ષની ઈબાદત કરતા વધારે છે."

(શર્હ વ ફઝાએલે સલવાત, પેજ 115)

વાકેઆ 6 : ઝાએરે ઈમામ હુસૈન(અ.સ.) માટે છાંયો કરનાર

"કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ" કિતાબના લેખક સૈયદ મોહમ્મદ મતીનપૂર કહે છે કે: હું અમુક દોસ્તોની સાથે પૈદલ સફર દરમિયાન આરામ કરવા માટે એક મૌકિબમાં ગયો. ત્યાં યઝ્દના રહેવાસી એક ભાઈ હતા, જેમની ઉંમર અંદાજે 80 વર્ષ હતી. તેમની હાલત પરથી

સ્પષ્ટ લાગતું હતું કે તેઓ ખૂબ જ ઝાહિદ અને ઈબાદતગુઝાર વ્યક્તિ હતા.

તેઓ રડતા-રડતા પોતાની મીઠી યઝ્દી બોલીમાં કહેતા હતા: "આકા! હું તમારા પર અને આવા તમારા અસ્હાબ તથા અન્સાર પર કુરબાન જાઉં. કાશ! આટલી મોટી ભીડ કરબલામાં તમારી સાથે હોત, તો એક પણ કાફિરને જીવતો ન છોડત અને તમારા પ્રિયજનોને શહીદ થવા ન દેત ."

મેં તેમને કહ્યું: "લોકો ઈમામ હુસૈન અ.સ. માટે પોતાની જાન અને માલ બંને કુરબાન કરવા તૈયાર છે." તેમણે કહ્યું: "મારી વાત અલગ છે." મેં કહ્યું: "જો શક્ય હોય તો મહેરબાની કરીને જણાવો."

તેઓ રડતાં-રડતાં કહેવા લાગ્યા: "હું નબળો છું અને થોડું ચાલ્યા પછી જ મને આરામ કરવાની જરૂર પડે છે. તેથી મેં નક્કી કર્યું કે દર 8 પોલ પછી, ઈમામ રેઝા અલૈહિસ્સલામના નામે થોડું ચાલું, પછી બેસી જાઉં, કુરઆનની એક સૂરા પઢું અને ત્યારબાદ ફરી આગળ વધું."

એક વખત જ્યારે હું આરામ કરવા બેઠો હતો, ત્યારે મેં જોયું કે એક યુવાન મારા માથા ઉપર ઊભો છે. અલ્હમ્દોલિલ્લાહ, લોકોની ભીડ ઘણી હતી અને રસ્તાનો મોટો ભાગ લોકોથી ભરેલો હતો. મેં મનમાં વિચાર્યું કે કદાચ આ ભાઈએ પણ પાછળથી જવાનો રસ્તો પસંદ કર્યો હશે.

હું ફરી આગળ ચાલ્યો. બીજા વિરામ વખતે જ્યારે બેસવા ગયો, ત્યારે ફરી જોયું કે એ જ યુવાન મારા માથા ઉપર ઊભો છે. મેં મનમાં કહ્યું કે કદાચ આપણે સાથે ચાલ્યા છીએ અને તે પણ થાકી ગયો હશે, તેથી અહીં ઊભો છે. આ રીતે ઘણી વખત જ્યા હું રોકાયો, ત્યારે મેં તેને મારા માથા ઉપર ઊભેલા જોયા. આ વખતે મને લાગ્યું કે કદાચ તેમને કોઈ કામ હશે. તેથી મેં પૂછ્યું: 'આકા! તમને કોઈ કામ છે?'

તેમણે કહ્યું: "ના, ફક્ત દુઆની ઈલ્તેજા. મહેરબાની કરીને ફરજ (હઝરત ઈમામ મહદી (અ.ત.ફ.શ.)ના જલ્દી ઝુહૂર માટે દુઆ કરજો." મેં કહ્યું: "બેશક. પરંતુ જ્યારે પણ હું રોકાઉં છું, ત્યારે ઘણી વખત તમને મારા માથા ઉપર ઊભેલા જોઉં છું."

તેમણે કહ્યું: ઘણી વખત નહીં, તેના કરતાં પણ વધારે વખત. તમને તો હવે ધ્યાન આવ્યું છે. મેં પૂછ્યું: તમારો અર્થ શું છે? તેમણે કહ્યું: "મારી ઈચ્છા હતી કે આ રાહમાં હું કોઈ ખિદમત કરું. પરંતુ આર્થિક રીતે તે મારા માટે શક્ય ન હતું. હું વિચારતો હતો કે શું કરું? પછી મેં તમને જોયા કે તમે નબળા અને અશક્ત છો, દર થોડા મિનિટે આરામ કરો છો અને તડકો પણ સહન કરી શકતા નથી. મેં મનમાં કહ્યું કે આ ખિદમત માટે પૈસાની જરૂર નથી. તેથી તમને ખબર ન પડે એ રીતે હું તમારા માથા ઉપર ઊભો રહેતો હતો, જેથી હું તમારે માટે છાંયો બની શકું, તડકો તમને તકલીફ ન આપે અને તમે શાંતિથી કુરઆન પઢી શકો.

જ્યારે કે તડકાને કારણે તેનું આખું શરીર પરસેવાથી ભીનું થઈ ગયું હતું, ત્યારે તેઓ કહેતા હતા: "આકા! હું તમારા ઝાએર માટે છાંયો બન્યો છું, જેથી તમે કયામતના સખત ગરમીથી મારી હિફાઝત કરજો."

(કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ દાસ્તાન નંબર: ૧૨)

વાકેઆ 7 સલવાત વડે અસાધારણ શક્તિ પ્રાપ્ત કરવી

હઝરત ઈમામ રેઝા(અ.સ.) પાસે એક ખૂબ જ જીદ્દી ઘોડો હતો, જે કોઈને પણ નજીક આવવા દેતો ન હતો અને તેની સવારી કરવાની કોઈનામાં હિંમત ન હતી. જો કોઈ તેના પર ચઢવા પ્રયત્ન કરતો, તો તે ફેંકી દેતો અથવા તેને દબાવી નાખવાનો ભય રહેતો.

એ સમયે એક સાત વર્ષનો નાનો છોકરો ઈમામ (અ.સ.) પાસે આવ્યો અને ઘોડા પર સવારી કરવાની મંજૂરી માંગી. ઈમામ (અ.સ.) એ નવાઈપૂર્વક

પુછ્યું: "શું તું ખરેખર આ ઘોડાને કાબૂમાં રાખી શકીશ?"

છોકરાએ આત્મવિશ્વાસભર્યા અવાજમાં જવાબ આપ્યો: " મેં ઘોડા પર સવારી કરવાની નિય્યતથી મોહમ્મદ (સ.અ.વ.) અને તેમની પવિત્ર આલ પર 100 વખત સલવાત મોકલી છે અને તમારી વિલાયતની તજદીદ કરી છે."

ઈમામ (અ.સ.) એ તે છોકરાને મંજૂરી આપી. છોકરો માત્ર ઘોડા પર સવાર જ ન થયો, પરંતુ તેના પર સંપૂર્ણ કાબુ મેળવી લીધો અને તેને દોડાવવાનું શરૂ કર્યું. લાંબા સમય સુધી દોડ્યા પછી ઘોડો થાકી ગયો અને ઈમામ (અ.સ.) પાસે ફરીયાદ કરવા લાગ્યો:

"અલ્લાહના હબીબ રસુલ (સ.અ.વ.)ના ફરઝંદ! આ છોકરાએ મને ખૂબ પરેશાન કરી નાખ્યો છે, મહેરબાની કરીને મને બચાવો!"

ઈમામ (અ.સ.) એ ઘોડા માટે દુઆ કરી. ઘણા સમય પછી જ્યારે છોકરો નીચે ઉતર્યો, ત્યારે ઈમામ (અ.સ.) એ તેને કહ્યું: "તું મારાથી જે ઈચ્છે તે માંગી લે." છોકરાએ વિનંતી કરી: " યા મૌલા તમે મારા માટે દુઆ કરો."

ઈમામ (અ.સ.) એ મુસ્કુરાઈને કહ્યું: "તારી દુઆઓ કબુલ થઈ ગઈ છે."

(બેહારૂલ અનવાર 72/416)

આ દાસ્તાનમાંથી શીખવા જેવી વાતો:

સલવાત દ્વારા કોઈ પણ અડચણ કે મુશ્કેલીનો સામનો કરી શકાય છે, પછી તે જીદ્દી પ્રાણીઓ હોય કે અતિશય અભિમાની શાસકો.

સલવાત એક શક્તિશાળી હથિયાર છે, એહલે બૈત (અ.સ.) સાથેની મોહબ્બત અને સલવાત એ અમૂલ્ય દૌલત છે, જે બાળકોને મોટી તાકાત અને હિંમત આપે છે. આ દૌલત આપણે બાળકોને બાળપણથી જ આપવી જોઈએ, જેથી તે કદી ખોઈ ન બેસે. જો આ સંસ્કાર બાળપણમાં જ દ્રઢપણે રોપી દેવામાં આવે, તો તે જીવનભર તેમના માટે હિદાયત બની રહે છે.

બાળકોને સલવાતની આદત પાડવી જોઈએ.

વાકેઆ ૪ : ઘાયલ પગને અરબઈનના પૈદલ સફરમાં શિફા મળી

એક બુઝુર્ગવાર દીનદાર અને વિલાયત પર અડગ ઈમાન ધરાવનાર વ્યક્તિ, જેમનું નામ હાજી આકા યદુલ્લાહ બદીઈ હતું અને જેઓ શહીદ અલી અકબર બદીઈના વાલીદ હતા, તેઓ ઈસ્ફહાનના અહમદ આબાદ રોડ, ગુલઝાર સ્ટ્રીટ, ગલી નં. 43, મકાન નં. 21માં રહેતા હતા.

આ બુઝુર્ગવાર, દર મંગળવારે સવારે યોજાતી દુઆએ તવસ્સુલની મજલીસમાં નિયમિત હાજરી આપતા હતા. તેમની ઉંમર અંદાજે ૪૦ વર્ષ હતી અને વજન લગભગ 100 કિલો હતું. તેમને વેરિકોઝ વેઈન તથા ચાલવામાં મુશ્કેલી જેવી બીજી બીમારીઓ પણ હતી.

ઈ.સ. 2019ના અરબઈનના મૌકા પર તેઓને આ રસ્તા અને અરબઈનની પૈદલ સફર પ્રત્યે ખૂબજ મહોબ્બત હતી. તેમના ડૉક્ટરે તેમને આ સફર કરવાની મનાઈ કરી હતી અને કહ્યું હતું કે કદાચ બીજી પણ તકલીફો થઈ શકે. છતાં તેમણે સફરમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો. તેમણે કહ્યું હતું કે હું શરૂઆતથી જ ગાડીમાં બેસી જઈશ. આ વાતથી તેમણે પોતાના સગાઓ અને ડૉક્ટરને સંતોષ આપ્યો અને થોડા સાથીઓ સાથે પોતાના ઘરેથી સફર માટે નીકળી પડ્યા.

સફરની શરૂઆતમાં તેમણે કહ્યું: હું અમુક પગલા ચાલી લઉં, પછી ગાડીમાં બેસી જઈશ. તેઓ એક-બે પોલ સુધી ચાલ્યા. પછી પોતાના હાથમાં રહેલા રૂમાલથી ચહેરાનો પરસેવો લૂછીને તે રૂમાલ પોતાના પગ પર ફેરવ્યો અને અરજ કરી: "આકા! આ પગ આપના શહેરમાં આપની મજલીસોમાં આવતા રહ્યા છે. હવે આપની મોહબ્બતમાં હું પૈદલ આપના હરમ સુધી પહોંચવા માંગું છું. આપને હઝરત સકીના(અ.સ.)ના નાજુક પગમાં પડેલા ઝખ્મોનો વાસ્તો, અલ્લાહ પાસે દુઆ કરો કે મારા પગને શિફા મળે અને મને ચાલવાની તાકાત અને શક્તિ મળે જેથી હું તમારી ખિદમતમાં પહોંચી શકું."

તેઓ પોતે કહે છે અને તેમના સાથીઓ પણ તેની સાબિતી આપે છે કે હાજી આકામાં એવી શક્તિ આવી ગઈ હતી કે તેઓ અમારી સાથે કદમથી કદમ મિલાવીને ચાલતા હતા. દરેક મિનિટે તેમના પગ વધુ સારા થતા જતા હતા. પાછા ફર્યા ત્યારે તેમના પગમાં સોજો કે ઝખમનું કોઈ નિશાન જ બાકી રહ્યું ન હતું.

જે લોકો તેમને મળવા આવતા અને તેમના પગ જોતા, તેઓ આ અઝીમ ઈમામ(અ.સ.)ની અઝમત અને આ સફરની અસરોને સમજી શકતા હતા.

(કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ, દાસ્તાન નંબર: 15)

વાકેઆ 9 : એક ઈસાઈ ઔરત જેણે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની મુસીબતો સાંભળીને ઈસ્લામ કબૂલ કર્યો

હઝરત આયતુલ્લાહુલ ઉઝ્મા બહબહાની અ.ર. સન ૧૩૪૮ પહેલાંથી પોતાના ઈન્તેકાલ સુધી ઉનાળાના દિવસોમાં અહવાઝથી ઈસ્ફહાનની મુશીર શેરીમાં તશરીફ લાવતા હતા. ત્યાં મદ્રેસા-એ-ઈલ્મિયાહની સામે એક મકાન હતું, જ્યાં તેઓ રહેતા કરતા હતા.

દિવસ દરમિયાન આલીમો અને તોલબા દર્સ લેવા અથવા પોતાના દર્સ સંબંધિત સવાલો પૂછવા માટે તેમની ખિદમતમાં હાજર થતા. એક રૂહાની આગા પણ હતા, જેમનું નામ હાજી આગા કિયાની હતું, જે ઈસ્ફહાનમાં રહેતા હતા. તેઓ આયતુલ્લાહ બહબહાનીની ઓફિસના જવાબદાર વ્યક્તિ હતા.

સવારે ઓફીસ દરેક સામાન્ય વ્યક્તિની માટે મુલાકાત ખુલ્લી રહેતી. મારું ઘર અને કામનું સ્થળ પણ ત્યાં નજીક હોવાથી, મને પણ કેટલાક દિવસો તેમની ખિદમતમાં હાજર થવાની અને તેમની અન્ય લોકો સાથેની વાતચીતમાંથી ફાયદો હાંસિલ કરવાની તૌફીક મળતી.

એક દિવસ કોઈ પ્રસંગે તેમણે આ રીતે ફરમાવ્યું: એક દિવસ અહવાઝમાં એક યુવાન મારી પાસે આવ્યો અને તેણે મને એક થેલી આપી. તેણે કહ્યું: "હાજી આગા! આ બધું ફક્ત ઈમામ હુસૈન અલૈહિસ્સલામના કાર્યો માટે જ ખર્ચ કરજો અને બીજા કોઈ કામમાં તેનો ઉપયોગ કરશો નહીં."

મેં થેલી ખોલી તો તેમાં સોનું અને ઝવેરાત હતું. મેં પૂછ્યું: "આ કોનું છે? અને ફક્ત ઈમામ હુસૈન અલૈહિસ્સલામ માટે જ શા માટે ખર્ચ કરવાનું?"

ખૂબજ આગ્રહ પછી તેણે કહ્યું: યુનિવર્સિટીમાં મને એક ઈસાઈ યુવતી સાથે મોહબ્બત થઈ ગઈ. મેં તેના માતા-પિતા પાસે તેનો હાથ માગ્યો. તેમણે કહ્યું: "તું મુસ્લિમ છે અને અમે મુસ્લિમો સાથે નિકાહ કરતા નથી."

હું પાછો ફર્યો, પરંતુ થોડા સમય પછી પણ હું તેને ભૂલી શક્યો નહીં. ફરી એકવાર હું તેમના ઘરે ગયો અને દેખાવ માટે કહ્યું: "હું મુસ્લિમ નથી, હું પણ તમારા જ મઝહબનો છું."

તેમણે કબૂલ કરી લીધું અને અમારા લગ્ન થઈ ગયા.

લગ્નના થોડા મહિનાઓ પછી, એક રાત્રે મેં જોયું કે હું ખૂબ જ ઉદાસ અને પરેશાન છું. મારું મન થતું હતું કે કોઈ ખૂણામાં બેસીને રડું.

મને ખૂબ આશ્ચર્ય થયું કે મારી આ કેવી સ્થિતિ થઈ ગઈ છે? એવું શું બન્યું છે કે જેના કારણે મારી રૂહ આટલીગમગીન અને પરેશાન થઈ ગઈ છે?

મારી નજીક એક કેલેન્ડર પડ્યું હતું. મેં તે ઉઠાવ્યું અને જોયું તો આજે આશૂરાની રાત છે.

મકાનની નીચે એક નાનો ઓરડો હતો. મેં મારી પત્નીને કહ્યું "આજે રાત્રે મને એક કામ કરવાનું છે. હું અભ્યાસ કરવા માટે નીચેના રૂમમાં જવા માંગું છું. મહેરબાની કરીને મને કોઈ કામ માટે બોલાવશો નહીં."

હું તે રૂમમાં ગયો. એક કાળા રંગનો કપડાનો ટુકડો લાવ્યો અને તેને દિવાલ પર લગાવ્યો. પછી તે કાળા કપડાની નીચે બેસીને ઈમામ હુસૈન (અ.સ.) સંબંધિત ઝિયારત અને મરસિયા પઢવા લાગ્યો અને ખૂબ જોર જોરથી રડવા લાગ્યો.

મને તે સમય યાદ આવવા લાગ્યો જ્યારે પહેલાં મારા શહેર અને વતનમાં આવી જ રાત્રે હું અઝાદારીની મજલિસોમાં અને માતમી જુલૂસોમાં જતો હતો. પરંતુ હવે અહીં એવો કોઈ માહોલ નથી અને હું અઝાદારીથી વંચિત થઈ ગયો .

તે દરમિયાન મારી પત્ની રૂમમાં આવી. જ્યારે તેણે આ દૃશ્ય જોયું ત્યારે તેને ખૂબ આશ્ચર્ય થયું. તેણે પૂછ્યું: "તમે શા માટે રડો છો? અને આ કાળું કપડું દિવાલ પર શા માટે લગાવ્યું છે?"

શરૂઆતમાં મેં કંઈ કહ્યું નહીં અને શાંત થવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મારું રડવાનું બંધ થતું ન હતું. તે ખૂબ પરેશાન થઈ ગઈ. તેણે ફરીથી ખૂબ આગ્રહ કર્યો અને કસમ આપીને પૂછ્યું કે તમને શું થયું છે. તમે આટલું બધું શા માટે રડો છો.?

મેં કહ્યું: "હકીકતમાં હું મુસ્લિમ છું. તારી સાથે લગ્ન કરી શકું તે માટે મેં જૂઠું કહ્યું હતું અને આજે રાત્રે મુસ્લિમોના ઈમામ અને રહબરની શહાદતની રાત છે." તેણે કહ્યું: "આ બાબત વિશે મને વધુ જણાવો."

મેં કહ્યું: "તેઓ અમારા શિયા લોકોના ત્રીજા ઈમામ છે. દુશ્મનોએ તેમને ભૂખ્યા અને તરસ્યા શહીદ કરી દીધા. તેમના દૂધ પીતા બાળકને પણ ભૂખ્યા અને પ્યાસા શહીદ કરી દીધા. તેમનો એક યુવાન પુત્ર હતો, તેને પણ ભૂખ્યા અને પ્યાસા શહીદ કરી દીધા, તેમના શરીરને ઘોડાઓના ટાપોથી કચડી નાખવામાં આવ્યું. તેમના ભાઈઓને શહીદ કરવામાં આવ્યા અને તેમની ઔરતો, બાળકો તથા તેમની બેહનોને કૈદી બનાવવામાં આવ્યા."

ત્યાર બાદ મેં તેમને ઈમામ હુસૈન(અ.સ.) પર થયેલી અન્ય મુસીબતો પણ સંભળાવી. હું આ બયાન કરી રહ્યો હતો ત્યારે મેં જોયું કે તે પણ રડી રહી છે.તેની આંખોમાંથી આંસુઓ વહી રહ્યા છે . મેં પૂછ્યું: "તું શા માટે રડે છે ?" તેણે કહ્યું: "હું તેમની મઝલુમીય્યત પર રડું છું. એક જ દિવસે તેમણે કેટલા બધા દુઃખો અને ઝખ્મોને સહન કર્યા! તેઓ ઈતાઅત અને રેહનુમા છે. હું પણ મારા માતા-પિતાને અને બીજા કોઈને જાણ કર્યા વગર તમારા મઝહબમાં અપનાવી મુસ્લિમ શીઆ બનવા માંગું છું."

તે રાત્રિ પછી અમે દરરોજ બે કલાક સુધી દીને મુકદ્દસે ઈસ્લામ અને ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદત વિશે વાતો કરતા હતા. હું તેના માટે હઝરતના હરમ અને મુકદ્દસ રોઝાના ફોટા શોધીને લાવતો હતો.

તેણી ઝિયારતની એટલી બધી આશિક બની ગઈ કે દરરોજ કહેતી: "મને હઝરતની ઝિયારત માટે લઈ જાઓ." પરંતુ કેટલાક કારણોસર તે શક્ય બનતું નહોતું. આખરે તેના ખૂબ આગ્રહ પછી અને કેટલીક મુશ્કેલીઓ દૂર થતાં અમે સફર માટે તૈયાર થઈ ગયા. અમે પરિવારજનોને બીજું કોઈ સ્થળ જણાવ્યું અને સફર માટે નીકળી પડ્યા.

પરંતુ અફસોસ, રસ્તામાં જ તેણી બીમાર પડી ગઈ અને અમારે અમારા ઘરે પાછું ફરવું પડ્યું. એક-બે દિવસ પછી તેમનો ઈન્તેકાલ થઈ ગયો.

તેમના ઈન્તેકાલ પહેલાં તેણે મને કહ્યું: "જો મારો ઈન્તેકાલ થઈ જાય, તો મારું બધું સોનું અને ઝવેરાત ઈમામ હુસૈન અલૈહિસ્સલામની રાહમાં ખર્ચ કરી દેજો." તેના ઈન્તેકાલ પછી તેમના સગાઓએ પોતાની પરંપરા મુજબ તેણીને પોતાના કબ્રસ્તાનમાં દફનાવ્યા.

અમુક રાતો પછી મેં તેણીને ખ્વાબમાં જોઈ. તેણી એક ખૂબ જ સુંદર અને શાંતિભર્યા બાગમાં હતી. મેં પૂછ્યું: "શું થયું ?"

તેણે કહ્યું: "મને ઈસાઈ રીત-રિવાજ મુજબ દફનાવવામાં આવી હતી. પછી એક મહાન વ્યક્તિ કબ્રમાં જાહેર થયા અને એક ફરિશ્તાને, જેનું નામ

જાણે મલક-એ-નક્કાલાહ હતું, ફરમાવ્યું: 'તે અમારી ઝાએર રહી છે અને શીઆ છે. તેનું સ્થાન અહીં નથી. તેને તેના યોગ્ય સ્થાન પર લઈ જાઓ.'

પછી તેઓ મને અહીં લઈ આવ્યા." પછી તેણીએ મને કહ્યું: "તમેં મારી વસીયત ભૂલતા નહીં." આથી આ ઝવેરાત મારી મરહુમ પત્નીના છે. મહેરબાની કરીને તેને ફક્ત ઈમામ હુસૈન(અ.સ.)ની રાહમાં જ ખર્ચ કરજો.

અય પરવરદિગાર! અમારી તારી પાસે ફક્ત એટલી જ તમન્ના છે,કે જ્યારે અમારો ઈન્તેકાલ થાય ત્યારે અમારી દફન કરવાની જગ્યા કરબલા કરાર દેજે. (કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ, દાસ્તાન નં. 10)

વાકેઆ 10 : સલવાત થકી મુશ્કેલ કામ આસાન થાય છે.

રસુલે ખુદા (સ.અ.વ.) : જ્યારે અલ્લાહ તબારક વ તઆલાએ અર્શને પૈદા કર્યું અને તેના માટે 360000 રૂકન (piller) કરાર દીધા અને આ દરેક રૂકનના કિનારે 360000 મહાન ફરિશ્તાઓ પૈદા કર્યા અને આ ફરિશ્તામાં સૌથી નાના ફરિશ્તાને છુટ આપવામા આવે કે આસ્માન અને ઝમીનને ગળી જા તો તેના બે હોઠની દરમ્યાન આસ્માન અને જમીન એવી રીતે થઈ જાય કે જેમ વિશાળ રણમાં રેતીનો કણ હોય.

પછી અલ્લાહ તઆલાએ તે ફરિશ્તાઓને હુકમ આપ્યો કે મારા અર્શને ઉપાડો તેઓ ઉપાડવા ઊભા થયા પણ ઉઠાવી શકયા નહીં, બલ્કે હલાવી પણ શક્યા નહીં

ખુદાવંદે આલમે બીજા એટલીજ સંખ્યામાં ફરિશ્તાઓ પેદા કર્યા જે તેમની મદદ કરે તેઓ બધા સાથે મળીને પણ અર્શને હલાવી શકયા નહીં

ત્યાર બાદ ખુદાવંદે આલમ તેઓ બધાને હટી જવા કહ્યું "તમે તેને છોડી દો હુ મારી અમર્યાદિત કુદરત વડે સંભાળ લઉ છુ ત્યારે ફરિશ્તાઓ એક તરફ ચાલ્યા ગયા અને અલ્લાહે તેની કુદરત વડે તેની સંભાળ લીધી પછી ફરમાવ્યું કે તમો 8 ફરિશ્તા તમારા ખભા ઉપર મારા અર્શને ઉઠાવો

તેઓએ કહ્યું અમે આટલા બધા સાથે ના ઉપાડી શક્યા તો અમે

એકલા 8 જણાં કેમ ઉઠાવી શકશું ?! તે સમયે અલ્લાહે કહ્યું કે હું દુરને નઝદીક, ભારેને હળવું અને સખ્તને આસાન કરું છું, હું જે ચીઝનો ઈરાદો કરું છું તે અંજામ આપું છું હું તમને અમુક કલેમાત શીખવું છું, તે પઢો અને આરામથી તેને ઉઠાવી લો."

ફરિશ્તાઓ એ કહ્યું : 'તે કલેમાત શુ છે ?'

અલ્લાહે ફરમાવ્યું : "આ મુજબ પઢો

બિસ્મિલ્લાહીર્ રહમાનીર્ રહીમ. વ લા હવ્લ વ લા કુવ્વત ઈલ્લા બિલ્લાહીલ અલીય્યિલ અઝીમ વ સલ્લે અલા મોહમ્મદ વ આલેહીત્તય્યેબીનત્તાહેરીન

"અલ્લાહના નામથી કે જે રહમાન અને રહીમ છે અને મહાન તથા ઉચ્ચ અલ્લાહના સિવાય કોઈની કુવ્વત કે તાકત નથી. અને હઝરત મોહમ્મદ સ.અ.વ અને તેમની પાકો પાકીઝા આલ પર સલવાત થાય.'

તે 8 ફરિશ્તાઓએ આ ઝીક્ર પઢીને અર્શ ઉઠાવ્યું તો તેઓ માટે એટલું હળવું થઈ ગયું જાણે એક શક્તિશાળી માણસના ખભા પર વાળ પડ્યો હોય.

ત્યારબાદ અલ્લાહે બીજા ફરિશ્તાઓને કહ્યું કે આ 8 ફરિશ્તાઓએ મારા અર્શને પોતાના ખભા પર ઉઠાવ્યુ છે અને તમે તેની ફરતે તસ્બીહ, તમજીદ અને તકદીસ કરતા તવાફ કરો આ મારી કુદરતનો એક નમુનો હતો કે જે તમે જોયો છે અને હુ દરેક ચીજ પર કુદરત ધરાવુ છુ."

(રેફરન્સ: તફસીર ઈમામ હસન અસ્કરી અ.સ. ૫૮/૫૬, બેહાર 97/27)

વાકેઆ 11 : મહેરબાન હમસફર

ઉસ્તાદ મોહમ્મદ મોહમ્મદી ઈશ્તેહાર્દી એક આલિમના હવાલાથી નકલ કરે છે: "ઈ.સ. 1957માં હજની સફર બાદ હું શામ ગયો, જેથી હઝરત ઝયનબ(સ.અ.), હઝરત રૂકૈયા(સ.અ.) તથા ત્યાંના અન્ય મુકદ્દસ મકામોની ઝિયારત કરીને કરબલા અને નજફથી મુશર્રફ થઈ શકું. હું સીરિયામાં

એકલો હતો અને ઈચ્છતો હતો કે ઈરાક જવા માટે મને કોઈ સારો હમસફર મળી જાય.

હઝરત રૂકૈયા(અ.સ.)ની ઝિયારત કર્યા પછી મેં તેમની બારગાહમાં અરજ કરી કે તેઓ ખુદાની બારગાહમાં મારા માટે સારા હમસફરની દોઆ કરે.

હજુ હું હરમમાંથી બહાર પણ નીકળ્યો ન હતો કે કાઝમૈનના એક વેપારી સાથે મારી ઓળખાણ થઈ અને અમારી વાતચીત શરૂ થઈ. તેમણે કહ્યું:' હું ઈરાક જવા ઇચ્છું છું.' પછી અમે બંને હમસફર બની ગયા અને સાથે કરબલા, નજફ અને ત્યારબાદ કાઝમૈનની ઝિયારતનો શરફ મેળવ્યો.

આ સમગ્ર સફરમાં મને ક્યારેય એકલતાનો અહેસાસ થયો નહીં. ત્યારે મને સમજાયું કે આ સારો હમસફર હઝરત રૂકૈયા(અ.સ.) ની કરામતોમાંથી એક કરામત હતી."

(સરગુઝશ્તે જાનસોઝે હઝરત રૂકૈયા(અ.સ.), પેજ 58)

(નોંધ: સીરિયા શામમાં જનાબે સકીના(સ.અ.)ને જનાબે રૂકય્યાના નામથી બોલાવે છે.)

વાકેઆ 12 : હઝરત સકીના(સ.અ.)થી તવસ્સુલ

કિતાબ સિતારએ દરખ્શાને શામના લેખક આયતુલ્લાહ હાજી સૈયદ મહદી હુસૈની લાજવર્દી રહમતુલ્લાહ અલય્હે ના હવાલાથી નકલ કરે છે કે તેમણે ફરમાવ્યું: "એક વખત હું સીરિયાની સફરે ગયો હતો. મસ્જિદે ઉમવીની નજીક આવેલી એક દુકાનમાં મને ઘણી જૂની હસ્તલિખિત કિતાબો જોવા મળી. તેમાં હિજરી 600 ના એક આલિમના હાથે લખાયેલું નહજુલ બલાગાહ પણ હતું. દુકાનદારે તેની ઘણી ઊંચી કિંમત માંગી હતી, જે ચૂકવવાની મારી તાકાત ન હતી.

હું હઝરત સકીના(અ.સ.)ના હરમમાં ગયો અને તેમની બારગાહમાં તવસ્સુલ કર્યું. જ્યારે પાછો ફરી રહ્યો હતો અને ફરી એ જ દુકાન પાસેથી

પસાર થયો, ત્યારે દુકાનદારે મને અવાજ આપ્યો: 'સૈયદ! આવો. આ કિતાબો તમે જે કિંમત આપવી હોય તે કિંમતે લઈ જાઓ.'

મેં યોગ્ય કિંમત આપી અને કિતાબો ખરીદી લીધી. આજે એ કિતાબો કુમની એક જાહેર કિતાબખાનામાં મહફૂઝ છે."

(હવાલો: સિતારએ દરખ્શાને શામ, પેજ: 274)

વાકેઆ 13 : ગુનેહગાર ઝાએર જેને આકા અબા અબ્દિલ્લાહ ઈમામ હુસૈન(અ.સ.)એ પોતે દાવત આપી

મારા એક દોસ્ત, યઝ્દમાંથી માલ લાવે છે. તેમણે જનાબ સઆદત નામના એક વ્યક્તિથી આ વાકેઓ સંભળાવ્યો.

તેઓની કાપડ વણવાની ફેક્ટરી હતી અને તેઓ એક હુસૈનિયાહ તથા અંજુમનના સંચાલક હતા. તેઓ કહે છે: ઈ.સ. 2016 (1437 હિ.સ.)ના અરબઈન પહેલાં અમે જાહેરાત કરી કે જે કોઈ કરબલાની ઝિયારત માટે જવા ચાહતો હોય, તે પાંચ દિવસની અંદર પોતાનો પાસપોર્ટ નિમણૂક કરેલા જવાબદાર લોકોને જમા કરાવી દે.

નક્કી કરેલી તારીખ સુધીમાં લગભગ 100 પાસપોર્ટ ભેગા થયા. હું તેમને વીઝા માટે મોકલવાની તૈયારી કરી રહ્યો હતો. ત્યારે મારી નજર બે એવા લોકોના પાસપોર્ટ પર પડી, જેઓ ચોરી, ઝઘડા અને બીજા ઘણા ગુનાહો માટે જાણીતા હતા. લગભગ દરરોજ તેઓ કોઈને કોઈ ખરાબ કામ કરતા. મને ખૂબ ચિંતા થઈ. મેં પૂછ્યું: "આ બંનેના પાસપોર્ટ કોણે લીધા?"

મને ખબર હતી કે તેઓ સફર દરમિયાન બીજા લોકોને મુશ્કેલીમાં મૂકી શકે. તેથી મેં કહ્યું: "તેમના પાસપોર્ટ તેમને પાછા આપી દો." સાથીઓએ કહ્યું: "અમારી હિંમત નથી." અંતે સલાહ કરીને નક્કી કર્યું કે તેમના પાસપોર્ટ વીઝા માટે મોકલવાના નહીં.

જ્યારે બીજા લોકોને વીઝા આપીશું અને તેઓ પૂછશે, ત્યારે કહી દેશું કે "દૂતાવાસ (વીઝા અને પાસપોર્ટનું કામ કરતી સરકારી ઓફિસ)એ વીઝા આપ્યો નથી." એમ જ કર્યું.

સફરમાં ફક્ત ચાર દિવસ બાકી હતા ત્યારે તે બંને આવ્યા અને ખૂબ આગ્રહ કરવા લાગ્યા: "અમને પણ જરૂર લઈ જાઓ." મેં કહ્યું: "દૂતાવાસે વીઝા આપી નથી. ઈન્શાલ્લાહ તમે આવતા વર્ષે જશો."

તેઓ ખૂબ દુઃખી થયા. રડવા લાગ્યા અને ઘણી વિનંતી કરી, પરંતુ મેં કહ્યું કે હવે અમે કંઈ કરી શકતા નથી. તેઓ નિરાશ થઈને પાછા ગયા.

તે જ રાત્રે મને ખ્વાબમાં આકા અબા અબ્દિલ્લાહ ઈમામ હુસૈન (અ.સ.) ના દીદાર થયા. તેમણે મને ફરમાવ્યું: "તે તેઓને કેમ રોક્યા? શું તેઓ તારા મહેમાન હતા? શું તેઓ તારી ઝિયારત કરવા આવી રહ્યા હતા? તેઓ જેવા પણ હોય અને જે કોઈ પણ હોય, તેઓ તો મારા મહેમાન બનીને મારી ઝિયારત માટે આવી રહ્યા હતા. જલ્દીથી તેમને કાફલામાં શામિલ કરી દયો.

હું તરત જ જાગી ગયો. વહેલી સવારે હું કેટલાક સાથીઓ સાથે તેમના ઘરે ગયો. મારી આંખોમાં આંસુ હતાં. તેઓ ઘરની બહાર આવ્યા કે તરત જ મેં તેમને ભેટી લીધા, ચુંબન કર્યું અને કહ્યું: "તમારા પાસપોર્ટ લઈ આવો."

તેઓ બોલ્યા: "પહેલા કારણ કહો, પછી જ લાવીએ. "મેં તેમને આખી વાત અને ખ્વાબની દાસ્તાન બયાન કરી.

આ સાંભળીને બંને જોરજોરથી રડવા લાગ્યા અને કહ્યું: "આકા ઈમામ હુસૈન(અ.સ.)એ અમારા જેવા ગુનાહોથી ભરેલા લોકોને પણ પોતાના ઝાએર અને મહેમાન તરીકે કબૂલ કર્યા છે. હવે અમારે પણ તેમની આ મહેરબાનીનો હક અદા કરવો જોઈએ." ત્યાં જ પોતાના દોસ્તો સામે તેમણે તૌબા કરી અને કસમ ખાધી કે હવે આખી જિંદગી કોઈ પણ ગુનાહ નહીં કરીએ.

પછી તેઓ પાકીઝા દિલ સાથે આ પવિત્ર સફરે નીકળ્યા.

રસ્તામાં અને હરમમાં તેઓ ખૂબ દિલથી ઝિયારત અને ઈબાદત કરતા. ઝાએરીનની ખિદમત કરવામાં એકબીજાથી આગળ વધવાનો પ્રયત્ન કરતા. રડીને કહેતા: "આકા! અમે તમારા પર કુરબાન થઈ જઈએ. તમે કેટલા રહેમદિલ અને મહેરબાન મેહમાન નવાઝ છો."

(કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ, દાસ્તાન નંબર: 8)

વાકેઆ 14 : સલવાતની બરકત અને માછલીની દાસ્તાન

કિતાબ મિફ્તાહુલ જન્નતમાં લખેલું છે કે હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ના ઝમાનામાં એક માણસ બજારમાંથી મરી ગયેલી માછલી લઈને ઘરે આવ્યો. તેણે પોતાની પત્ની સાથે આગ રોશન કરી અને માછલીને આગ પર રાખી કે જેથી તે શેકાઈ જાય, પરંતુ માછલી પર આગની જરા પણ અસર ન થઈ ત્યાં સુધી કે તેઓએ એક કલાક સુધી માછલીને આગ પર રાખી તે છતા તે થોડીપણ શેકાઈ નહી.

પતિ-પત્ની બંનેને આ વાતથી ખૂબ જ નવાઈ લાગી. અંતે એ માણસે માછલીને રૂમાલમાં બાંધી અને હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)ની ખિદમતમાં હાજર જઈને પુરો બનાવ વર્ણવ્યો. હઝરત રસુલે ખુદા(સ.અ.વ.)એ માછલીને પૂછ્યું: "શું કારણ છે કે આગ તને શેકી નથી શકતી?"

અલ્લાહની કુદરતથી અને હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) ના મોઅજીઝાથી માછલી સ્પષ્ટ ભાષામાં બોલી ઊઠી:

યા રસૂલલ્લાહ(સ.અ.વ.)! તમારી અને તમારી એહલેબૈતની બરકતથી આગ મને બાળી નથી શકતી. જ્યારે હું ફલાં દરિયામાં હતી ત્યારે એક હોડી પસાર થઈ રહી હતી. હોડીમાં એક માણસ તમારી અને તમારી એહલેબૈત પર સલવાત મોકલી રહ્યો હતો ત્યારે મેં તે મુજબ સલવાત શીખી અને મેં પણ તમારી અને તમારી એહલેબૈત પર સલવાત મોકલી.

ત્યારે અલ્લાહ તરફથી મારા સુધી અવાજ આવ્યો કે: તારા શરીર પર આગ હરામ છે અને તારા પર આગની કોઈ અસર થશે નહીં.

(દાસ્તાનહાએ અઝ અન્વારે આસ્માની)

વાકેઆ 15 : મજલીસ બરપા કરનાર પર હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત

માહે મોહર્રમની 7 મી તારીખની સાંજે એક સૈયદ રોઝાખ્વાન તેહરાનમાં કેટલાક નશાની હાલતમાં રહેલા લોકો પાસે પહોંચ્યા. તેમણે સૈયદને વિનંતી કરી કે તેમના માટે મજલીસ પઢે. સૈયદે મજબૂરીમાં તેમની વિનંતી સ્વીકારી અને કહ્યું: "આ જગ્યા મજલીસ માટે યોગ્ય નથી."

તેમાથી એક વ્યક્તિ તેમને પોતાની કારમાં બેસાડીને શહેરની બહાર લઈ ગયો. પછી તેણે કારની સીટને પાછળ નમાવી અને કહ્યું: "બેસો અને મજલીસ પઢો." સૈયદ ઊભા રહીને મજલીસ પઢવા લાગ્યા, અને તે બધા લોકો ખૂબ જ રડવા લાગ્યા. સૈયદે આ તકનો લાભ લઈને તેમને તૌબા કરવાની તાકીદ કરી. તેમાંથી એક વ્યક્તિ આંખોમાં આંસુ સાથે દિલથી તૌબા કરી.

એ જ રાત્રે સૈયદે તેને સ્વપ્નમાં ખૂબ આનંદિત હાલતમાં જન્નતના બાગોમાં ફરતા જોયો. સવારે જ્યારે તેઓ જાગ્યા, ત્યારે મહોલ્લાના લોકોથી ખબર પડી કે તે વ્યક્તિનું અવસાન થઈ ગયું છે.

સૈયદે તે રાત્રિની મજલીસ, રડવા અને તૌબાની આખી ઘટના લોકોને સંભળાવી અને પોતે પણ તેના જનાઝામાં હાજર રહ્યા. બીજી રાત્રે ફરી તેમણે તેને સ્વપ્નમાં અત્યંત ખુશી અને પ્રસન્નતાની હાલતમાં જોયો. સૈયદે પૂછ્યું: "તમારી આ ખુશીનું કારણ શું છે?" તેણે જવાબ આપ્યો: "હઝરત ઈમામ હુસૈન(અ.સ.)એ તે રાત્રે કરેલી અઝાદારી અને મારી તૌબાના બદલામાં મને આ જન્નતનો બાગ અતા ફરમાવ્યો છે."

(કરામાત વ હિકાયાતે પંદઆમોઝ, બસીરી, પેજ 52)

વાકેઆ 16 : માત્ર 1 સલવાત

કિતાબ રવઝતુલ ઓલમા માં લખેલું છે: જ્યારે કોઈ બંદો એક વાર હઝરત રસુલલ્લાહ(સ.અ.વ.) પર સલવાત મોકલે છે, ત્યારે અલ્લાહ તઆલા એક ફરિશ્તાને મોકલે છે, જે પલક જપકતા પહેલા એ સલવાતને આપ(સ.અ.વ.)ના રવઝ એ મોતહ્હર(પવિત્ર કબ્ર) સુધી પહોંચાડે છે અને રોઝા સામે ઉભો રહી કહે છે:

"યા રસુલલ્લાહ! ફલાં બિન ફલાં અથવા ફલાં બિન્ત ફલાંએ તમારી ઉપર સલવાત મોકલી છે." ત્યારે નબી કરીમ મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.) ફરમાવે છે: મારી તરફથી તેને દસ સલવાત મોકલો અને તેને કહો: જો મારી આ દસ સલવાતની જગ્યાએ માત્ર એક જ સલવાત હોત તો પણ તે તને જન્નતમાં લઈ જતે અને તું મારા સાથે એવી રીતે નઝ્દીકી રાખશે જેમ શહાદતની આંગળી અને વચલી આંગળી હોય છે અને મારી શફાઅત તને મળશે. હવે જ્યારે દસ સલવાત છે, તો જો તારો દરજ્જો કેટલો બુલંદ હશે.!!"

પછી એ ફરિશ્તો આસ્માન તરફ ઉંચે જાય છે અને અર્શની નજીક ઉભો રહી કહે છે: "યા અલ્લાહ! ફલાં અથવા ફલાં એ તારા હબીબ મોહમ્મદ (સ.અ.વ.) પર એક વાર સલવાત મોકલી છે."

અલ્લાહ તઆલા હુકમ આપે છે: "મારી તરફથી તેને દસ સલવાત મોકલો અને તેને કહો: જો આ દસમાંથી એક જ સલવાત હોત તો પણ દોઝખની આગ કદી તારી પાસે ન આવત. હવે જ્યારે દસ સલવાત છે, તો જો તારી કરામત કેટલી હશે !!."

પછી અલ્લાહ તઆલા એ ફરિશ્તાને હુકમ આપે છે: "આ સલવાતને મારા બંદા માટે ઈલ્લીયીનમાં સાચવી રાખ." (રવઝતુલ ઓલમા)

વાકેઆ 17 : ઈમામ હુસૈન(અ.સ.)ના ઝાએરોની મહેમાનનવાઝી માટે દિકરાના કાતિલને માફ કરી દીધો

સન 2015 માં સૈયદ હસન મતીનપૂર પોતાના કેટલાક મિત્રોની સાથે અરબઈનના દિવસોમાં નજફથી કરબલા સુધી પેદલ ઝિયારત માટે નીકળ્યા હતા. સાંજ પડતા રસ્તામાં કેટલાક લોકો ઝાએરોને પોતાના ઘરે રોકાવા માટે આમંત્રણ આપી રહ્યા હતા. તેમણે એક વ્યક્તિનું આમંત્રણ સ્વીકાર્યું અને તે તેમને પોતાના ઘરે લઈ ગયો, પરંતુ રૂમમાં પ્રવેશતાં તેમને લાગ્યું કે ત્યાં પૂરતી જગ્યા નથી, તેથી તેઓ બહાર નીકળ્યા.

થોડે આગળ બીજા એક ઘરમાલિકે પણ તેમને પોતાના ઘરે આવવા આમંત્રણ આપ્યું. શરૂઆતમાં 3 લોકો અંદર ગયા. રૂમો ખાલી અને વિશાળ જોઈને તેમણે બાકીના સાથીઓને પણ બોલાવી લીધા. એ દરમિયાન પહેલા ઘરમાલિકને ખબર પડી કે ઝાએરો તેના ઘરની બદલે બીજા ઘરે ગયા છે. તે દોડી આવ્યો, દરવાજામાં હાથ રાખીને બોલ્યો: "ના, તમે અહીં રહી શકતા નથી; તમારે મારા ઘરે જ આવવું પડશે!"

તે અંદર રહેલા 3 ઝાએરોના હાથ પકડીને પણ આગ્રહ કરવા લાગ્યો. બંને ઘરમાલિકો વચ્ચે ભારે ચર્ચા શરૂ થઈ. પાડોશીઓ પણ આવી ગયા અને ઘણું સમજાવ્યું, પરંતુ કોઈ પણ પોતાનો આગ્રહ છોડવા તૈયાર ન હતો.

ઝાએરોએ કહ્યું: "આજે રાત્રે અહીં રહી જઈએ અને આવતી કાલે તમારી પાસે આવી જઈશું." પરંતુ તેઓ એ માટે પણ તૈયાર ન થયા.

અચાનક બીજા ઘરમાલિકે પહેલા વ્યક્તિના કાનમાં કંઈક કહ્યું. તરત જ પહેલા ઘરમાલિકનો સ્વભાવ બદલાઈ ગયો. તેણે બીજા વ્યક્તિને ગળે મળીને ચુંબન કર્યું અને ઝાએરોને સન્માનપૂર્વક કહ્યું: "તમે અહીં જ રોકાઓ. ખુદા હાફિઝ."

આ જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. પછી ઝાએરોએ બીજા ઘરમાલિકને પૂછ્યું: "તમે એવું શું કહ્યું કે તેઓ તરત જ માની ગયા?"

તેમણે જવાબ આપ્યો: "એક મહિના પહેલા મારા દીકરાનો તેમના દીકરા સાથે ઝઘડો થયો હતો. તેમના દીકરા અને તેના બે મિત્રોએ મળીને મારા દીકરાને એટલો માર્યો કે તે મૃત્યુ પામ્યો. મેં મારા દિકરાને દફનાવ્યો અને કેસ કર્યો, તેથી તેઓ જેલમાં છે.

આ એક મહિના દરમિયાન તેઓ અનેક વખત મારી પાસે માફી અને સમાધાન માટે આવ્યા. અનેક લોકોની ભલામણ કરાવી, ઘણાં પૈસા પણ આપવાની ઓફર કરી, પરંતુ મેં ક્યારેય સ્વીકાર્યું નહીં. આજે મેં તેને માત્ર એટલું કહ્યું: 'આ લોકો હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના ઝાએરો છે. તેમને મારા ઘરે રહેવા દો. હું કાલે તારી સામે સમાધાન કરી દઈશ જેથી તારો દીકરો જેલમાંથી છૂટી જશે.' આ સાંભળીને તે ખૂબ ખુશ થયો, મને ચુંબન કર્યું અને ચાલ્યો ગયો."

આવો છે હઝરત ઈમામ હુસૈન(અ.સ.) પ્રત્યેનો પ્રેમ! કેટલાક લોકો એવા હોય છે કે તેઓ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના ઝાએરોની ખિદમત માટે પોતાના દીકરાના ખુનનો બદલો પણ માફ કરી દે છે.

(કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ, દાસ્તાન નંબર: 3)

વાકેઆ 18 : સલવાતની બરકતથી ફરિશ્તા લોકો માટે ઈસ્તીગ્ફાર કરે છે

મરહૂમ અર્દકાની, "શરહ વ ફઝાએલે સલવાત" નામની કિતાબના લેખક લખે છે: એક વાએઝ પાસેથી સાંભળ્યું છે કે તેઓ કહેતા હતા: રિવાયતોમાં આવ્યું છે કે જ્યારે કોઈ બંદો હઝરત રસુલે ખુદા(સ.અ.વ.) પર સલવાત મોકલે છે, ત્યારે અલ્લાહ તઆલા એ સલવાતમાંથી નૂરનો એક સ્તંભ (પીલર) પેદા કરે છે, જેના એક છેડે જમીન હોય છે અને બીજા છેડે આસ્માન હોય છે.

એ સ્તંભને સિત્તેર હજાર શાખાઓ હોય છે, અને દરેક શાખા પર સિત્તેર હજાર ફરિશ્તા બેસેલા હોય છે. દરેક ફરિશ્તાને સિત્તેર હજાર માથા હોય છે, દરેક માથામાં સિત્તેર હજાર મોં હોય છે, અને દરેક મોંમાં સિત્તેર હજાર જીભ હોય છે. અને દરેક જીભ સિત્તેર હજાર ભાષાઓમાં બોલે છે અને એ બધાં ફરિશ્તાઓ એ બંદાની શાનમાં, જેણે સલવાત મોકલી હોય છે તેના માટે કયામત સુધી ઇસ્તીગ્ફાર કરતા રહે છે. (શરહ સલવાત અર્દકાની)

વાકેઆ 19 ઝિયારતની કિંમત ઓછી આંકવી

(ઝિયારતનો સવાબ, દુનિયાની મામૂલી કિંમતમાં વેચ્યો)

મરહૂમ મોહદ્દિસ નૂરી(અ.ર.)એ દારુસ્સલામ, ભાગ 2, પેજ નં.333 માં, અલી બિન અબ્દુલ હમીદ પાસેથી અનવારૂલ મઝીયા કિતાબમાં રિવાયત કરી છે કે સૈયદ જઅફર બિન અલી એ પોતાના કાકા પાસેથી નકલ કર્યું:

અમે એક જમાઅત સાથે બૈતુલ્લાહ હજ માટે ગયા હતા. આ દરમિયાન ફકીહ બિન સુવૈરા સૂરાવી અમારા હજ અને એહરામના સંચાલક, ઉસ્તાદ અને માર્ગદર્શક હતા. ત્યાં યમનના રહેવાસી એક વ્યક્તિ સાથે અમારી દોસ્તી થઈ. તેણે અમને પ્રસ્તાવ કર્યો કે અમે મક્કામાં તેના ઘરે જઈએ. અમે તેનો પ્રસ્તાવ કબૂલ કર્યો અને તેની સાથે તેના ઘરે ગયા.

તેની પાસે ઘણા ગુલામો, ઘણી ધન-દૌલત અને મિલકત હતી. તેણે અમારા માટે જમવાનું તૈયાર કરાવ્યું અને ખૂબ એહતેરામની સાથે અમારી મહેમાનગતિ કરી. જમી લીધા પછી અમે પાછા જવાની તૈયારી કરી. તેણે ફકીહને રોકી રાખ્યા અને કહ્યું: "મને તમારી સાથે થોડું કામ છે."

અમે આગળ નીકળી ગયા. અમે પોતાની જગ્યાએ પહોંચીએ તે પહેલાં જ ફકીહ અમને આવી મળ્યા. પછી અમે બધા સાથે મળીને "અબતહ" તરફ નીકળ્યા. જ્યારે અડધી રાત વીતી ગઈ, ત્યારે અચાનક અમે જોયું કે

ફકીહ ઊંઘમાંથી જાગી ગયા છે, રડી રહ્યા છે અને "લા એલાહ ઈલ્લલાહ" એવું કહેતા હતા.

તેઓ અમને કસમ આપીને કહેતા હતા કે પાછા ફરીએ અને અત્યારે જ અડધી રાત્રે અસઅદ બિન અસદના ઘરે જઈએ.અમે ઘણા બહાના આપ્યા કે ત્યાં જવામાં જાનનું જોખમ છે, કારણ કે ત્યાં ઘણા ચોરો અને લૂંટારાઓ રહે છે. પરંતુ તેઓ ન માન્યા.તેમના સતત આગ્રહ અને વિનંતિને કારણે અમે પણ તેમની સાથે ચાલ્યા. અંતે અમે અસઅદ બિન અસદના ઘરના દરવાજા સુધી પહોંચી ગયા અને દરવાજો ખખડાવ્યો. અંદરથી કોઈ દરવાજા પાછળ આવ્યું. અમે પોતાની ઓળખાણ આપી.

તેણે કહ્યું: "હું આ સમયે, રાત્રિના આટલા મોડા સમયે, તમારા માટે દરવાજો ખોલતાં ડરૂ છું." અમે ઘણો આગ્રહ કર્યો, ત્યારે તેણે દરવાજો ખોલ્યો. ફકીહે તેની સાથે એકાંતમાં વાતચીત શરૂ કરી. તેઓ તેને કસમ આપતા હતા, પરંતુ તે કહેતો હતો: "હું આ કામ ક્યારેય નહીં કરૂ."

મેં અસઅદને પૂછ્યું: " આખરે બનાવ શું છે?" અસઅદે કહ્યું: "ગઈકાલે મેં તેમને કહ્યું હતું કે તમે કરબલાની નજીક રહો છો અને હંમેશા હઝરત સૈયદુશશોહદા ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરવા જાઓ છો. પરંતુ હું કરબલાથી દૂર રહું છું અને મને તેમની ઝિયારતની તૌફીક મળતી નથી.

હા, મને બૈતુલ્લાહિલ હરામની ઝિયારત અને હજ ઘણી વખત કરવાનો મૌકો મળ્યો છે. મારી તમારી પાસે એક વિનંતી છે કે જ્યારે તમે કરબલા ઝિયારત માટે જાઓ, ત્યારે તમારી એક ઝિયારત મને એક હજના બદલે વેચી દો." તેમણે શરૂઆતમાં કબૂલ ન કર્યું.

અંતે હું તૈયાર થયો કે હું તેમને ૯ હજ અને ૪ મિસ્કાલ લાલ સોનું આપું અને તેના બદલામાં તેઓ પોતાની એક કરબલાની ઝિયારત મને આપી દે.

તેઓ રાજી થઈ ગયા. હવે તેઓ મને કહે છે કે આ સોદો રદ કરી દો, પરંતુ શા માટે રદ કરવો છે તેનું કારણ પણ કહેતા નથી અને હું પણ આ સોદો તોડવા માટે તૈયાર નથી." અમે ફકીહને કહ્યું: "તમે શા માટે કેહતા નથી ?"

તેમણે કોઈ જવાબ આપ્યો નહીં. જ્યારે અમે ખૂબ આગ્રહ કર્યો, ત્યારે તેમણે આ બનાવ આ રીતે સંભળાવ્યો: "આજે રાત્રે મેં ખ્વાબમાં જોયું કે કયામત કાયમ થઈ ગઈ છે અને લોકો જન્નત તથા જહન્નમ તરફ જઈ રહ્યા છે. હું પણ જન્નત તરફ ગયો. જ્યારે હું હૌઝે કૌસર પાસે પહોંચ્યો, ત્યારે મેં આપણા મૌલા હઝરત અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.) પાસે પાણી માંગ્યું. હઝરતે ફરમાવ્યું: 'હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) પાસે જઈને પાણી લો.'

હું આગળ વધ્યો તો જોયું કે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) હૌઝે કૌસરના કિનારે બેઠા હતા. મેં સલામ કરી. પરંતુ તેમણે પોતાનો મુબારક ચહેરો મારી તરફથી ફેરવી લીધો અને મારી તરફ ધ્યાન આપ્યું નહીં. મેં અરજ કરી: બીબી! હું તો આપના ચાહવાવાળાઓમાંથી, આપના દોસ્તોમાંથી અને આપના તથા આપના ફરઝંદોના શિઆઓમાંથી છું.'

ત્યારે તેમણે ફરમાવ્યું: 'તે મારા ફરઝંદની પવિત્ર હસ્તીનું અપમાન કર્યું છે. તે મારા ફરઝંદ હુસૈન(અ.સ.)ની ઝિયારતની કિંમત ઓછી કરી છે અને જે કંઈ તે લીધું છે, તેમાં અલ્લાહ તને કોઈ બરકત ન આપે.'

હું ખૂબજ ડર અને ગભરાટ સાથે ઊંઘમાંથી જાગી ગયો.

હવે હું કેટલો પણ આગ્રહ કરું છું, આ વ્યક્તિ સોદો રદ કરવા માટે તૈયાર થતો નથી. અસઅદે જ્યારે આ વાત સાંભળી, ત્યારે કહ્યું: "જો વાત આવી છે, તો હવે ભલે તમે મક્કાના બધા પહાડોને સોનામાં ફેરવીને મને આપી દો, તો પણ હું આ સોદો ક્યારેય રદ નહીં કરૂ."

ત્યાર પછી અમે પાછા ફરી ગયા. આ બનાવના ૨ વર્ષ પછી તે ફકીહ અત્યંત ગરીબી અને લાચારીમાં સપડાઈ ગયા. તેમની હાલત એવી થઈ ગઈ કે ભીખ માંગવાનો વારો આવ્યો. તેઓ કહેતા હતા: "આ બધી બલાઓ તો બીબી-એ-આલમ હઝરત ઝહરા(સ.અ.)ની તે બદદુઆના કારણે જ મારા પર આવી છે." (કરામાતે હુસૈનીયહ)

વાકેઆ 20 : ખુબ જ ફાયદાવાળી સલવાત

તે સલવાત આ છે: **અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદ વ આલે મોહમ્મદ હત્તા લા તબકા સલવાતુન,અલ્લાહુમ્મ વ બારિક અલા મોહમ્મદ વ આલે મોહમ્મદ હત્તા લા તબકા બરકતુન, અલ્લાહુમ્મ વ સલ્લિમ અલા મોહમ્મદ વ આલે મોહમ્મદ હત્તા લા યબકા સલામુન, અલ્લાહુમ્મ વર્હમ મોહમ્મદ વ આલે મોહમ્મદ હત્તા લા તબકા રહમતુન.**

(બેહારૂલ અનવાર)

વાકેઆ 21 : ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત અને ડૂબવાથી નજાત

કોહે દરાબના રહેવાસી મુત્તકી અને પરહેઝગાર શેખ મોહમ્મદ અન્સારી રહમતુલ્લાહ અલય્હ નકલ કરે છે: "1370 હિજરીમાં મને કરબલાની ઝિયારતનો શરફ મળ્યો. મારો ફરઝંદ બિમાર હતો, તેથી તેની શિફાની નિય્યતથી હું તેને પણ મારી સાથે લઈ ગયો.

અરબઈનના દિવસે અમે ઝિયારતના ગુસ્લ માટે નહેરે ફુરાતના કિનારે પહોંચ્યા. નહેરના એક ખૂણે હું મારા ફરઝંદ સાથે પાણીમાં ઉતર્યો અને ગુસ્લમાં મશગૂલ થયો.

અચાનક મેં જોયું કે પાણીનો તેજ પ્રવાહ મારા ફરઝંદને તાણી ગયો. ઘણાં અંતરે માત્ર તેનું માથું જ દેખાતું હતું. મને તરતાં આવડતું નહોતું અને ત્યાં કોઈ બીજો માણસ પણ હાજર ન હતો.

હું અત્યંત દિલશિકસ્તા અને પરેશાનીની હાલતમાં અલ્લાહની બારગાહમાં દોઆ કરવા લાગ્યો અને હઝરત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.)નો વાસ્તો આપી મારા ફરઝંદની સલામતી માંગી.

મારી નજર સતત મારા ફરઝંદ પર જ હતી. અચાનક મેં જોયું કે તે મારી તરફ પાછો આવી રહ્યો છે. જ્યારે તે મારી નજીક પહોંચ્યો, ત્યારે મેં તેનો હાથ પકડીને તેને પાણીમાંથી બહાર કાઢ્યો અને પૂછ્યું: 'બેટા! શું થયું?' તેણે જવાબ આપ્યો: 'મેં કોઈને જોયા તો નહીં, પરંતુ મને એવું જરૂર મહેસૂસ થયું કે કોઈએ મારો બાઝૂ પકડીને મને તમારી તરફ પહોંચાડી દીધો.'

આ સાંભળીને હું તરત જ સજદામાં પડી ગયો અને મારી દોઆ કબૂલ કરવા બદલ અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો."

(હૈરતઅંગેઝ વાકેઆત, આયતુલ્લાહ દસ્તગૈબ શીરાઝી, પેજ 178)

વાકેઆ 22 : ઈમામ હુસૈન(અ.સ.)ની દુઆથી વરસાદ

હઝરત ઈમામ જઅફરે સાદિક(અ.સ.): એક વખત લાંબા સમય સુધી વરસાદ ન પડ્યો અને દુષ્કાળના ચિન્હો દેખાવા લાગ્યા. કુફાના લોકો ઈમામ અલી(અ.સ.) પાસે આવ્યા અને વિનંતી કરી કે તે વરસાદ માટે દુઆ કરે, જેથી અલ્લાહ તઆલા દુઃખ દૂર કરે અને બરકતવાળો વરસાદ નાઝીલ કરે.

ત્યારે ઈમામ અલી (અ.સ.)એ ઈમામ હુસેન (અ.સ.)ને કહ્યું : બેટા, ઊભા થાવ અને વરસાદ માટે દુઆ કરો.

ત્યારે ઈમામ હુસેન(અ.સ.) ઊભા થયા, સૌથી પહેલા અલ્લાહ તઆલાની હમ્દો સના કરી અને પયગંબર મોહમ્મદ(સ.અ.વ.) પર સલવાત મોકલી. પછી તેમણે આ દુઆ પઢી : “યા અલ્લાહ! તુ ભલાઇ આપનારો અને બરકત ઊતારનારો છે. અમારા પર વરસાદ નાઝિલ કર અને અમને ઘણો, મજબૂત, વ્યાપક એવો વરસાદ આપજે જે પહાડીઓની ખીણો સુધી

વહે ચડે, તારા બંદાઓની કમઝોરી દૂર કરે અને તારાં શહેરોમાંના સુકાયેલા વિસ્તારોને ફરી જીવંત બનાવે. આમીન, યા રબ્બલ આલમીન!"

જેવી દુઆ પુરી થઈ, આકાશમાં વાદળો ઘેરાવા લાગ્યા અને ઘોઘમાર વરસાદ વરસવા લાગ્યો. થોડા સમય બાદ એક બદુ અરબ ગામમાંથી આવીને કહેવા લાગ્યો કે "હવે તો બધી વાદીઓ અને ખીણો પાણીથી છલકાઇ ગઈ છે."

(ઓયુનુલ મોઅજીઝાત, પેજ ૬૪ અને મદીનતુલ મઆજીઝ, ભાગ: 2 (ઉર્દુ)

વાકેઆ 23 : લાઈલાજ બીમારીમાંથી શિફા મળી

એક બુઝુર્ગ અને દીનદાર રૂહાની વ્યક્તિ, જેમણે ઈચ્છા વ્યક્ત કરી કે તેમનું નામ જાહેર ન કરવામાં આવે, તેમણે કહ્યું: મારા એક ઓળખીતા યુવાનના લગ્ન થયા અને તેણે પોતાના ઘરે લગ્ન પ્રસંગનું આયોજન કર્યું. તેથી આ માટે ઘરને સજાવવામાં આવ્યું. આ માટે સુંદર તખ્તી ક્યાં લગાવવી તે અંગે સલાહ-મશવરો થયો અને નક્કી કરવામાં આવ્યું કે તેને એક ચોક્કસ જગ્યાએ લગાડવામાં આવે.

દુલ્હો બીજા માળે સીડી ઉપર ચઢ્યો જેથી તે તખ્તી લગાવી શકે, પરંતુ કમનસીબે તે સીડી પરથી નીચે પડી ગયો. સદનસીબે તે એક ઉપર એક ગોઠવેલા કાર્પેટ પર પડ્યો, તેથી તેને કોઈ દેખાતી ઈજા થઈ નહીં, પરંતુ ખૂબજ ભય અને માનસિક આઘાતને કારણે તે એક એવી ગંભીર તકલીફમાં સપડાયો કે જેનાથી તે અશક્ત બની ગયો.

તેણે ઘણા ડૉક્ટરોનો સંપર્ક કર્યો, પરંતુ કોઈ પરિણામ મળ્યું નહીં અને આખરે સંપૂર્ણ નિરાશ થઈ ગયો.

બંને પક્ષોની સંમતિથી નક્કી થયું કે તેઓ અલગ થઈ જાય. કાનૂની અને દસ્તાવેજી કાર્યવાહી માટે તેમને બે મહિના રાહ જોવી પડવાની હતી, ત્યારબાદ કાયદેસર રીતે છૂટાછેડાની કાર્યવાહી કરવામાં આવવાની હતી.

આ બે મહિનાના અવકાશ દરમિયાન દુલ્હો અરબઈનના પૈદલ સફર માટે તૈયાર થયો.

રસ્તામાં એક મવકિબમાં ખીદમાતગુઝરની સંખ્યા ઓછી હોવાથી તે ઝાએરીનોની ખિદમત અને મહેમાનગતિમાં લાગી ગયો.

બે-ત્રણ દિવસ પછી તે પોતાના મંજિલ તરફ આગળ વધ્યો. રસ્તામાં પણ અને હરમમાં પણ તેણે આકા સમક્ષ અરજ કરી: "આ મુશ્કેલી ફક્ત મને જ નહીં, પરંતુ મારા જીવન અને આબરૂને પણ બરબાદ કરી રહી છે. તેમજ જે યુવતી અનેક ઉમ્મીદો લઈને મારા ઘરે આવી છે, તેનું જીવન પણ બરબાદ થઈ જશે અને તેના માતા-પિતા પણ ભારે ચિંતામાં પડી જશે. હું તમને તમારી બહેન હઝરત ઝયનબ(સ.અ.)ની મુસીબતોનો વાસ્તો આપું છું કે તમે અલ્લાહ પાસે દુઆ કરો કે મારી આ મુશ્કેલી દૂર થાય તેમજ અનેક લોકોને પરેશાની અને ચિંતામાંથી બચાવે.

થોડા દિવસોથી હું આપના ઝાએરીનોની ખિદમત કરી રહ્યો છું. મેં એવું કોઈ કામ કર્યું નથી કે તેના બદલામાં મજૂરી માગું, પરંતુ ફક્ત એટલા માટે કે હું તમારો ઝાએર અને મહેમાન છું, મને તોહફો આપો અને મારી હાજત પૂરી કરો."

પાછા ફરતી વખતે હજી પોતાના વતન સુધી પહોંચ્યો પણ ન હતો કે તેને ખબર પડી કે તેની મૂશ્કેલી દૂર થઈ ગઈ છે. ત્યારબાદ પતિ-પત્નીએ અત્યંત સુખી જીવનની શરૂઆત કરી.

અરબઈન 2019માં તેઓ બંને એક અજીબ કૈફીયતની સાથે પૈદલ સફર કરી રહ્યા હતા અને કહેતા હતા: "ખુદાની કસમ! ગયા વર્ષે આ રાહમાં કરવામાં આવેલ ઝિયારતે અમારા કડવા અને અશાંત જીવનને શાંતિ અને મધુર જીવનમાં બદલી નાખ્યું."

(કદમ કદમ બે સુએ રેહમતે વાસેઆ, દાસ્તાન નંબર: 14)

વાકેઆ 24 : સ્વપ્નમાં મજલીસ

મકબુલ ઈસ્ફહાની મરસીયાખ્વાન કહે છે: જ્યારે મેં ઈમામ હુસૈન (અ.સ.)ની શહાદતનો મરસીયો પૂર્ણ કર્યો, તે શુક્રવારની રાત હતી. હું લાંબા સમય સુધી તે મરસીયો પઢતો રહ્યો અને એટલો રડ્યો કે અંતે પથારીમાં સૂઈ ગયો.

સ્વપ્નમાં મેં જોયું કે હું અમીરૂલ મોઅમેનીન હઝરત અલી(અ.સ.)ના ફરઝંદ ઈમામ હુસૈન(અ.સ.)ના મુનવ્વર હરમમાં હાજર છું. ત્યાં એક મીમ્બર મૂકવામાં આવ્યુ હતું અને હઝરત મોહમ્મદ(સ.અ.વ.) તશરીફ લાવ્યા હતા.

એ દરમિયાન મોહતશમ કાશાનીને હાજર કરવામાં આવ્યા.રસુલે ખુદા (સ.અ.વ.)એ ફરમાવ્યું: "આજે શબે જુમ્આ છે. મીમ્બર પર જાઓ અને મારા ફરઝંદના મસાએબમાં કંઈક પઢો."

મોહતશમ મીમ્બર પર ચઢ્યા. તેઓ પહેલા પગથીયા પર બેસવા ઈચ્છતા હતા, પરંતુ રસુલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું: "વધારે ઉપર જાઓ."

બીજા પગથીયા પર પહોંચ્યા ત્યારે પણ આપે ફરી ફરમાવ્યું: "હજુ ઉપર જાઓ." આ રીતે તેઓને મીમ્બરના સૌથી ઉપરના પગથીયા પર બેસાડવામાં આવ્યા. ત્યારબાદ તેમણે ઈમામ હુસૈન(અ.સ.)ના મસાએબમાં પોતાનો મશહૂર મરસીયો પઢવાનું શરૂ કર્યું.

મકબુલ કહે છે: જ્યારે મોહતશમે મરસીયો પૂર્ણ કર્યો, ત્યારે રસુલે ખુદા (સ.અ.વ.)એ તેમને એક કિંમતી પોશાક અતા કરી.

મેં દિલમાં વિચાર્યું: "શાયદ મારા અશઆર રસુલે ખુદાની બારગાહમાં કબૂલ થયા નથી, એટલે મને પઢવાનો હુકમ આપવામાં આવ્યો નથી."

એ સમયે એક હૂર આવી અને અરજ કરી: હઝરત ફાતેમા ઝહરા (સ.અ.) ફરમાવે છે: "મકબુલને પણ હુકમ આપો કે તેઓ સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન(અ.સ.)ના મરસિયામાં કંઈક પઢે."

પછી રસુલે ખુદા સલ્લલ્લાહો અલય્હે વ આલેહી વસલ્લમએ મને હુકમ કર્યો. હું મીમ્બર પર ગયો અને પહેલા પગથીયા પર ઊભા રહીને મરસીયો પઢવાનું શરૂ કર્યું.

મકબુલ મરસીયો પઢવા લાગ્યા: "રિવાયત છે કે જ્યારે ઈમામ હુસૈન (અ.સ.) માટે યુદ્ધનું મેદાન અત્યંત તંગ થઈ ગયું, ત્યારે ઝુલ્જનાહની દોડ અને ચપળતા પણ થંભી ગઈ. ન તો સૈયદુશ્શોહદા(અ.સ.)માં જંગ ચાલુ રાખવાની તાકાત રહી હતી અને ન ઝુલ્જનાહમાં વધુ સ્થિર રહેવાની શક્તિ રહી હતી.

પછી સર્જનના સારરૂપ એ મહાન ઈમામે રકાબમાંથી પોતાના મુબારક પગ બહાર કાઢ્યા અને સૂર્યના કિરણોની જેમ તેજસ્વી તેમનું મુબારક શરીર ધરતી પર આવી પડ્યું.

દુશ્મનોના અત્યાચારથી આકાશ કોલસા જેવું કાળું થઈ ગયું અને હઝરત ફાતેમા ઝહરા(સ.અ.)ના લાડલા ઘોડા પરથી ધરતી પર આવી પડ્યા.

જ્યારે હું આ શેર સુધી પહોંચ્યો:

بلند مرتبه شاهی ز صدر زین افتاد

اگر غلط نکنم عرش بر زمین افتاد

ઉચ્ચ દરજ્જાવાળા બાદશાહ ઝીન પરથી જમીન પર પડ્યા કે,

જો હું ખોટું નથી કેહતો, તો જાણે અર્શ જ જમીન પર આવી પડ્યું.

ત્યારે અચાનક કોઈએ મને ઈશારો કરીને કહ્યું: "હવે નીચે ઉતરી જાઓ. સૈયદુલ કૌનૈનની દુખ્તર હઝરત ફાતેમા(સ.અ.) બેહોશ થઈ ગયા છે."

હું તરત જ મીમ્બર પરથી નીચે ઉતરી આવ્યો અને રસુલે ખુદા (સ.અ.વ.)ની ઈનાયતની રાહ જોવા લાગ્યો.

એ દરમિયાન મેં જોયું કે ઈમામ હુસૈન(અ.સ.)ના મુનવ્વર ઝરીહનો દરવાજો ખુલી ગયો અને એક નૂરાની શખ્સિયત બહાર આવી.

તેમના મુબારક સીના પરના ઝખ્મો તારાઓ કરતાં પણ વધારે જણાતા હતા અને તેમના મુબારક શરીર પરના ઝખ્મો ગણતરીની બહાર હતા.

તેમણે મને એક અત્યંત કિંમતી પોશાક અતા કર્યો. મેં અદબપૂર્વક અરજ કરી: "મારા પર કુરબાન જાઉં! આપ કોણ છો?"

તેમણે જવાબ આપ્યો: "હું હુસૈન(અ.સ.) છું."

(વકાયેઉલ અય્યામ, પેજ: 149)

વાકેઆ 25 : હઝરત બીબી ફાતેમા માસૂમા સલામુલ્લાહ અલયહાની કરામતથી શિફાનો બનાવ

સૈયદ અબુલફઝલ અમીરી, જે માઝંદરાન પ્રાંતના રહેવાસી છે, તેમણે હઝરત માસૂમા સલામુલ્લાહ અલયહા દ્વારા મળેલી શિફાનો પોતાનો બનાવ આ રીતે વર્ણવ્યો છે:

“હું 3 વર્ષ પહેલાં કમરના દુખાવા અને લકવાથી પીડિત થયો હતો. મારી સારવારમાં મારી આખી પૂંજી ખર્ચાઈ ગઈ હતી, પરંતુ કોઈ ફાયદો થયો નહીં. હું સંપૂર્ણપણે પથારીવશ થઈ ગયો હતો. કુમ, મશહદ અને તેહરાનની હોસ્પિટલોમાં મહિનાઓ સુધી દાખલ રહ્યો, પરંતુ કોઈ પરિણામ મળ્યું નહીં.

જ્યારે દરેક જગ્યાએથી નિરાશ થઈ ગયો ત્યારે થામિનુલ હુજ્જત હઝરત ઈમામ રઝા અ.સ. રોઝામાં પનાહ લીધી અને ઈમામ અલયહિસ્સલામ પાસે શિફા માંગી, પરંતુ મને શિફા ન મળી.

હઝરત ઈમામ હુસૈન અલયહિસ્સલામની વિલાદતે બાસઆદતના પ્રસંગે 3 શાબાનના દિવસે બધા શીઆ ખુશીઓ મનાવી રહ્યા હતા, જ્યારે મારા પરિવારજનો મારા કારણે દુઃખી અને ગમગીન હતા.

હું પણ મારા પરિવારના એક વ્યક્તિ સાથે હઝરત ઈમામ રઝા (અ.સ.)ના રોઝામાં દાખલ થયો, પરંતુ મારી મુરાદ પૂરી ન થઈ.

જ્યારે હરમમાંથી બહાર આવ્યો ત્યારે મેં મૌલાને સંબોધીને અરજ કરી:

'મૌલા! તમે તો બિનમુસ્લિમોને પણ મહરૂમ નથી કરતા. તો પછી મારા જેવા રુસિયાહ પર શા માટે મહેરબાની નથી કરતા? હું તો તમારો શીઆ છું અને તમારો પડોશી પણ છું.' આ રીતે ખાલી હાથે ઘરે પાછો ફર્યો અને હઝરત માસૂમા સલામુલ્લાહ અલયહાની ખિદમતમાં જવાનો ઈરાદો કર્યો.

4 શાબાનની રાત્રે, હઝરત અબુલફઝલ અબ્બાસ(અ.સ.)ની વિલાદતની રાત્રે, મેં ખ્વાબમાં જોયું કે હઝરત માસૂમા સલામુલ્લાહ અલયહા અમારા ગરીબખાનામાં તશરીફ લાવ્યા છે.

મેં તેમની પાસે શિફા માંગી તો તેમણે ફરમાવ્યું: 'કુમ આવી જાઓ, હું તમને શિફા આપીશ.' જાગ્યા બાદ મેં મારા પરિવારજનોને આ ખ્વાબ સંભળાવ્યો. પરંતુ મારી નબળી હાલત અને ગરીબીના કારણે કુમ જવું સરળ નહોતું. આ રીતે ઘણા દિવસો પસાર થઈ ગયા. ત્યારબાદ ફરી એક વખત હઝરત માસૂમા સલામુલ્લાહ અલયહાને ખ્વાબમાં જોયા. તેમણે ફરમાવ્યું:

'તમે કેમ નથી આવતા?' મેં અરજ કરી: 'આ હાલતમાં હું કુમ કેવી રીતે પહોંચી શકું? મને અહીં જ શિફા અતા કરી દો.' તેમણે ફરમાવ્યું: 'તમે આવો.'

જાગ્યા બાદ મેં નક્કી કર્યું કે કોઈપણ રીતે કુમ જઈશ. ભલે જે થાય તે થાય, હું જરૂર જઈશ.

મારી 3 વર્ષની લાંબી બીમારી દરમિયાન ઘરની બધી મિલકત વેચાઈ ચૂકી હતી અને હવે વેચવા માટે કંઈ જ બાકી નહોતું. માત્ર કેટલીક વસ્તુ હતી. તેને વેચીને મારા દીકરાએ મુસાફરીનો ખર્ચ તૈયાર કર્યો.

પોતાના સસરાની સાથે 14 શાબાનની રાત્રે કુમ પહોંચ્યો અને હરમ-એ-માસૂમામાં હાજર થવાનું શરફ પ્રાપ્ત થયું.

મને પવિત્ર ઝરીહ પાસે જગ્યા આપવામાં આવી અને ઝરીહ સાથે બાંધી દેવામાં આવ્યો. રડતાં-ગિડગિડાતાં, રાઝો-નિયાઝ કરતાં અને પોતાની નબળી હાલતને કારણે મને ઊંઘ આવી ગઈ.

ત્યારે મેં ખ્વાબમાં જોયું કે હઝરત માસૂમા સલામુલ્લાહ અલયહા સફેદ નકાબ અને કાળી ચાદરમાં તશરીફ ફરમા છે.

તેમણે મને ચાની એક પ્યાલી અતા કરી અને ફરમાવ્યું: 'આ ચા પીઓ અને ઊભા થઈ જાઓ. તમે બીમાર નથી.'

જાગ્યા બાદ મને અનુભવ થયો કે હવે હું બીમાર નથી.

હું તરત જ પવિત્ર ઝરીહને વળગી પડ્યો અને બુલંદ અવાજે પોકારવા લાગ્યો: 'માસૂમાએ મને શિફા અતા કરી છે! માસૂમાએ મને શિફા અતા કરી છે!'

વાકેઆ 26 : ઈમામ હુસૈન તરફથી કાતિલથી બદલો અને હિદાયત

હાજી મોહમ્મદ સોદાગર સાહેબ, જેઓ ઘણા વર્ષો સુધી હિન્દુસ્તાનમાં રહ્યા હતા, તેઓ પોતાના હિન્દુસ્તાનમાં નિવાસ દરમ્યાન જોએલી કેટલીક અદભુત દાસ્તાનો વર્ણવતા હતા.

તેઓ કહેતા હતા કે એક દિવસ મુંબઈમાં એક હિંદુ વ્યક્તિ પોતાની મિલ્કત સરકારી કચેરીમાં વેચીને તેની સંપૂર્ણ કિંમત ખરીદદાર પાસેથી મેળવીને કચેરીમાંથી બહાર નીકળતો હતો ત્યારે બે ઠગો તેની રકમ ચોરી લેવા માટે રાહ જોઈને બેઠા હતા.

તે હિંદુ વ્યક્તિને તેઓની દાનત સમજાઈ ગઈ, તેથી તે ઝડપથી પોતાના ઘરે પહોંચ્યો અને ઘરના મધ્યમાં આવેલા એક વૃક્ષ પર ચડીને છુપાઈ ગયો.

તે બે ઠગો ઘરમાં દાખલ થયા. તેઓએ ઘણી શોધખોળ કરી, પરંતુ તે વ્યક્તિ દેખાયો નહીં. તેથી તેઓએ તેની પત્નીને ધમકાવી અને કહ્યું: "અમે તેને ઘરમાં દાખલ થતા જોયો છે, તારે જણાવવું પડશે કે તે ક્યાં છે."

ઔરતે જવાબ આપ્યો: "મને ખબર નથી."

પછી તેઓએ તેને ખુબજ ત્રાસ અને તકલીફ આપી. અંતે તે મજબૂર થઈને બોલી: "જો હું તમને તેમની જગ્યા બતાવું તો તમે હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના હકની કસમ ખાઓ કે તેને કોઈ નુકસાન નહીં પહોંચાડો."

તે બંને બેશરમ લોકોએ ઈમામ હુસૈન(અ.સ.)ના હકની કસમ ખાધી કે તેઓ તેને કોઈ નુકસાન નહીં કરે, તેઓ ફક્ત તે ક્યાં છે એટલું જાણવા ચાહે છે. ત્યારબાદ ઔરતે વૃક્ષ તરફ ઈશારો કર્યો. તેઓ વૃક્ષ પર ચડ્યા, તે હિંદુ વ્યક્તિને નીચે ઉતાર્યો, તેની બધી રકમ છીનવી લીધી અને પછી એ ડરથી કે તેઓ પકડાઈ ન જાય અને બદનામ ન થાય, તેનું માથું કાપી નાખ્યું.

બિચારી પત્નીએ તેના પતિનું માથું આસ્માન તરફ ઊંચું કરીને કહ્યું: "અય હુસૈન(અ.સ.)! મેં તમારા નામની કસમ પર ભરોસો કરીને મારા પતિનું ઠેકાણું બતાવ્યું હતું."

અચાનક એક અઝીમ શખ્સ દેખાયા. તેમણે પોતાના મુબારક આંગળીથી તે બંને ઠગોની ગરદન તરફ ઈશારો કર્યો. તરત જ તેમના માથાં ધડથી અલગ થઈ જમીન પર પડી ગયા. ત્યારબાદ તેમણે હિંદુનું માથું તેના ધડ સાથે જોડ્યું અને તે જીવતો થઈ ગયો. પછી તે અઝીમ શખ્સ નજરોથી ગાએબ થઈ ગયા.

સરકારી અધિકારીઓને આ દાસ્તાનની જાણ થઈ. તપાસ પછી તેઓ ઈમામ હુસૈન(અ.સ.)ના આ અદભુત મોઅજીઝા પર યકીન કરવા લાગ્યા.

તે સમયે માહે મોહર્રમ હતો તેથી સરકાર તરફથી વિશાળ પાયે લોકો માટે જમવાની વ્યવસ્થા કરવામાં આવી અને અઝાદારોના અવરજવર માટે રેલગાડીનું ભાડું પણ મફત કરવામાં આવ્યું.

તે હિંદુ વ્યક્તિ અને તેના ઘણા સંબંધીઓએ ઈસ્લામ કબૂલ કર્યો અને શીઆ બની ગયા.

(કરામાતે હુસેનીયા, કરામત નં. ૭)

વાકેઆ 27 : ઈમામ હુસૈન(અ.સ.)ની મદદ કરવાની તમન્ના અને આખેરતમાં નજાત

મરહૂમ ફકીહ, મોહક્કિક અને મહાન શિયા આલિમ મુકદ્દસ અર્દબેલી રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે: એક દિવસ બાદશાહ અમ્ર ઈબ્ને લૈસે હુકમ કર્યો કે તેની ફૌજ, તેની સામે કતારમાં પસાર થાય. દરેક સરદાર પોતાની સાથે ૧૦૦૦ સજ્જ સૈનિકો તૈયાર કરે અને દરેક સરદાર, નિશાની તરીકે એક ઝંડો, તે ૧૦૦૦ લોકોના લશ્કરને આપે અને ઈનામ તરીકે તેઓને સોનાની એક ગદા આપે. થોડીવારમાં એક પછી એક એમ કુલ ૧૨૦ પરચમ ઉભા થયા. દરેક પરચમ એક ૧૦૦૦ સૈનિકોની નિશાની હતો.

જ્યારે અમ્ર ઈબ્ને લૈસે પોતાની વિશાળ ફૌજ જોઈ ત્યારે તેણે ૧૨૦ સોનાની ગદાઓ વહેંચી દીધી. એ સમયે જ્યારે તેને જણાવવામાં આવ્યું કે તેની ફૌજ, ૧,૨૦,૦૦૦ સૈનિકોની છે, ત્યારે તે અચાનક ઘોડા પરથી નીચે ઉતરી ગયો, જમીન પર સજદામાં પડી ગયો, પોતાનો ચહેરો માટીમાં ઘસવા લાગ્યો અને જોરજોરથી રડવા લાગ્યો. લાંબા સમય સુધી તે રડતો રહ્યો અને અંતે બેભાન થઈ ગયો.

જ્યારે તે ભાનમાં આવ્યો ત્યારે કોઈમાં હિંમત ન હતી કે તેની પાસે રડવાનું કારણ પૂછે. પરંતુ તેનો એક નજીકનો સાથી હતો, જે તેને ડર્યા વગર પૂછી શકતો હતો. તે આગળ આવ્યો અને બોલ્યો: “અય બાદશાહ! જે

વ્યક્તિ પાસે આવી વિશાળ ફૌજ હોય તેને તો ખુશ થવું જોઈએ. આ તો રડવાનો સમય ન હતો, પછી તમે આવું શા માટે કર્યું?"

અમ્ર ઈબ્ને લૈસે જવાબ આપ્યો: "જ્યારે મેં સાંભળ્યું કે મારી ફૌજ, ૧,૨૦,૦૦૦ માણસોની છે ત્યારે મને તરત જ કરબલાનો બનાવ યાદ આવ્યો.

મારા દિલમાં ભારે હસરત જાગી. મેં વિચાર્યું કે કાશ! હું પણ તે દિવસે કરબલાની જમીન પર હાજર હોત તો હું દુશ્મનો સામે લડીને તેઓનો નાશ કરી નાખત અથવા તો પોતાની જાનની કુરબાની આપી દેત."

જ્યારે અમ્ર ઈબ્ને લૈસનો ઈન્તેકાલ થયો ત્યારે કોઈ એક વ્યક્તિએ તેને ખ્વાબમાં જોયો. તેના માથા પર તાજ હતો, તે બહુ ઊંચા મકામ અને દરજ્જા પર હતો અને હૂરો તેની ખિદમત કરી રહી હતી.

તે વ્યક્તિએ પૂછ્યું: "તમે આટલા ઊંચા દરજ્જા સુધી કેવી રીતે પહોંચ્યા?"

અમ્ર ઈબ્ને લૈસે જવાબ આપ્યો: "જ્યારે મને કબ્રમાં દફનાવવામાં આવ્યો અને ફરિશ્તાઓ મારા સવાલ-જવાબ માટે આવ્યા, ત્યારે હું યોગ્ય જવાબ આપી શક્યો નહીં. તેઓ મને અઝાબ આપવા ચાહતા હતા. એટલામાં મારી કબ્રની જમણી બાજુ ખૂલી ગઈ અને એક સુંદર ચહેરાવાળા યુવાન અંદર દાખલ થયા.

તેમણે ફરમાવ્યું: 'તેને છોડી દો, કારણ કે અલ્લાહે તેને મારી ખાતર મને બક્ષી દીધો છે.' ફરિશ્તાઓએ કહ્યું: "અય મારા સરદાર અને મૌલા! અમે સાંભળ્યું અને અમે આપની ઈતાઅત કરીએ છીએ." પછી તેઓ ચાલ્યા ગયા. હું તરત જ તેમના દામનને પકડીને બોલ્યો: "તમે કોણ છો, જેઓ આ મુસીબતના સમયે મારી મદદે આવ્યા?"

તેમણે જવાબ આપ્યો: “હું હુસૈન ઈબ્ને અલી(અ.સ.) છું. હું તારી પાસે તે આંસુનો બદલો ચૂકવવા આવ્યો છું, જે તે મારા માટે વહાવ્યું હતું અને મારી મદદ કરવાની આરઝૂ જાહેર કરી હતી. આજે હું તારી મદદે આવ્યો છું.”

(કરામાતે હુસૈનીયા, ભાગ: ૧)

વાકેઆ 28 : હઝરત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન(અ.સ.)ની તુર્બતથી શિફા મેળવનારાઓ

શનિવાર, (27 માહે ઝીલ્હજ્જ હિ.સ.1434 એટલે કે 2 નવેમ્બર 2013):

આયતુલ્લાહ હાજી સૈયદ સાદિક રૂહાની એ ફરમાવ્યું: ફિક્હુસ્ સાદિક ના કેટલાક ભાગ પ્રકાશિત થયા પછી મરહૂમ આયતુલ્લાહ મિર્ઝા મહદી શીરાઝી કુદ્દેસ સિર્રહુએ મને એક પત્ર લખ્યો.

તેમાં તેમણે લખ્યું: "હું આ કિંમતી કિતાબના વખાણ કરવા માટે યોગ્ય શબ્દો શોધી શકતો નથી. તેથી મેં ઈમામ હુસૈન(અ.સ.)ની એવી થોડી તુર્બત તમને મોકલી છે, જે મેં તેમના કબ્રે મુતહ્હરથી પોતે લીધી હતી."

એક વખત સૈયદ મહમૂદ ખુસરોશાહી કે જે આયતુલ્લાહ મિર્ઝા મહદી શીરાઝીના પૌત્ર હતા. તેઓ ખૂબ બીમાર પડી ગયા. ડૉક્ટરોએ પણ ઉમ્મીદ છોડી દીધી.

જનાબ ખુસરોશાહીએ કહ્યું: "હવે હું વધુ સહન કરી શકતો નથી."

તે પછી તેઓ ત્યાંથી ચાલ્યા ગયા.

આયતુલ્લાહ મિર્ઝા મહદી શીરાઝી કહે છે કે મને યાદ આવ્યું કે અમારી પાસે ઈમામ હુસૈન(અ.સ.)ની થોડી તુર્બત હતી. અમે તેને પાણીમાં ઓગાળી. ઘણી મહેનત કરીને મહમૂદનું મોઢું ખોલ્યું અને તે પાણી તેમના મોઢામાં નાખ્યું. એ જ ક્ષણે તેઓ ઊભા થઈને બેસી ગયા.

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન અ.સ., મહદી પુર)

વાકેઆ 29 : કરબલાની પવિત્ર માટીની ધૂળ એક ગુનેહગાર શખ્સના જનાઝા પર પડી અને તે ધૂળની બરકતથી તેની મગફેરત થઈ

તોહફતુલ મજાલીસ કિતાબમાં છે કે બગદાદમાં એક એવો શખ્સ રહેતો હતો જે ખૂબ જ ગુનેહગાર હતો અને ગુનાહોમાં ડૂબેલો હતો.

તેની પાસે ઘણી દૌલત પણ હતી. જ્યારે તેના મૌતનો સમય આવ્યો ત્યારે તેણે વસિય્યત કરી: "જ્યારે હું દુનિયાથી રૂખસ્ત થઈ જાઉં, ત્યારે મારા જનાઝાને નજફ અશરફ લઈ જજો અને ત્યાં દફન કરજો. કદાચ હઝરત અમીરુલ મોમેનીન અલી(અ.સ.)ની બરકતથી અલ્લાહ તઆલા મારા ગુનાહો માફ કરી દે અને મને તેમની સીફારિશથી બખ્શી દે."

આ વાત કહી તે આ દુનિયાથી રૂખસ્ત થયો.

તેના સગા-સંબંધીઓએ તેની વસિય્યત પ્રમાણે તેના જનાઝાને લઈને નજફે અશરફ તરફ સફર શરૂ કરી.

તે જ રાત્રે હઝરત અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.)ના હરમના ખાદિમોએ ખ્વાબમાં જોયું કે હઝરત અલી(અ.સ.) હરમના સહનમાં તશરીફ લાવ્યા અને બધા ખાદિમોને બોલાવીને ફરમાવ્યું: "આવતીકાલે સવારે એક ફાસિક શખ્સનો જનાઝો આ નિશાની સાથે અહીં લાવવામાં આવશે. તેને રોકજો અને અહીં દફન કરવા ન દેજો, કારણ કે તેના ગુનાહો રણની રેતીના કણોથી પણ વધારે છે."

આટલું કહી હઝરત અલી(અ.સ.) નજરોથી ગાએબ થઈ ગયા.

સવારે બધા ખાદિમો ભેગા થયા અને એકબીજાને પોતાનું ખ્વાબ જણાવ્યું. પછી તેઓ શહેરના દરવાજા પાસે રાહ જોવા બેઠા. ઘણો સમય વીતી ગયો, પરંતુ કોઈ આવ્યું નહીં. તેઓ આશ્ચર્યમાં પાછા ફર્યા કે આવું કેમ થયું?

હકીકતમાં, જે લોકો જનાઝો લઈને આવી રહ્યા હતા, તેઓ રાત્રે રસ્તો ભૂલી ગયા અને તેમનો રસ્તો કરબલાના મેદાન તરફ વળી ગયો.બીજા દિવસે તેઓ નજફ અશરફ તરફ આગળ વધ્યા.

બીજી રાત્રે ફરી ખાદિમોએ ખ્વાબમાં હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને જોયા. હઝરતે ફરમાવ્યુ: "સવારે શહેરની બહાર જાઓ. જે જનાઝાને ગઈ કાલે રોકવાનો હુકમ આપ્યો હતો, તેને હવે સંપૂર્ણ ઈઝ્ઝત અને એહતરામ સાથે લાવો. થોડો સમય મારા રૌઝામાં રાખો અને પછી તેને સૌથી શ્રેષ્ઠ જગ્યાએ દફન કરો."

ખાદિમોને ખૂબ આશ્ચર્ય થયું. તેમણે અરજ કરી: "યા અમીરૂલ મોઅમેનીન(અ.સ.)! આમાં શું રહસ્ય છે?"

હઝરતે ફરમાવ્યું: "ગઈ રાત્રે તે લોકો રસ્તો ભૂલીને કરબલાના મેદાનમાં પહોંચી ગયા હતા. ત્યાં પવનથી કરબલાની પાકીઝા ખાક તે ગુનેહગાર શખ્સના જનાઝા પર ઉડીને પડી. મારા ફરઝંદ ઈમામ હુસૈન(અ.સ.)ની ખાતર કરબલાની માટીની બરકતથી અલ્લાહ તઆલાએ તેના બધા ગુનાહો માફ કરી દીધા અને તેને બખ્શી દીધો છે."

ખાદિમો જાગી ગયા. સવારે તેઓ બધા શહેરની બહાર ગયા.

થોડા સમય પછી તે જનાઝો આવ્યો. તેમણે સંપૂર્ણ ઈઝ્ઝત અને એહતરામ સાથે તેને હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના મુબારક રોઝામાં લઈ ગયા અને શ્રેષ્ઠ જગ્યાએ દફન કર્યો.

પછી તેમણે આ આખો બનાવ, જનાઝા સાથે આવેલા લોકોને પણ બયાન કર્યો. (શહાદતુલ અવલીયા, હાજી નાજી સાહેબ)

(કશકોલ અન્નૂર, દાસ્તાન હાય અન્વારે આસમાની, તોહફતુલ મજાલીસ)

વાકેઆ 30 : ખાકે કરબલાથી તરત મુકમ્મલ શિફા

ગુરૂવાર, 27 ઝિલકાદ હિ.સ. 1434 એટલે કે 3 ઑક્ટોબર 2013ના રોજ જનાબ હાજી મોહસીન શિરાઝી, એહલેબૈત(અ.મુ.સ.)ના ખાલીસ મદ્દાહ નકલ કરે છે કે: અમુક વર્ષો પહેલા હું ઠંડા પીણાની બોટલનું ઢાંકણું ખોલી રહ્યો હતો. અચાનક બોટલનું ઢાંકણું ખૂબ જ જોરથી મારી આંખમાં વાગ્યું અને મારી આંખને ખૂબ ગંભીર ઈજા થઈ. આંખનો સફેદ અને કાળો ભાગ એકબીજા સાથે ભળી ગયા. ઘરના બધા લોકો ખૂબ જ પરેશાન થઈ ગયા.

મેં મારી માઁને કહ્યું: "શું તમારી પાસે ખાકે શિફા છે?" તેમણે કહ્યું: "હા, મારી પાસે અસલી ખાકે શિફા છે."

તેમણે થોડી ખાકે શિફા લાવી આપી. મેં તેને એક ચાની ચમચીમાં પાણી સાથે ભેળવી મારી આંખમાં નાખ્યું. થોડા જ ક્ષણોમાં મારી આંખ ફરી તેની સ્વાભાવિક સ્થિતિમાં આવી ગઈ અને તેની દૃષ્ટિ પણ પાછી આવી ગઈ. માત્ર આંખ લાલ રહી ગઈ હતી.

સાંજે હું ડૉક્ટર ઝુમરુદ્દીન પાસે ગયો અને મેં કહ્યું: "આજે બપોરે મારી સાથે આવો બનાવ બન્યો હતો."

ડૉક્ટરે કહ્યું: "શું તમે મારી સાથે મજાક કરો છો? આ આંખમાં તો ઓછામાં ઓછા એક મહિના પહેલા લોહી વહ્યું હતું અને હવે તે સારી થઈ ગઈ છે."? મેં કહ્યું: "ના, આ બનાવ તો આજે જ બન્યો છે." તેમણે કહ્યું: "આ શક્ય જ નથી."

મેં કહ્યું: "અમે તેમાં ખાકે શિફા નાખી હતી અને પછી તેની આવી સ્થિતિ થઈ ગઈ." તેઓ પોતાની જગ્યાએથી ઊભા થયા, મારા કપાળને બોસો આપ્યો અને કહ્યું: "આ આંખને હવે કોઈ સારવારની જરૂરત નથી. તમારા પરિવારના દિલને શાંતિ મળે એટલા માટે હું માત્ર આંખના ટીપાં

લખી આપું છું, નહિતર ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયતથી તમારી આ પરેશાની દૂર થઈ ગઈ છે." (જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન(અ.સ.) મહદી પૂર)

વાકેઆ 31 : હાજી શેખ જાફર શુશ્તરી(ર.અ.) પર ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત

અલ્લામા મોહક્કિક હાજી શેખ મોહમ્મદ તકી શુસ્તરી લખે છે કે: હઝરત આયતુલ્લાહુલ ઉઝમા હાજી શેખ જઅફર શુસ્તરી(ર.અ.), "ખસાઇસુલ હુસૈનિય્યહ" ના લેખક, ફરમાવે છે: "નજફ અશરફમાં મારી દીની તહસીલ પૂર્ણ કર્યા પછી હું મારા વતન શુસ્તર પરત ફર્યો. ત્યારે મને સંપૂર્ણ રીતે એ અનુભવ થયો કે લોકોને ઇસ્લામના સાચા મઆરિફથી વધુમાં વધુ પરિચિત કરાવવું એ મારી ફરજ છે.

તેથી દર શુક્રવારે અને પછી રમઝાનુલ મુબારકના મહિનામાં, હું તફસીરે સાફી હાથમાં લઈને લોકો સમક્ષ તકરીર કરતો. અંતમાં વિચાર આવ્યો કે જેમ દરેક ભોજનમાં મીઠું જરૂરી હોય છે, તેમ આ મજલીસની મીઠાશ તો મૌલાએ કૌનૈન હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના મસાએબ છે. તેથી હું રૌઝતુશશોહદામાંથી થોડાક મરસીયા પણ પડતો.

મોહર્રમનો મહિનો પણ આ જ રીતે પસાર થયો. પરંતુ મને એક મોટી મુશ્કેલી હતી. કિતાબ હાથમાં લીધા વગર હું મીમ્બર પર બોલી શકતો ન હતો. લોકો પણ એટલો ફાયદો મેળવી શકતા ન હતા.

આ રીતે એક વર્ષ પસાર થયું. બીજા વર્ષે મોહર્રમ નજીક આવ્યો ત્યારે મેં વિચાર્યું: 'ક્યાં સુધી હું કિતાબ લઈને જ મીમ્બર પર જઈશ? શું હું ક્યારેય યાદ કરીને તકરીર કરી શકીશ નહીં?' ઘણો વિચાર કર્યો, પરંતુ કોઈ ઉપાય સૂઝ્યો નહીં. ચિંતાથી હું અત્યંત થાકી ગયો અને એ જ હાલતમાં ઊંઘી ગયો.

સ્વપ્નમાં મેં જોયું કે હું કરબલાની ઝમીન પર છું. એ જ સમયે જ્યારે હઝરત ઈમામ હુસૈન(અ.સ.)નો કાફલો ત્યાં ઊતર્યો હતો.

મેં એક ખૈમો જોયો અને સામે દુશ્મનની ગીચ હરોળો ઊભી હતી. હું આગળ વધ્યો અને ખૈમામાં દાખલ થયો.

જોઉં છું તો હઝરત ઈમામ હુસૈન(અ.સ.) અંદર તશરીફ ફરમા છે. મેં સલામ કરી. ઈમામ(અ.સ.)એ પ્યારથી મને પોતાની પાસે બેસાડ્યો અને હબીબ ઈબ્ને મઝાહિર(અ.સ.)ને ફરમાવ્યું: "આ અમારા મહેમાન છે. મહેમાનની મહેમાનનવાઝી કરવી જોઈએ. અમારી પાસે પાણી નથી, પરંતુ લોટ અને તેલ છે. ઊઠો અને એમાંથી તેમના માટે ભોજન તૈયાર કરો."

હબીબ ઈબ્ને મઝાહિર(અ.સ.) હુકમનું પાલન કરવા ઊભા થયા. થોડા સમય પછી તેઓ એક વાસણમાં જમવાનું લઈને આવ્યા અને મારી સામે મૂક્યું. મને આજે પણ યાદ છે કે એ વાસણમાં એક ચમચી પણ હતી.

મેં એ જન્નતી ખોરાકના થોડા લુકમા લીધા.એ જ ક્ષણે મારી આંખ ખુલી ગઈ. ત્યાર પછી મેં અનુભવ્યું કે હઝરત ઈમામ હુસૈન(અસ.) ની આ બરકતથી અહલુલબૈત(અ.મુ.સ.)ના કલામમાં રહેલા નાજુક ઈશારા, લતીફ નુકાત અને ઊંડા અર્થો મને એવા રીતે સમજાવા લાગ્યા કે આજ સુધી કોઈ પણ વ્યક્તિ આ બાબતમાં મારાથી આગળ વધી શક્યો નથી. આ જ ફયઝ અને બરકતના પરિણામે મારી "ખસાઈસુલ હુસૈનિય્યહ", "સાઠ મજલીસ", "ત્રીસ મજલીસ" અને "ચાર મજલીસ" જેવી કિતાબો લખાઈ."

(ખસાએસુલ હુસૈનિય્યહ, પેજ 20) (કરામાતુલ હુસૈનિય્યહ (અ.સ.), જિલ્દ 2) (આયાતુન બય્યિનાત ફી હકીકતી બઅ્ઝિલ મનામાત" પેજ 143)

વાકેઆ 32 : હઝરત ઝુહૈર બિન કૈન (ર.અ.) લશ્કરે હુસૈનીના તબીબ, મજલીસે હુસૈનનું તબર્રુક બીમારીઓ માટે શિફાનો વસીલો

મદરેસતુલ વાએઝીન, લખનૌના પ્રિન્સિપાલ મૌલાના અદીલ અખ્તર સાહેબ બયાન કરે છે: તાલિબે ઈલ્મના ઝમાનામાં એક વખત તબર્રુક વિશે ચર્ચા થઈ. ત્યારે શમ્સુલ ઓલમા સૈયદ સિબ્ત હસન સાહેબે ફરમાવ્યું:"જે વ્યક્તિ કોઈ બીમારની શિફા માટે રોઝો રાખે અને ઈફ્તાર પછી આ દોઆ કરીને સુઈ જાય: 'એ ઝુહૈર બિન કૈન, લશ્કરે હુસૈનીના તબીબ! મારા બીમાર માટે કોઈ દવા બતાવો' તો ઈન્શાઅલ્લાહ, તેને ખ્વાબમાં એક બુઝુર્ગ દેખાશે, જે તે બીમારી માટે નુસ્ખો જણાવી દેશે."

એક બીમાર વ્યક્તિની બહેને પોતાના ભાઈની શિફા માટે રોઝો રાખ્યો અને જણાવ્યા મુજબ આ દોઆ કરીને સૂઈ ગઈ. તેણે સ્વપ્નમાં જોયું કે એક મહાન બુઝુર્ગની આસપાસ લોકો ભેગા થયા છે અને તેઓ બીમારોને દવાના નુસ્ખા લખી આપી રહ્યા છે.

તેણે પોતાના ભાઈની બીમારી માટે દવા માગી, તો જવાબ મળ્યો:

"તે પોતે દવા કરતો નથી." તેણે અરઝ કરી: "એવું નથી; તેણે ઘણી દવા કરી છે." બુઝુર્ગે ફરમાવ્યું: "તે મજલીસે હુસૈનનું તબર્રુક લેતો નથી."

સવારે બહેને આખો સ્વપ્નનો બનાવ પોતાના ભાઈને સંભળાવ્યો.

ભાઈએ સ્વીકાર્યું: "હા, આ સાચું છે. ભીડના કારણે ઘણી વખત મજલીસમાંથી નીકળતી વખતે હું તબર્રુક લીધા વગર જ ચાલ્યો જતો હતો. હવે પછી આવું નહીં કરૂ."

ત્યારબાદ તેણે પહેલી જ મજલીસમાં હાજરી આપી અને ભીડની તકલીફ સહન કરીને પણ તબર્રુક હાસિલ કર્યું. અલ્લાહના ફઝલથી, ત્યાર પછી તેની બીમારી દૂર થઈ ગઈ.

(સવાનેહ હઝરત ઝુહૈર બિન કૈન, આગા મહદી લખનવી)

વાકેઆ 33 : ઈમામ હુસૈન(અ.સ.)ની ખાકે શિફાની બરકતથી મૌતથી નજાત

હુજ્જતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન આકા નૂરી, જે હઝરત અબુલફઝ્લ અલહ્સ્સલામના હરમે મુતહ્હરની લાઈબ્રેરીના સંચાલક હતા, તેમણે શુક્રવાર, 19 જમાદીઉસ્ સાની હિ.સ. 1433 ના રોજ લાઈબ્રેરીમાં સૈયદ કાઝિમ અનવાર પાસેથી આ બનાવ નકલ કર્યો:

તેઓ થોડા તાલિબે ઈલ્મ સાથે તબ્લીગ માટે કોંગો ગયા હતા. ત્યાં કેટલાક લોકોએ તેમને કૈદ કરી લીધા.

લગભગ 15 કિલોમીટર દૂર આવેલા એક ગામમાં તેમને પોતાના સરદાર પાસે લઈ જઈને કહ્યું: "આ લોકો આપણા દુશ્મનોને મદદ કરતા હતા, તેથી અમે તેમને કૈદ કર્યા છે."

અમે તેમને ઘણી સમજાવટ કરી કે: "અમે મુસલમાન છીએ. અમે તો તમારા લોકોની હિદાયત માટે આવ્યા છીએ." પરંતુ તેમણે અમારી વાત ન માની.

પછી તેમનો સરદાર અમને એક રૂમમાં લઈ ગયો, જ્યાં એક વ્યક્તિ ત્રણ દિવસથી કોમામાં પડ્યા હતા. સરદારે કહ્યું: "આ મારા પિતા છે. છેલ્લા ત્રણ દિવસથી તેઓ કોમામાં છે. હું તમને સવાર સુધીનો સમય આપું છું. તમારા ખુદા પાસે દોઆ કરો કે મારા પિતા સાજા થઈ જાય. અગર તેઓ સવાર સુધીમાં સાજા થઈ જશે, તો અમે બધા મુસલમાન બની જઈશું. પરંતુ અગર તેઓ સાજા નહીં થાય, તો અમે તમને બધાને મારી નાખીશું."

અમારામાંથી એક વ્યક્તિએ ઝિયારતે આશૂરા પઢવાનું શરૂ કર્યું, જ્યારે બીજા એક જણાએ નમાઝે હાજત અદા કરી.

અમારા સાથીઓમાં એક ડૉક્ટર પણ હતા. તેમણે બીમારના પગ પર ઝેરી સાપના ડંખનું નિશાન જોયું.

સવાર થવાની નજીક મને યાદ આવ્યું કે મારી પાસે ઈમામ હુસૈન(અ.સ.) ની કબ્રની ખાકે શિફા હતી. અમે તે ખાકે શિફા સાપના ડંખની જગ્યાએ લગાવી. તરત જ ત્યાંથી કાળું લોહી ફુવારા જેવી રીતે બહાર નીકળ્યું.

એ જ ક્ષણે તે વ્યક્તિએ આંખો ખોલી અને કહ્યું: "મને પ્યાસ લાગી છે."

ડૉક્ટરે કહ્યું: "હમણાં પાણી આપવું યોગ્ય નથી. તેમને દૂધ આપો."

તેમને દૂધ પીવડાવવામાં આવ્યું. થોડા જ કલાકોમાં તેમની તબિયત સંપૂર્ણ સારી થઈ ગઈ. આ બનાવ પછી તે આખા ગામના લોકો મુસલમાન અને શીઆ બની ગયા.

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન(અ.સ.), અલી અકબર મેહ્દીપુર પેજ :૨૧૩)

હદીસ : "ઈમામ હુસૈન(અ.સ.)ની કબ્રની ખાકે શિફામાં દરેક બીમારી માટે શિફા છે અને દરેક પ્રકારના ભયથી અમન (સલામતી) છે."

વાકેઆ 34 : ઈમામ હુસૈન(અ.સ.) પોતાના ઝાએરની હિફાઝત કરે છે

આથી 12 વર્ષ પહેલા હઝરત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત માટે ઈરાકી ઔરતોનો એક કાફલો તૈયાર થયો. આ કાફલામાં લગભગ ૩૫ થી ૪૦ ઔરતો હતી. તેઓ લગભગ અડધા રસ્તામાં રણ પ્રદેશમાંથી પસાર થયા અને અડધા રસ્તામાં તેઓ નજફથી કરબલાની વચ્ચેના રસ્તા પરથી પસાર થયા કે જ્યાં ઘણી બધી મવકીબો હતી.

કરબલા જવાના રસ્તામાં આવેલ એક મવકીબમાં તેઓએ આરામ કર્યો. તેઓએ ત્યાંની ખિદમતગુઝાર ઔરતોને કહ્યું કે આ રાત્રે અમે અહીં રોકાશું અને કાલે સવારે પાછા સફર પર નીકળી જશું. તમે કાલે સવારે અમને બધાને નમાઝે સુબ્હ પહેલા ઉઠાડી દેજો.

સવાર પડી. ખિદમતગુઝાર ઔરતોએ, તે આવેલ ઝવ્વાર ઔરતોને ઉઠાડી. બધી ઔરતો ઉઠી ગઈ પરંતુ એક ઔરત એવી હતી કે જે ઊઠવા

તૈયાર થતી ન હતી. તે ઔરતને ઘણી વખત ઉઠાડવાની કોશિશ કરી પણ તે ઊઠી નહીં.

પછી તે ખિદમતગુઝાર ઔરતોએ તે ઝવ્વાર ઔરતોને કહ્યું કે આ તમારી સાથે આવેલ ઔરત તો ઊઠવા તૈયાર જ નથી. હવે શું કરવું?

તો આ સાંભળીને ઝવ્વાર ઔરતોએ કહ્યું કે આ ઔરત તો અમારા કાફલાની નથી. આ ઔરત તો સફર દરમિયાન અમારી સાથે જોડાઈ ગઈ હતી. તેને તો અમે જાણતા પણ નથી. અમે તો અમારો સફર જારી રાખીશું. પછી તેઓએ નમાઝે સુબ્હ પઢીને પોતાના સફર પર નીકળવાની તૈયારી કરી.

અહીં ખિદમતગુઝાર ઔરતોએ વિચાર્યું કે ચાલો જોઈએ કે તે ઔરતની શું બાબત છે. જ્યારે તેઓ તેણી પાસે પહોંચ્યા ત્યારે એ જાણવા મળ્યું કે તેણી આ દુનિયાથી રૂખસ્ત થઈ ગઈ છે. તે તો મરી ગઈ છે .

બધાને આ જાણી ખુબજ અફસોસ થયો કે એક ઝવ્વારે ઈમામ હુસૈન(અ.સ.)નો સફર દરમિયાન જ રસ્તામાં ઈન્તેકાલ થઈ ગયો છે.

તે ઝવ્વાર ઔરતોએ ખિદમતગુઝાર ઔરતોને કહ્યું કે અમારો આ ઔરત સાથે કોઈ સંબધ નથી અને અમે તેને ઓળખતા પણ નથી. એટલે અમે અમારા સફર પર જઈએ છીએ. તમે બધા આ ઔરતને ગુસ્લો કફન આપીને તેને દફન કરી દેજો.

ખિદમતગુઝાર ઔરતોએ વિચાર્યું કે જરાક થોડુંક અજવાળુ થાય અને દિવસનો અમુક ભાગ પસાર થાય પછી ગુસ્લો કફન આપીને તેને દફન કરીએ. પછી જ્યારે થોડુંક અજવાળુ થયું તો તેઓએ જોયું કે તે ઔરતના શરીરમાં ઝેર ફેલાઈ ગયું છે અને તેના કારણે તેના શરીરનો રંગ વાદળી થઈ ગયો છે.

તેઓને જાણવા મળ્યું કે તે ઔરતને વીંછીએ ડંખ માર્યો છે અને તેનું નિશાન પણ તેણીના શરીર પર દેખાતું હતું અને તેના જ કારણે તેણીના શરીરનો રંગ વાદળી થઈ ગયો હતો. તેઓએ વિચાર્યું કે આ ઔરતને ફક્ત એક જ વીંછીએ ડંખ નહીં માર્યો હશે, તેની સાથે બીજા ઘણા વીંછી હશે કે જે બીજાઓ માટે પણ મૂશ્કેલી ઊભી કરશે. એટલે તેઓએ ત્યાંની બધી ઔરતોને ત્યાંથી બીજી જગ્યાએ મોકલી દીધી. ત્યાં સુધી કે મર્દોના વિભાગમાંથી મર્દોને પણ બીજી જગ્યાએ મોકલવામાં આવ્યા. પછી તેઓએ વીંછીની તપાસ શરૂ કરી પરંતુ તેઓને કોઈ એક પણ વીંછી મળ્યો નહીં.

તેઓ પરેશાન થઈ ગયા કે અગર અહીંયા વીંછીએ હશે તો ઝવ્વારે ઈમામ હુસૈન(અ.સ.) માટે ખતરો બની જશે.

અંતે નક્કી થયું કે પહેલા આ ઔરતને ગુસ્લો કફન આપીને તેને દફન કરવામાં આવે પછી વીંછીની તપાસ ફરી કરીશું.

જ્યારે ખિદમતગુઝાર ઔરતોએ તેણીને ગુસ્લ આપવા માટે તેણીના પોશાક ઉતાર્યા તો તેઓ તેણીના શરીરને જોઈને નવાઈ પામ્યા કે તે ઔરત એટલી ખતરનાક હતી કે તેણીના શરીર પર બોમ્બ બાંધેલા હતા અને તે દુશ્મન ઔરત ત્યાં એટલા માટે આવી હતી કે તે જ્યાં વધારે મજમો જોવે ત્યાં જાય અને કોઈ એક બટન દબાવીને બધો મજમો કે જે ઝાએરે ઈમામ હુસૈન(અ.સ.)નો હોય તેને મારી નાખે.

આ બનાવ પર થી આપ લોકોએ જોયું કે હઝરત ઈમામ હુસૈન(અ.સ.) પોતાના ઝાએરોની કેવી રીતે હિફાઝત કરે છે. દુશ્મન ચાહે કેટલી પણ કોશિશ કરે ઈમામ હુસૈન(અ.સ.) પોતાના ઝાએરની હિફાઝત માટે કંઈને કંઈ બંદોબસ્ત કરે જ છે.

(મૌલાના સૈયદ મોહમ્મદ ઝકી હસન સાહેબની મજલિસમાંથી)

વાકેઆ 35 : ખાકે શિફાની બરકતથી શિફા મળી, ઔલાદ મળી, હિદાયત પણ મળી

ગુરૂવાર, 11 શવ્વાલ હિ.સ. 1422 એટલે કે 28 ફેબ્રુઆરી 2002

મરહૂમ આયતુલ્લાહ હાજ મિર્ઝા જવાદ તબરેઝીના ફરઝંદ શેખ જઅફર તબરેઝી સાહેબે જનાબ નાએનીના ઘરે, જનાબ અલીદૂસ, જનાબ ગંજી, જનાબ બાઅસી અને જનાબ સૈયદીની હાજરીમાં એવા ઘણા લોકોના કિસ્સાઓ નકલ કર્યા છે જેમને ઈમામ હુસૈન(અ.સ.)ની ખાકે શિફાની બરકતથી શિફા મળી હતી. તેમણે પોતાના ભાઈ ડૉ. કાઝિમનો કિસ્સો પણ બયાન કર્યો.

તેઓ બાંગ્લાદેશમાં હતા ત્યારે તેમની એક આંખમાં ગંભીર તકલીફ થઈ. ડૉક્ટરોએ સારવારની ઉમ્મીદ છોડી દીધી હતી. ત્યારે તેમણે મરહૂમ આયતુલ્લાહ તબરેઝીને ફોન કરીને પોતાની મુશ્કેલી જણાવી અને કહ્યું કે તેઓ ઈરાન આવવા ઈચ્છે છે. ફોન પૂરો થયા પછી આયતુલ્લાહે પૂછ્યું: "શું કોઈ બાંગ્લાદેશ જઈ રહ્યું છે?"

લોકોએ જવાબ આપ્યો: "અલી નવાઝ નામના એક વ્યક્તિ બાંગ્લાદેશ જઈ રહ્યા છે." ત્યારે આયતુલ્લાહે તેમના હાથેથી થોડી ખાકે શિફા મોકલાવી.

રાત્રે ડૉ. કાઝિમે તે ખાકે શિફા પોતાની આંખ પર મૂકી. સવારે જ્યારે તેઓ જાગ્યા, ત્યારે જોયું કે આંખની તકલીફનું કોઈ નામો નિશાન જ નહોતું.

પછી તેઓ પોતાના ડૉક્ટર પાસે ગયા. ડૉક્ટરે તપાસ કરીને નવાઈ પામતા કહ્યું: "મારું મેડિકલ સાધન તો હવે કોઈ બીમારી બતાવતું જ નથી."

તેમણે એ જ મજલીસમાં એક સુન્ની વ્યક્તિનો પણ ઉલ્લેખ કર્યો, જે તે ડૉક્ટરનો સહાયક હતો. તેણે ઘણા વર્ષો સુધી ઔલાદ મેળવવા માટે ખૂબ પ્રયત્નો કર્યા, પરંતુ સફળતા મળી ન હતી.

પછી તેને ખાકે શિફાના વસીલાથી ઔલાદની નેઅમત મળી. આ બનાવથી પ્રભાવિત થઈને તેના પૂરા કબીલાએ શીઆ મઝહબ કબૂલ કરી લીધો.

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન(અ.સ.)

વાકેઆ 36 : ઈમામ હુસૈન(અ.સ.)ના દુશ્મનનો અંજામ

યૂસુફ બિન યહ્યા પોતાના પિતા અને તેમણે પોતાના દાદાથી રિવાયત કરે છે કે તેઓ કહે છે: મેં મક્કામાં એક માણસને જોયો, જેનો ચહેરો કોલસા જેવો કાળો થઈ ગયો હતો. તે લોકો વચ્ચે બૂમો પાડી રહ્યો હતો:

"લોકો! શું અહીં આલે મોહમ્મદ(અ.મુ.સ.)માંથી કોઈ હાજર છે?"

લોકોએ પૂછ્યું: "તું એમના વિશે શા માટે પૂછે છે?"

તેણે કહ્યું: "હું ફલાણો માણસ છું."

લોકોએ કહ્યું: "તું જૂઠું બોલે છે. જે નામ તું કહે છે તે માણસને અમે સારી રીતે ઓળખીએ છીએ. તે તો ખૂબ સુંદર હતો, જ્યારે તું તો દુનિયાનો સૌથી કદરૂપો માણસ દેખાય છે."

તેણે કહ્યું: "મોહમ્મદ(સ.અ.વ.)ના હક્કની કસમ! હું એ જ માણસ છું, પરંતુ મેં એવો ગુનાહ કર્યો કે જેના કારણે હું આ અપમાનજનક હાલતમાં પહોંચી ગયો છું."

આ સાંભળીને લોકોમાં ઉત્સુકતા જાગી અને તેઓએ તેની દાસ્તાન પૂછવી શરૂ કરી. તેણે કહ્યું: "હું ઈમામ હુસૈન(અ.સ.)ના કાફલાનો ઊંટવાળો હતો. એક વખત ઈમામ હુસૈન(અ.સ.) કુદરતી હાજત માટે ગયા ત્યારે મારી નજર તેમની કિંમતી કમરબંદ પર પડી. આ કમરબંદ તેમને તેમના સાળા યઝદગર્દ ભેટમાં આપી હતી, જ્યારે ઈમામે તેમની બહેન શહરબાનુ સાથે નિકાહ કર્યા હતા.

હું તે કમરબંદ માંગવા ઈચ્છતો હતો, પરંતુ ઈમામની હૈબતે મને રોકી દીધો. ઘણી વખત તેને ચોરી લેવાનો વિચાર આવ્યો, પરંતુ મને તક ન મળી.

જ્યારે ઈમામ હુસૈન(અ.સ.) આશૂરાના દિવસે સાંજના સમયે કરબલામાં પહોંચ્યા, ત્યારે હું તેમને ત્યાં છોડી દૂર ચાલ્યો ગયો.

આશૂરાના દિવસે લાલ રંગનું તોફાન ઊઠ્યું. મને ખાતરી થઈ ગઈ કે ઈમામ હુસૈન(અ.સ.) શહીદ થઈ ગયા છે. શૈતાને મને ઉશ્કેર્યો કે હું મેદાનમાં જઈને તે કમરબંદ મેળવી લઉં. હું કરબલાના મેદાનમાં ગયો અને શહીદોના શરીરોમાં શોધખોળ શરૂ કરી. અંતે મને ઈમામ હુસૈન (અ.સ.)નું જિસ્મ મળી ગયું.

તેમનું પવિત્ર જિસ્મ ખુનથી તરબતર હતું. માથું મુબારક જુદું કરવામાં આવ્યું હતું અને તીર, ભાલા તથા તલવારના અસંખ્ય ઘા તેમના શરીર પર દેખાતા હતા. જ્યારે મેં કમબંદ ખોલવાનો પ્રયત્ન કર્યો ત્યારે અચાનક ઈમામ હુસૈન(અ.સ.)નો એક હાથ ઊંચો થયો અને મારા હાથને પકડી લીધો. તેમની પકડ એટલી મજબૂત હતી કે મને લાગ્યું કે મારો હાથ તૂટી જશે.

મેં ઘણો પ્રયત્ન કર્યો, પરંતુ હું મારો હાથ છોડાવી શક્યો નહીં. મારી પાસે એક છરી હતી. મેં તે છરીથી ઈમામ(અ.સ.)ની આંગળીઓ કાપી નાખી અને ફરીથી કમરબંદ ખોલવાનો પ્રયાસ કર્યો.

એ જ સમયે મેં કુરાતની દિશાથી કેટલાક સવારોને આવતા જોયા. તેમની તરફથી એવી ખુશ્બૂ આવી રહી હતી કે આખું વાતાવરણ ખુશ્બુદાર થઈ ગયુ.

હું સમજી ગયો કે કદાચ તેઓ ઈબ્ને ઝિયાદના સૈનિકો હશે અને તપાસ કરવા આવી રહ્યા હશે કે કોઈમાં હજુ જાન બાકી છે કે નહીં.

ભયના કારણે હું લાશાઓની વચ્ચે પડી ગયો અને પોતાને મૃત હોવાનું દેખાડવા લાગ્યો.

મેં જોયું કે એક નૂરાની ચહેરાવાળા સવાર આગળ હતા. તેમનો ચહેરો સૂર્ય જેવો ચમકી રહ્યો હતો. તેઓ કહી રહ્યા હતા: "હું રસૂલે ખુદા મોહમ્મદ (સ.અ.વ.) છું." પછી બીજા સવાર આવ્યા અને કહ્યું: "હું હમઝા અસદુલ્લાહ છું." ત્રીજા સવાર બોલ્યા: "હું જઅફરે તય્યાર છું." ચોથા સવાર બોલ્યા: "હું અલીએ મુર્તઝા(અ.સ.) છું." પાંચમા સવાર બોલ્યા: "હું હસને મુજતબા (અ.સ.) છું."

ત્યારબાદ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.) કરબલાના મેદાનમાં રડતાં-બિલખતાં આવ્યા અને ફરમાવ્યું: "અય મારા હુસૈન! અય મારી આંખોના નૂર! તમારી મા તરીકે હું શેના પર રડું ? તમારા કપાયેલા સર પર ? તમારા કપાયેલા હાથો પર ? ગરમ રેતી પર પડેલા તમારા શરીર પર ? અથવા તમારા અહલેબૈતની કૈદ પર ?"

પછી રસૂલે ખુદા મોહમ્મદ(સ.અ.વ.)એ ફરમાવ્યું: "મારા સૌથી પ્યારા હુસૈનનું સર ક્યાં છે ?" અચાનક મેં જોયું કે ઈમામ હુસૈન(અ.સ.)નું સર રસૂલુલ્લાહ(સ.અ.વ.)ના હાથમાં આવી ગયું. તેમણે તે સર શરીર સાથે જોડ્યું અને ઈમામ હુસૈન(અ.સ.) બેસી ગયા. રસૂલુલ્લાહ(સ.અ.વ.)એ તેમને ગળે લગાડ્યા અને રડતા રડતા ફરમાવ્યું: "અય મારા ફરઝંદ! હું જોઈ રહ્યો છું કે તું ભૂખ્યો અને તરસ્યો છે. તેમણે તને ભૂખ્યો અને તરસ્યો કેમ રાખ્યો? ખુદા કયામતના દિવસે તેમને ભૂખ્યા રાખે અને તેમની તરસ ક્યારેય બુઝાવશે નહીં." પછી રસૂલે ખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું: "હુસૈન! હું જાણું છું કે તારો કાતિલ કોણ છે, પરંતુ મને કહો કે તારી આંગળીઓ કોણે કાપી?"

ઈમામ હુસૈન(અ.સ.)એ અરજ કરી: "નાના જાન! આ જ ઝાલિમે મારી આંગળીઓ કાપી છે." ત્યારબાદ કેટલાક લોકો મારી પાસે આવ્યા અને કહ્યું: રસૂલે ખુદા(સ.અ.વ.) તને બોલાવે છે. તેઓ મને ખેંચીને રસૂલુલ્લાહ

(સ.અ.વ.) સામે લઈ ગયા. રસૂલે ખુદા(સ.અ.વ.)એ પૂછ્યું: "અય ખુદાના દુશ્મન! તે મારા પ્યારા હુસૈનની આંગળીઓ કેમ કાપી?" મેં કહ્યું: "યા રસૂલલ્લાહ(સ.અ.વ.)! હું તેમના કત્લમાં શામેલ ન હતો." રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: "જે વ્યક્તિ એક આંગળી પણ કાપે તે પણ તેના કત્લમાં ભાગીદાર ગણાય છે." પછી આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું: "ખુદાના દુશ્મન! અહીંથી દૂર થઈ જા. ખુદા તારો ચહેરો બદલી નાંખે."

"જ્યારે હું ઊભો થયો ત્યારે મારો ચહેરો કાળો થઈ ગયો હતો."

દાસ્તાન પૂરી થતાં જ ત્યાં હાજર બધા લોકોએ તેના પર લઅનત મોકલી અને તેના માટે બદ દુઆ કરી. (મદીનતુલ મઆજીઝ)

વાકેઆ 37 : યા હુસૈન(અ.સ.)! યા તો મૌત, અથવા તો શિફા આપો

હુજ્જતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન આકા મૌલવી સાહેબ (દામત બરકાતુહુ) નકલ ફરમાવે છે: કંદહારમાં અમારા આબાઓ અજદાદની એક હુસૈનિય્યા છે, જ્યાં દર વર્ષે હઝરત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન (અ.સ.) ની અઝા કાયમ થાય છે.

મારી માતાની ફુઈની દીકરી, જેનું નામ આલમ તાબ હતું અને જે મરહૂમ હાજી શેખ મોહમ્મદ તાહિર કંદહારીની ફુઈ હતી, તે ક્યારેય મદરસામાં ગઈ નહોતી, કોઈ શિક્ષણ લીધું નહોતું અને લખાણ પણ વાંચી શકતી ન હતી.

પરંતુ તેની અકીદત અને દિલની સફાઈ એવી હતી કે તે વુઝૂ કરતી, એક સલવાત મોકલતી, પછી કુરઆન મજીદની એક લીટી પર હાથ મૂકી તેને તિલાવત કરતી. દરેક લીટી માટે એક સલવાત મોકલતી અને આ રીતે આખું કુરઆન પઢતી હતી. આજે પણ તેની આ જ રીત છે.

આ સ્ત્રીનો એક પુત્ર હતો, જેનું નામ અબ્દુર રઊફ હતું. બાળપણમાં તેની છાતી અને પીઠ પર મોટો કૂબડ (કૂઝ) હતો. મેં પોતે તેને ઘણી વખત

જોયો હતો. આલમ તાબ દર આશૂરાની રાત્રે પોતાના ચાર વર્ષના આ બાળકને હુસૈનિય્યામાં અઝાદારી માટે સાથે લાવતી હતી.

બાળકની હાલતને કારણે માતા-પિતા બંને ખૂબ પરેશાન હતા અને ક્યારેક તો તેની મૌતની તમન્ના કરતા હતા, કારણ કે બાળક પણ દુઃખી હતો અને તેઓ પણ. એક વખત અઝાદારી પૂરી થયા પછી તેઓએ બાળકની ગરદન મીમ્બર સાથે બાંધી અને રડીને અરજ કરી.

"યા હુસૈન (અ.સ.)! ખુદાની બારગાહમાં દુઆ કરો કે આ બાળકને કાલ સુધીમાં કાં તો મૌત મળી જાય અથવા સંપૂર્ણ શિફા મળી જાય."

અમે સૂઈ ગયા હતા. અચાનક એક જોરદાર અવાજથી બધા જાગી ગયા.

અમે જોયું કે બાળકનું આખું શરીર જોરજોરથી ધ્રૂજવા લાગ્યું. તે ઊભો થતો, પડી જતો અને ચીસો પાડતો હતો. બધા ગભરાઈ ગયા.

બાળકની માતા આલમ તાબને કહ્યું: "બાળકને ઘરે લઈ જા, જો તેને મરવાનું હોય તો ઘરમાં મરે, જેથી તેનો ગુસ્સાવાળો પિતા વાંધો ન ઉઠાવે."

માતાએ બાળકને ગળે લગાવી લીધો. બાળક એટલો ધ્રૂજતો હતો કે તેની સાથે માતાનું શરીર પણ ધ્રૂજતું હતું.

આ કંપારી ત્રણથી ચાર દિવસ સુધી ચાલુ રહી.

આ સતત કંપારી પછી તેના શરીરનું વધારાનું માંસ ઓગળી ગયું. તેની છાતી અને પીઠ સંપૂર્ણપણે સીધી થઈ ગઈ, એટલી કે કૂબડનું કોઈ નિશાન પણ બાકી ન રહ્યું. થોડા સમય પહેલાં જ્યારે તે પોતાની માતા સાથે ઝિયારત માટે ઈરાક આવ્યો હતો, ત્યારે મારી તેની સાથે મુલાકાત થઈ. મે જોયું કે તે એક તંદુરસ્ત, ઊંચા કદનો અને સુંદર યુવાન બની ગયો હતો.

(કરામાતે હુસૈનિયા અ.સ.: મોજીઝાત સૈય્યદુશશોહદા (અ.સ.) બઅદ અઝ શહાદત / અલી મીર ખલ્ફ ઝાદેહ)

વાકેઆ 38 : પાણી પિવડાવવા (સક્કાઈ)નું કામ શરૂ કર્યું

કરબલાના શહેરમાં એક પાણી પિવડાવનાર (સક્કા) હતા, જેનું નામ હાજી મોહમ્મદ અલી હતું. કદાચ તે હજુ પણ જીવતા હોય.

આ શખ્સ ઈમામ હુસૈન (અ.સ.)ના પવિત્ર હરમની આસપાસ લોકોને પાણી પિવડાવવાનું કામ કરતા હતા. એક દિવસ તેમણે પોતાની જીંદગીની હાલત બયાન કરી.

તેમણે કહ્યું: "પહેલાં મારું કામ પાણી પિવડાવવાનું ન હતું. હું ઈમામ હુસૈન(અ.સ.)ના પવિત્ર સહનના દરવાજા પાસે અત્તારી (ખુશ્બુની દુકાન) ચલાવતો હતો.

મારી દુકાન ખૈમાગાહ નજીક હતી અને મારો ધંધો ખૂબ સારો ચાલતો હતો. મારા ધંધાની સારી શરૂઆત એ રીતે થઈ કે જ્યારે હરમની આસપાસ ખોદકામ થયું અને પવિત્ર ઝરીહની મરામત થઈ રહી હતી, ત્યારે મેં થોડી અસલી તુર્બત (પવિત્ર કરબલાની માટી) મેળવી લીધી.

પછી મેં તે વેચવાનું શરૂ કર્યું અને એક મિસ્કાલ (વજનનું માપ)નો ભાવ એક ઉસ્માની લિરા (ઉસ્માની હુકુમત વખતે ચાલતો સિક્કો) રાખ્યો.

આ કામને કારણે ધીમે ધીમે હું ખૂબ પ્રખ્યાત થઈ ગયો.

હાલત એવી થઈ કે આસપાસના શહેરો અને વિસ્તારોમાંથી લોકો ખાસ મારું સરનામું પૂછીને મારી પાસેથી ખાકે શિફા ખરીદવા આવવા લાગ્યા. આ રીતે મારો વેપાર ખૂબ જ સારો ચાલવા લાગ્યો.

એક દિવસ હું ઈમામ હુસૈન(અ.સ.)ના પવિત્ર હરમમાં હતો. મેં જોયું કે એક વ્યક્તિ આવ્યો અને બૂમો પાડવા લાગ્યો:'અય ઈમામ હુસૈન(અ.સ.)! મારા પૈસા ચોરી થઈ ગયા છે. આ શું હાલત છે? હવે હું શું કરું?'

મેં પણ કહ્યું: 'અય ઈમામ હુસૈન(અ.સ.)! આ વ્યક્તિ સાચું કહે છે. તેની સાથે આવું કેમ થયું ? તમે ચોરને તેના હવાલે કેમ નથી કરતા?'

એ જ રાત્રે મેં ખ્વાબમાં ઈમામ હુસૈન(અ.સ.)ને જોયા. ઈમામ(અ.સ.)એ મને ફરમાવ્યું: "જો હું ચોરને ઓળખાવી દઉં, તો તું પોતે પણ ચોર છે. તું મારી માટી (તુર્બત) લઈ જાય છે અને તેને ખૂબ ઊંચી કિંમતે વેચે છે. શું આ યોગ્ય છે? કયા હકથી તું આ રીતે માલ ભેગો કરી રહ્યો છે ?"

પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું: "હવે સવારે જા અને સહનના દરવાજા પાસે બેઠેલા તે સાઇલને તેની જગ્યાએથી ઊભો કર. તેની નીચે એક પથ્થર છે. તે પથ્થર ઉઠાવજે. ત્યાં ઝાએરોથી ચોરાયેલો ઘણો માલ છુપાવવામાં આવ્યો છે. તે માલ બહાર કાઢજે. આ વ્યક્તિના ચોરાયેલા પૈસા પણ એમાં જ છે. તે બધું તેના માલિકોને પરત આપી દેજે."

સવારે હું ઊઠ્યો. મેં આ વાત હરમના ખિદમતગારો સાથે કરી અને અમુક લોકોને લઈને ત્યાં ગયો. અમે તે ફકીરને તેની જગ્યાએથી ઊભો કર્યો અને પથ્થર ઉઠાવ્યો. ખરેખર, ત્યાં ઘણો ચોરાયેલો માલ મળ્યો. અમે તે બધો માલ તેના માલિકોને પરત આપી દીધો.

પછી મેં પોતે પણ જાહેર કર્યું: "જે કોઈએ ખાકે શિફા માટે મને પૈસા આપ્યા હોય, તે આવીને પોતાના પૈસા પાછા લઈ જાય અથવા તેના બદલે જેટલી કિંમત થાય એટલો માલ મારી દુકાનમાંથી લઈ જાય."

મેં બધાને તેમનો હક પાછો આપી દીધો. જે લોકો દૂરના વિસ્તારોમાંથી ખાકે શિફા ખરીદીને ગયા હતા, તેમના વિશે મેં આલીમોને પૂછ્યું. તેમણે કહ્યું કે તે માલ વેચીને તેનો રદ્દે મઝાલિમ (લોકોના હકની ભરપાઈ) કરી દે.

મેં તેમ જ કર્યું અને બધાના હક્કો અદા કરી દીધા. ત્યાર બાદ મેં અત્તારીનો ધંધો છોડી દીધો અને લોકો માટે પાણી પિવડાવવાનું (સક્કાઈનું) કામ શરૂ કર્યું. (કરામાતુલ હુસૈનીય્યાહ, ભાગ: ૧, અલી મીર ખલફઝાદેહ)

વાકેઆ 39 : ઊભા થાવ અને મસાએબ પઢો

સૈયદ સઈદ, જે ખતીબ સૈયદ ઈબ્રાહીમના દીકરા હતા અને ૨૭ પેઢી દ્વારા ઈમામ મુસા કાઝીમ(અ.સ.) સુધી પહોંચતા હતા, તેઓ પોતે અને તેમના વાલીદ બંને મિમ્બર પર તકરીર કરતા અને કિતાબોના લેખક હતા.

તેઓ પોતાની કિતાબ, 'એલામુન્નાસ ફી કસાયેલિલ અબ્બાસ' માં લખે છે: હિ.સ.૧૩૫૧ના માહે ઝિલકાદમાં મેં લગ્ન કર્યા. એક અઠવાડિયા પછી મને શરદી (ઝુકામ) અને તાવ આવ્યો. નજફના ડૉક્ટરો મને સાજા કરી શક્યા નહીં. હિ.સ.૧૩૫૩ના માહે જમાદીઉલ અવ્વલમાં હું કુફા ગયો. ત્યાં થોડો સમય સારવાર કરાવી, પરંતુ કોઈ ફાયદો થયો નહીં.

પછી હું નજફ પાછો ફર્યો. માહે ઝિલ્હજમાં બગદાદ અને નજફના મોટા ડૉક્ટરો ભેગા થયા અને ચર્ચા કરી. બધાનો એકમત નિર્ણય એવો થયો કે હવે સારવાર અને દવાઓથી કોઈ ફાયદો થવાનો નથી.

તેઓએ મારી મૌતનો નિર્ણય કરી દીધો (મારા બચવાની ઉમ્મીદ નથી એવું કહ્યું).હિ.સ.૧૩૫૪ના માહે મોહર્રમમાં મારા વાલીદ, અઝાદારી માટે કાસિમ ઈબ્ને ઈમામ કાઝીમ(અ.સ.)ના ગામે ગયા હતા. મારી વાલેદા, દિવસ- રાત મારા માટે રડતી હતી.

માહે મોહર્રમની ૭મી રાત્રે મેં ખ્વાબમાં એક પ્રતિષ્ઠિત અને નૂરાની ચહેરાવાળા વ્યક્તિને જોયા, જે સૈયદ મહદી રશ્તી જેવા દેખાતા હતા.

તેમણે મારા વાલીદ વિશે પૂછ્યું અને કહ્યું:"હવે મજલિસમાં કોણ મસાએબ પઢશે??" (અમારે ત્યાં દર જૂમેરાતના મજલિસ યોજાતી હતી અને આજ રાત્રે પણ જૂમેરાત હતી.)

પછી તે વ્યક્તિ મારી નજરથી ગાયબ થઈ ગયા.થોડા સમય પછી ફરી આવ્યા અને કહ્યું: "મેં મારા પુત્ર સઈદને કરબલા મોકલ્યો છે, જેથી તે

હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ(અ.સ.)ની મજલિસ અને મસાએબ પઢે. તમે પણ કરબલા જાવ અને હઝરત અબ્બાસ(અ.સ.)ના મસાએબ પઢો."

હું ઊંઘમાંથી જાગ્યો તો જોયું કે મારી વાલીદા મારા માથા પાસે બેસીને રડી રહી હતી. પછી મને ફરી ઊંઘ આવી. તે જ મહાન વ્યક્તિ ખ્વાબમાં આવ્યા અને કહ્યું: "શું મેં તને કહ્યું ન હતું કે મારો પુત્ર સઈદ, કરબલા ગયો છે અને તમે પણ હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ(અ.સ.)ના મસાએબ પઢો?"

હું જાગી ગયો, પછી ફરી સૂઈ ગયો.આ વખતે તે મહાન વ્યક્તિએ થોડા કડક સ્વરમાં પોતાની વાત ફરી કહી: "આટલું મોડું શા માટે કરો છે? જવામાં મોડું કેમ કરો છે?" હું ડરીને જાગી ગયો અને મારી વાલેદાની આખી વાત કહી.

તેઓ ખૂબ ખુશ થયા અને કહ્યું: "આ મહાન સૈયદ, તો હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ(અ.સ.) જ હશે."

મેં કરબલા જવાનો ઈરાદો કર્યો, પરંતુ નબળાઈ એટલી હતી કે હું બેસી પણ શકતો ન હતો અને ગાડીમાં સવાર પણ થઈ શકતો ન હતો. સગાં-સંબંધીઓ પણ મારા જવા માટે તૈયાર ન હતા.

છેવટે મને એક પાલખીમાં ઉઠાવીને લઈ જવામાં આવ્યો અને ૧૩ મોહર્રમની રાત્રે મને હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ(અ.સ.)ની પવિત્ર ઝરીહ પાસે પહોંચાડવામાં આવ્યો. હું બેભાન જેવી સ્થિતિમાં હતો. એ દરમિયાન ફરી તે જ મહાન વ્યક્તિના દીદાર થયા.

તેમણે કહ્યું: "૭ મી મોહર્રમના દિવસે મેં તને કહ્યું હતું, પરંતુ તે મોડું કર્યું. સઈદ તમારી રાહ જોતો હતો." પછી તેમણે કહ્યું : "આજે ૧૩ મોહર્રમ છે, જે દિવસે હઝરત અબ્બાસ(અ.સ.)ને દફન કરવામાં આવે છે. હવે ઊભા થાવ અને મસાએબ પઢો."

પછી તેઓ મારી નજરથી ગાયબ થઈ ગયા. થોડીવાર પછી ફરી આવ્યા અને મને મસાએબ પઢવાનો હુકમ આપ્યો. પછી તેઓ ફરી ગાયબ થઈ ગયા.

ત્રીજી વખત તેઓ ફરી હાજર થયા, ત્યારે હું મારી જમણી બાજુએ પીઠ ફેરવીને સૂતો હતો.પછી તેમણે પોતાનો મુબારક હાથ મારા ડાબા ખભા પર મૂક્યો અને કહ્યું: "કેટલા સમય સુધી સૂતા રહેશો? ઊભા થાવ અને મારા મસાએબ પઢો."

હું તરત જ ઊભો થઈ ગયો. તેમનો રૂઆબ, મહાનતા અને પાકીઝા નૂરના કારણે હું આશ્ચર્યચકિત અને ગભરાયેલો હતો.

પછી હું મોઢા ભેર જમીન પર પડી ગયો. જ્યારે બેભાન જેવી સ્થિતિમાંથી ભાનમાં આવ્યો, ત્યારે મને લાગ્યું કે મારું શરીર સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયું છે. આ દૃશ્ય જોનારા ઝાએરીન મારી આસપાસ ભેગા થઈ ગયા.

હરમ, સહન અને બજારમાં લોકોના અવાજો તકબીર ("અલ્લાહો અકબર") અને તહલીલ ("લા ઈલાહ ઈલ્લલ્લાહ") થી ગુંજી ઉઠ્યા.

લોકો મારા કપડાંના ટુકડા ફાડી તબર્રુક તરીકે લઈ જવા લાગ્યા.

આ દરમિયાન પોલીસવાળાઓએ મને લોકોની ભીડથી બચાવ્યો અને હરમના જવાબદાર અધિકારી પાસે લઈ ગયા.

ત્યાં મેં હઝરત અબુલ ફઝલિલ અબ્બાસ(અ.સ.)ના મસાએબ પઢવાની શરૂઆત કરી. મેં સૈયદ રઝીની કસીદાની આ પંક્તિઓથી શરૂઆત કરી: "યા અબલ-ફઝલિલ અબ્બાસ(અ.સ.)! આપ તે છો જેમણે ફઝીલત અને વફાની બુનિયાદ રાખી. અય અબલ-ફઝલિલ અબ્બાસ(અ.સ.)! ફઝલને તમારા સિવાય બીજો કોઈ પિતા હોઈ જ શકે નહીં."

પછી જ્યારે હું ઘરે પરત આવ્યો, ત્યારે સગાં-સંબંધીઓની હાજરીમાં પણ મેં હઝરત અબુલ ફઝલ અબ્બાસ(અ.સ.)ના મસાએબ પઢયા.તેઓ ખૂબ જ રડ્યા. થોડા સમય પછી, હઝરત અબુલ ફઝલ અબ્બાસ(અ.સ.)ની બરકતથી મારી પત્ની ગર્ભવતી થઈ. અલ્લાહે મને એક ફરઝંદ અતા કર્યો. તેનું નામ ફાઝીલ રાખ્યું.

પછી અલ્લાહે મને બીજી ઔલાદો પણ અતા કરી, જેમના નામ અબ્દુલ્લાહ, હસન, મોહમ્મદ, ફાતેમા, ઉમ્મુલ બનીન રાખ્યા.

(નોંધ: આ દાસ્તાનમાં "મારો પુત્ર સઈદ" ખ્વાબમાં લેખક સૈયદ સઈદ માટે વપરાયેલ સંબોધન હોઈ શકે છે.)

વાકેઆ 40 : માઁ-બાપનો એહતેરામ

ઝાહિદ અને પરહેઝગાર આલિમ મરહૂમ શેખ હુસૈન બિન શેખ મશ્કૂર(ર.અ.) ફરમાવે છે: એક વખત મેં ખ્વાબમાં જોયું કે હું હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ના મુબારક હરમમાં હાજર છું અને ઈમામ(અ.સ.) ત્યાં તશરીફ ધરાવે છે.

ત્યારે એક ગામડામાં રહેતો યુવાન અરબ હરમમાં દાખલ થયો અને મુસ્કુરાઈને ઈમામ હુસૈન(અ.સ.)ને સલામ કરી. ઈમામ (અ.સ.)એ પણ મુસ્કુરાઈને તેના સલામનો જવાબ આપ્યો.

બીજા દિવસે, જે જુમઆની રાત પછીનો દિવસ હતો, હું હરમમાં ગયો. અચાનક મેં એ જ યુવાનને જોયો જેને મેં ખ્વાબમાં જોયો હતો.

તે હરમમાં દાખલ થયો અને જ્યારે ઝરીહ મુબારક સામે પહોંચ્યો ત્યારે મુસ્કુરાઈને સલામ કરી. પરંતુ મને ઈમામ હુસૈન(અ.સ.) દેખાયા નહીં.

હું તે યુવાન પર નજર રાખતો રહ્યો. જ્યારે તે હરમમાંથી બહાર નીકળ્યો ત્યારે હું તેની પાછળ ગયો અને તેને પૂછ્યું: "તમે જ્યારે

ઈમામ(અ.સ.)ને સલામ કરો છો ત્યારે તમારા ચહેરા પર મુસ્કુરાહટ કેમ હોય છે?

મેં ખ્વાબમાં જોયું હતું કે ઈમામ(અ.સ.) પણ તમને મુસ્કુરાઈને જવાબ આપે છે. તમે એવું શું કર્યું છે કે ઈમામ(અ.સ.) તમને આ ખાસ ઈનાયત કરી છે?"

યુવાને જવાબ આપ્યો: "મારા માઁ બાપ વૃદ્ધ છે. અમે કરબલાથી થોડા અંતરે આવેલા ગામમાં રહીએ છીએ. દર જુમાની રાત્રે જ્યારે હું ઝિયારત માટે આવું છું, ત્યારે એક અઠવાડિયે મારા પિતાને ગધેડા પર બેસાડી લાવું છું અને બીજા અઠવાડિયે મારી માઁને લાવું છું.

એક જુમાની રાત્રે પિતાને લાવવાનો વારો હતો. મેં તેમને ગધેડા પર બેસાડ્યા ત્યારે મારી માઁ રડવા લાગી અને બોલી: 'મને પણ સાથે લઈ જા, કદાચ આવતા અઠવાડિયા સુધી હું જીવતી ન રહું.' મેં કહ્યું: 'વરસાદ પડી રહ્યો છે, હવામાન ખૂબ ઠંડું છે, અને મુસાફરી મુશ્કેલ છે.'

પરંતુ મારી માઁ માન્યા નહીં. તેથી મેં મારા પિતાને ગધેડા પર બેસાડ્યા અને માઁને મારા ખભા પર ઉંચકી લીધા. ઘણી મહેનત અને તકલીફ પછી હું બંનેને હરમ સુધી લઈ આવ્યો. જ્યારે હું આ હાલતમાં મારા માઁ-બાપ સાથે હરમમાં દાખલ થયો, ત્યારે મેં ઈમામ હુસૈન(અ.સ.)ને જોયા.

મેં સલામ કરી. ઈમામ(અ.સ.) મારા તરફ મુસ્કુરાયા અને મારા સલામનો જવાબ આપ્યો.

તે દિવસથી આજ સુધી, જ્યારે પણ હું જુમઆની રાત્રે ઝિયારત માટે આવું છું, ત્યારે મને ઈમામ હુસૈન(અ.સ.)ના દીદાર થાય છે અને હઝરત ઈમામ હુસૈન(અ.સ.) મુસ્કુરાઈને મારા સલામનો જવાબ આપે છે.

(કરામાતુલ હુસૈનીય્યાહ, ભાગ: ૧, અલી મીર ખલફઝાદેહ)

વાકેઆ 41 : "જ્યાં મજલીસ, ત્યાં હાજરી – એક આશિકે હુસૈન અ.સ. પર ઈમામની ખાસ ઈનાયત"

આયતુલ્લાહ સૈયદ મોહમ્મદ કાઝિમ તબાતબાઈ યઝદી જેમને "સાહેબ ઉર્વા" તરીકે ઓળખવામાં આવે છે, (૧૨૫૩ હિજરીથી ૧૩૩૭) જ્યારે યઝદમાં રહેલા પોતાના સંબંધીઓની મુલાકાત માટે જઈ રહ્યા હતા, ત્યારે તેમણે પોતાના માટે એક કફન ખરીદ્યું હતું.

તેમણે તે કફનને હઝરત અમીરુલ મોમેનીન (અ.સ.)ના હરમમાં લઈ જઈને *આખુ કુરઆન* તેના પર લખયુ હતુ. ત્યારબાદ હઝરત ઈમામ હુસેન (અ.સ.)ના હરમમાં જઈને, તે કફનની આસપાસ તુરબત વડે *ઝિયારતે આશૂરા લખી હતી.*

આ સફરમાં તેઓ તે કફનને સાથે લઈ યઝદ ગયા. યઝદ પહોંચ્યા પછીની પહેલી રાત્રે તેઓ પોતાની એક દીકરીના ઘરમાં આરામ કરી રહ્યા હતા. રાત્રે તેમને સપનામાં હઝરત સૈયદુશ્શોહદા (અ.સ.) ની ઝિયારત નસીબ થઈ અને ઈમામ હુસૈન અસ એ ફરમાવ્યું:

“અમારા એક દોસ્તનો ઈન્તેકાલ થઈ ગયો છે. તે યઝદના કબ્રસ્તાનમાં કફન માટે રાહ જોઈ રહ્યો છે. અમારી ઈચ્છા છે કે તમે તમારું કફન તેને ભેટ આપો.”

તેઓ ઊંઘમાંથી જાગ્યા અને ફરી સૂઈ ગયા. આ સપનું બે વાર વધુ આવ્યુ. અંતે તેઓ તુરંત કપડાં બદલીને યઝદના કબ્રસ્તાન ગયા. ત્યાં જઈને જોયું કે એક વ્યક્તિ “કરીમ સિયાહ” ગુજરી ગયા છે, તેને ગુસલ આપીને પાટ પર રાખવામાં આવ્યા છે અને કફન લાવવાની રાહ જોવાઈ રહી છે.

યઝદી સાહેબ જેવા આવ્યા તો લોકો કહેવા લાગ્યા: “કફન આવી ગયું!”

મરહૂમ યઝદી એ લોકોને પૂછ્યું: “તમે કોણ છો?”

તેમણે જવાબ આપ્યો: “જે હસ્તીએ તમને કફન લાવવાનો આદેશ આપ્યો છે, એજ હસ્તીએ અમને પણ આ વ્યકિતની તજહીઝ અને દફન માટે અહીં આવવાનું કહ્યુ છે.” મરહૂમ યઝદી પુછે છે: “આ વ્યક્તિ કોણ છે?”

તેઓ કહે છે: “આ વ્યક્તિ ‘કરીમ સિયાહ’ છે, એક સામાન્ય માણસ. પણ તે ઈમામ હુસેન (અ.સ.)નો દીવાનો હતો. જ્યાં પણ ઈમામ હુસેન (અ.સ.)ના નામની મજલીસ થતી, ત્યાં તે નિઃસંકોચ હાજર રહેતો.”

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન અ.સ, અલી અકબર મહદી પુર)

વાકેઆ 42 : ઈમામ હુસૈન(અ.સ.) વિશે કિતાબ લખનારનો મકામ

કિતાબ જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન અ.સ.ના લેખક અલી અકબર મહદી પુર કહે છે કે મર્હુમ આયતુલ્લાહ હાજ સૈયદ મોહંમદ શીરાઝી કુદ્દસ સીર્રહુ પાસેથી મેં ઘણી વાર સાંભળ્યું કે તેઓ ફરમાવતા:

એક રાત્રે મેં સ્વપ્નમાં જોયું કે હું ઈમામ હુસૈન(અ.સ.)ના હરમે મુતહ્હરમાં છું. ઈમામ હુસૈન(અ.સ.) હરમના સહેનમાં, ચહેરો કિબલા તરફ અને પીઠ ઝરીહ તરફ કરીને બેઠેલા છે.

કબર શરીફની જગ્યાએ એક કૂવો છે, જ્યાંથી પાઈપ દ્વારા પાણી હરમની આજુબાજુ આવેલી કબરોમાં પહોંચાડવામાં આવે છે.

એ દરમિયાન, એક ખતીબ જેને હું ઓળખતો હતો અને જે હરમની આજુબાજુ દફન થયેલા હતા, હઝરતની ખિદમતમાં હાજર થયા અને કહ્યું: "મારી પાસે પાણી નથી."

હઝરતે ફરમાવ્યું: "આ પાણી તે લોકો માટે છે જેમણે કિતાબ લખી હોય અને પોતાની બાદ તે કિતાબને યાદગાર તરીકે છોડી હોય, અને તમે તો કોઈ કિતાબ લખી નથી."

આયતુલ્લાહ શીરાઝીએ કહ્યું: મેં ઘણી વાર તેને તેની જિંદગીમાં કહ્યું

હતું કે તમે તો મીમ્બર પર જાઓ છો, તમારી મજલીસોને લખો જેથી તે કિતાબના સ્વરૂપમાં આવી જાય, પણ તેણે એવું કર્યું નહોતું.

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન(અ.સ.) દાસ્તાન.18)

વાકેઆ 43 : ઈમામ હુસૈન(અ.સ.)ના ઝાએરીન માટે તકલીફ સહન કરવી

નજફે અશરફના કેટલાક ભરોસાપાત્ર લોકો વર્ણન કરે છે કે મરહુમ આખુન્દ મુલ્લા હુસૈન કુલી એક દિવસ જ્યારે પોતાના ઉસ્તાદ મરહુમ આખુન્દ મુજતહિદ પાસે દરસ માટે પહોંચ્યા, ત્યારે ઉસ્તાદે પોતાના શાગીર્દ ને પૂછ્યું:

"ગઈ કાલે રાત્રે તમે કયો સારો અમલ કર્યો?"

વિદ્યાર્થીએ જવાબ આપ્યો: "કોઈ ખાસ સારું કામ કર્યું નથી."

ઉસ્તાદે : "એવું તો થઈ જ નથી શકતું. ગઈ રાત્રે તમે જે કંઈ પણ કર્યું તે મને કહો."

શાગીર્દ બોલ્યા: "ગઈ કાલે રાત્રે અમીરુલ મોમીનીન હઝરત અલી (અ.સ.)ની મુનાસેબતથી ઈદે ગદીર હતી અને કેટલાક લોકો કરબલાએ મોઅલ્લાથી ઈમામ હુસૈન (અ.સ.) ની ઝીયારત કરી નજફ આવ્યા હતા. એ લોકો મારા રૂમમાં ઉતર્યા હતા. મારો રૂમ બહુ નાનો હતો. અમે સૌ રાત્રે જમીને સુઈ ગયા.

લગભગ અડધી રાત્રે મને શ્વાસ લેવામાં તકલીફ અનુભવાઈ અને છાતી પર ભાર લાગે તેવું થયું. હું જાગી ગયો અને જોયું કે મારા મહેમાનોમાંથી એકનો પગ મારી છાતી પર રાખેલો છે અને તે ઊંઘમાં છે. હું ઈચ્છતો હતો કે તેનો પગ હટાવી દઉં, પણ પછી વિચાર આવ્યો કે તે મારો મહેમાન છે, ઈમામ હુસૈન (અ.સ.)નો ઝાએર છે અને સાથે જ ઓલમા માંથી છે, અને પયગંબર (સ.અ.વ.)નો ઈરશાદ છે કે 'મહેમાનની ઈઝઝત કરો'.

આથી મેં એ તકલીફ સહન કરી અને તેનો પગ મારી છાતી પરથી

હટાવ્યો નહીં ત્યાં સુધી કે તેણે ઊંઘમાં જ પોતે જ પોતાનો પગ હટાવી દીધો."

આ સાંભળી મરહુમ આખુન્દે : "એજ કારણ છે કે આજે હું તમારી અંદર એવુ નૂર જોઈ રહ્યો છું, જે પહેલા નહોતું. આથી મને ખબર પડી ગઈ કે ગઈ રાત્રે તમે કોઈ ને કોઈ સારૂ કામ જરૂર કર્યુ છે."

(બીખરે મોતી, ભાગ ૧, પાના નં. ૬૬ લેખક શહીદે મેહરાબ,
આયતુલ્લાહ દસ્તગૈબ શિરાઝી સાહેબ)

વાકેઆ 44 : હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની પૈદલ ઝિયારત કરવાનો સવાબ

હઝરત હુજ્જતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન સૈયદ કાઝીમ બાદકુબી નજફીએ કહ્યું કે મારા મર્હુમ પિતા આયતુલ્લાહ સૈયદ મોહમ્મદ બાકિર બાદકુબી કહેતા કે અમે એક મુસાફરીમાં મહાન મરજાઅ આયતુલ્લાહ સૈયદ મહમૂદ શાહરૂદી સાથે કરબલાની પગપાળા ઝિયારત માટે ગયા હતા.

મુસાફરીનો સામાન અમે બાદકુબાહના મદ્રેસામાં રાખ્યો અને એ જ થાકેલા, છાલા ભરેલા પગોથી ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત માટે હરમમાં દાખલ થયા.

એક ઈરાની ઝાએરે જોયું કે આ લોકો પગપાળા કરબલા પહોંચ્યા છે, તો તેણે ખૂબ આગ્રહપૂર્વક વિનંતી કરી કે તે આ પગપાળા ઝિયારતનો સવાબ ખરીદવા માંગે છે.

પરંતુ મર્હુમ આયતુલ્લાહ શાહરૂદીએ તેની વિનંતી તરફ કોઈ ધ્યાન ન આપ્યું અને ઝિયારત માટે હરમ તરફ આગળ વધ્યા.

ઝિયારત પછી અમે મદ્રેસામાં પાછા આવ્યા અને આરામ કર્યો. બીજા દિવસે સવારે મદ્રેસાનો ખાદિમ આવ્યો અને પૂછ્યું: “સૈયદ મહમૂદ શાહરૂદી અને સૈયદ મોહમ્મદ બાકર બાદકુબી ક્યાં છે? કોઈ તમને મળવા માંગે છે.”

મુલાકાત બાદ ખબર પડી કે આ એ જ વ્યક્તિ છે જે કાલે ઝિયારતનો સવાબ ખરીદવા માંગતો હતો.

તેણે કહ્યું: "ગઈ કાલે રાત્રે મેં સ્વપ્નમાં હઝરત અબા અબ્દિલ્લાહીલ હુસૈન(અ.સ.)ને જોયા કે તેઓ એક મજલિસમાં હાજર છે અને તેમની આસપાસ લોકો ભેગા થયા છે.

હું રડીને તેમની ખિદમતમાં ગયો અને કહ્યું કે હું બે સાદાતની પગપાળા ઝિયારતનો સવાબ ખરીદવા માંગતો હતો, પણ તેઓ તૈયાર ન થયા.

હઝરત અબા અબ્દિલ્લાહ(અ.સ.)એ કોઈને ફરમાવ્યું: મારા ભાઈ હઝરત અબ્બાસ(અ.સ.) પાસે જાઓ અને પૂછો કે આ બંને સાદાતની પગપાળા ઝિયારતનો સવાબ કેટલો છે?"

હું એ વ્યક્તિ સાથે હઝરત અબ્બાસ(અ.સ.)ની ખિદમતમાં ગયો. તેઓ પણ સહેનમાં બેઠેલા હતા અને તેમની આસપાસ પણ લોકો હાજર હતા. તે વ્યક્તિએ હઝરત અબ્બાસ(અ.સ.)ને એ સવાલ કર્યો. હઝરત અબ્બાસ(અ.સ.) ત્યાં હાજર ફરીશ્તાઓ તરફ રૂખ કરીને ફરમાવ્યું: "તે બંને સાદાતની પગપાળા ઝિયારતનો સવાબ કેટલો લખો છો?"

ફરીશ્તાઓ મને પોતાની સાથે લઈ ગયા અને પૂછ્યું: "શું જોઈ રહ્યા છો?"

મેં જોયું કે આસ્માનમાંથી વરસાદ વરસી રહ્યો છે.

મેં કહ્યું: "વરસાદના ટીપા પડી રહ્યા છે."

*તેમણે કહ્યું: "જો અલ્લાહ અમને હુકમ આપે કે અમે આ ટીપાની ગણતરી કરીએ, તો અમે કરી શકીએ છીએ, પરંતુ અમારી પાસે એટલી કુદરત નથી કે તે બંને સાદાતની પગપાળા ઝિયારતનો સવાબ ગણી શકીએ."

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન અ.સ.)

વાકેઆ 45 : ઈમામ હુસૈન (અ.સ.)એ એક ઝાએરા અને મોહિબને કોઢમાંથી શીફા આપી

સાલેહ બીન મીસમ અસદી કહે છે કે એક દિવસ અબાયા બિન રબી મને બની વાલીબાની વસ્તીમાં એક ખૂબજ વયસ્ક મહિલા સાથે મળવા માટે લઈ ગયો. તેમના કપાળ પર વધારે સજદાથી ઉંડો નિશાન પડેલ હતો. અબાયા બીન રબીએ મને ઓળખાવતાં કહ્યું: હબાબા! આ તમારો ભાણેજ છે.

હબાબાએ પૂછ્યું: કોનો દીકરો છે?

અબાયા: આ મીસમનો દીકરો સાલેહ છે.

હબાબા : હા, આ ખરેખર મારો ભાણેજ છે. ભાણેજ, *શું હું તને એક દાસ્તાન કહું?* મેં : અવશ્ય કહો.

હબાબા : મારી આદત હતી કે દરેક બીજા કે ચોથા દિવસે હું ઈમામ હુસેન (અ.સ.)ની ઝિયારત કરવા જતી હતી. પણ પછી એવું થયું કે મારા કપાળ પર કોઢના સફેદ ધબ્બા પડી ગયા, જેના કારણે હું કોઈની મુલાકાત માટે લાયક રહી ન હતી. અને હું મારા મૌલા અને સાહેબ (ઈમામ)ની ઝિયારત કરવા પણ નહોતી જતી.

થોડા દિવસ પછી ઈમામ હુસેન (અ.સ.)એ પુછ્યું: “હબાબાને કેટલાં દિવસો થઈ ગયા છે કે તે અમારી મુલાકાતે આવી નથી?”

સાથીઓએ કહ્યું: તેણી કોઢની બીમારીમાં મુબ્તેલા છે, તેથી બહાર આવું જવુ બંધ કરી દીધુ છે.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યું : ચાલો, આપણે તેને મળવા જઈએ. તેઓ પોતાના કેટલાક સાથીઓ સાથે મારા ઘરની મસ્જિદ તરફ આવ્યા. એ સમયે હું પણ ત્યાં હાજર હતી અને ઈબાદતમાં મશગુલ હતી.

ઈમામ (અ.સ.)એ જ્યારે પૂછ્યું કે તું એટલા દિવસોથી કેમ નથી આવી,

તો મેં કહ્યું: મૌલા, મારા કપાળ પર કોઢના નિશાન પડી ગયા છે, એટલે મેં બહાર જવુ બંધ કરી દીધુ.

ત્યારે ઈમામ હુસેન (અ.સ.)એ પોતાના લોઆબે દહન (મોઢાની લાળ) એ ઘબ્બાઓ પર લગાડ્યું અને ફરમાવ્યું : હબાબા, અલ્લાહનો શુકર અદા કર; મેં તારી બીમારી દૂર કરી. મેં શુકરનો સજદો કર્યો. જ્યારે આઈનામાં જોયુ તો કોઢનું કોઈ નિશાન જ નહોતું. ત્યારબાદ ઈમામ હુસેન (અ.સ.)એ ફરમાવ્યું :

હબાબા, અમે અને અમારા શીઆ ફિતરત પર મજબૂત છીએ, જયારે બીજાઓ એનાથી દૂર છે.

(દલાએલુલ ઈમામહ, પેજ ૭૭. મદીનતુલ મઆજીઝ, ભાગ 2 (ઉર્દુ)

વાકેઆ 46 : UAE નો વાકેઆ, આશુરાના જુલુસમાં શિરકત કરનાર પર ઈમામ હુસૈન(અ.સ.)ની ઈનાયત

બુધવાર, ૨૫ સફર ૧૪૩૧ મશહદ મુત્તહર ખાતે, ઈમામ અલી રઝા (અ.સ.)ના મદરસામાં, આલીમે દીન સૈયદ મોહમ્મદ બાકિર ફાલીએ પોતાના બિરાદરાન એહલ-વિલાયતના મજમામાં ફરમાવ્યું :

"૨૦૦૨ ઈસવીમાં હું ઈમારાતમાં મીમ્બર પર હતો. એ વખતે ઈમારાતનો તહેવાર આશૂરાના દિવસથી ટકરાતો હતો. શબે આશુરા મીમ્બર પરથી મેં કહ્યું: 'કાલે તમે બધા વગર અબા, વગર જૂતાં અને ખુલ્લા પગે રસ્તાઓમાં થતા નાચ ગાન અને મોજમસ્તીની વચ્ચેથી પસાર થઈને રાત સુધી ઈમામ હુસેન (અ.સ.)ની અઝાદારી કરો.'

શીઆઓમાં એક યુવાન હતો, જે એક આર્મી ઓફિસર (કેપ્ટન) હતો. તેણે ૨૨ વર્ષ પહેલા લગ્ન કર્યા હતા પણ હજી સુધી અવલાદ થઈ ન હતી ડોક્ટરોએ કહેલું કે એ પણ બાંઝ છે અને એની પત્ની પણ બાંઝ છે.

એ પણ જે લોકોમાં ઓળખાતા ચહેરા તરીકે ઓળખાતો હતો, અબા

વગર, જૂતાં વગર, કાળા કપડાંમાં ઈમામ હુસેન (અ.સ.)ના અઝાદારીના જુલૂસમાં સામેલ થયો. લોકો એની મજાક ઉડાવતા હતા, તેનું દિલ તૂટી ગયું. તેણે ઈમામ હુસેન (અ.સ.)ને મુખાતબ કરીને કહ્યું:

"યા હુસેન! જો મારું આ કામ સાચું હોય, તો મને એક સંતાન અતા કરો."

એની પત્ની પણ જૂતાં વગર બહાર આવી. એની પણ લોકો મજાક ઉડાવતા હતા. એને એ વાતની ખબર નહોતી કે એના પતિએ શા માટે દુઆ કરી હતી. એ પણ ઈમામને પુકારીને કહે છે:

'યા હુસૈન ! જો આ કામ અમારું સાચું હોય, તો હું આપથી એક સંતાન માગું છું.'

પાંચ મહિના પછી એને ખુબજ પેટ દુઃખવાનું શરૂ થયું અને ઊલટી થવાની તકલીફ થઈ. ડોક્ટરે કહ્યું કે એ પેશન્ટને એપેંડીસાઈટિસ છે અને તરત ઓપરેશન કરવું પડશે. પણ જ્યારે ટેસ્ટ કરાવ્યું તો ખબર પડી કે એ પ્રેગનન્ટ છે, અને ઊલટી પ્રેગ્નન્સીની નિશાની છે.

પછી એને એક દીકરી થાય છે અને એનું નામ "ફાતેમા" રાખવામાં આવે છે.

આલીમ ફાલી કહે છે: મેં આ કિસ્સો કુવૈતના ટેલિવિઝન પર બયાન કર્યો હતો અને દુઃખ વ્યક્ત કરેલું કે હું એ કેપ્ટનનું નામ પૂછવાનું ભૂલી ગયો.

આથી એક વર્ષ પછી, હજના દિવસોમાં, એક એલિવેટરમાં એ શખ્સ મને મળ્યો અને કહ્યું: 'તમે મને ઓળખો છો? હું અબૂ ફાતેમા છું.'

ખુદાએ ફાતેમા પછી અમને બીજુ સંતાન પણ આપ્યું અને ત્રીજુ રસ્તામાં છે!!"

(જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન(અ.સ.) પાના નંબર: 103, 104)

વાકેઆ 47 : આંસુ અને ગુનેહગાર ઔરતને હિદાયત

મદીનામાં એક ઔરત રહેતી હતી, જે તેના ખરાબ કાર્યો માટે જાણીતી હતી. આખું શહેર તેને બદકાર ઔરત તરીકે ઓળખતું.

એ ઔરતના પાડોશમાં એક નેક અને દીનદાર મોમીન રહેતા, જે હંમેશાં હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની મજલીસે અઝા બરપા કરતા.

એક દિવસ તેમના ઘરે મજલીસે અઝા ચાલી રહી હતી, લોકો મરસીયા પઢી રહ્યા હતા અને ઈમામ હુસૈન (અ.સ.)ના ગમમાં રડી રહ્યા હતા મેજબાને મહેમાનો માટે ન્યાઝે હુસૈન (અ.સ.) તૈયાર કરવાનો હુકમ આપ્યો હતો

એ જ સમયે એ ગુનેહગાર ઔરતને પોતાના ઘરકામ માટે થોડી આગની જરૂર પડી. ત્યારે તે પડોશીના રસોડામાં ગઈ કે જ્યાં મજલીસ માટે ન્યાઝ બનતી હતી. તેણે જોયું કે બધાં લોકો મજલીસમાં શરીક થયા છે અને રસોઈ નીચેની આગ બુઝાઈ ગઈ છે. તેથી તે ઔરતે મહેનત કરીને તે આગ ફરી સળગાવવાની કોશિશ કરી .

આગ શરૂ કરવામાં ઘણો સમય લાગ્યો અને ધૂમાડાની અસરથી તેની આંખોમાં પાણી આવી ગયું – ખાલી ધૂમાડો હતો, પણ તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા . પછી જ્યારે આગ સળગી ગઈ, તેણે પોતાની જરૂરિયાત મુજબ થોડી આગ લીધી અને પોતાના ઘરે પાછી ગઈ

કારણકે ઝોહરનો સમય થઈ ગયો હતો અને વાતાવરણ ગરમ હતું , એ ઊંઘી ગઈ .

ઊંઘમાં તેણે એક સ્વપ્ન જોયું: તેણે જોયું કે કયામતનો દિવસ છે. દોઝખ સળગી રહી છે . અને એને આગની ઝંઝીરોમાં બાંધી જહન્નમ તરફ ખેંચી જવાઈ રહી છે. તે પોકારી રહી છે, દુઆ કરે છે – પણ કોઈ સાથ નથી આપતું .દોઝખના ફરિશ્તાઓ કહે છે, “અલ્લાહ તારા પર ગુસ્સે છે . અમને તને દોઝખના તળિયે ફેંકવાનો હુકમ થયો છે.”

ત્યારે અચાનક એક નૂરાની હસ્તી દેખાઈ . તેમણે દોઝખના ફરિશ્તાઓને અવાજ આપ્યો : "આને છોડી દો!"

ફરિશ્તાઓએ પૂછ્યું: "હે રસૂલુલ્લાહના ફરઝંદ, આ ઔરતને કેમ છોડી દઈએ?"

તેઓએ ફરમાવ્યું : "આ ઔરત એ ઘરે ગઈ હતી કે જ્યાં મજલીસે અઝા થઈ રહી હતી. ત્યાં ન્યાઝ માટેની આગ બુઝી ગઈ હતી, અને તેણે મહેનત કરીને તે આગ ફરી સળગાવી . ધૂમાડાથી એની આંખોમાં આંસુ આવી ગયા અને એ આંસુ મારા ગમમાં વહેલા હતાં ."

ફરિશ્તાઓએ કહ્યું: ((كرامة لك يابن الشافع و الساق))

"તમારા એહતેરામના લીધે અમે આને છોડીએ છીએ અય સાકીએ કૌસરના અને કયામતના દિવસે શફાઅત કરનારના ફરઝંદ !"

અંતે એ ઔરત છૂટી ગઈ. તેણે એ નૂરાની હસ્તીથી પૂછ્યું: "તમે કોણ છો કે અલ્લાહે તમારી બરકતથી મને માફ કરી?" તેઓએ ફરમાવ્યું: "હું હુસૈન ઇબ્ને અલી (અ.સ.) છુ."

પછી ખ્વાબમાંથી બેદાર થઈ અને તરત જ મજલીસે અઝામાં પહોંચી ગઈ. મજલીસ હજી ચાલી રહી હતી . તેણે પોતાનું સ્વપ્ન જણાવ્યું. બધાંને આશ્ચર્ય થયું .એ ઔરતને હકીકતનો અહેસાસ થયો અને તેણે તૌબા કરી લીધી અને ઈમામ હુસૈન (અ.સ.)ના અઝાદારોમાં શામેલ થઈ ગઈ . બધાએ ફરીથી કરબલાના મઝલૂમ માટે રોવાનું શરૂ કર્યું .

(દમઅતુસસાકેબા, ભાગ: 2 / દાસ્તાનહાએ અઝ અનવારે આસમાની)

વાકેઆ 48 : ઈમામ હુસૈન(અ.સ.)ની પ્યાસને યાદ કરીને રડનાર એક આલીમે દીનનો ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) શુક્રિયા અદા કરે છે.

ભરોસાપાત્ર અને અમીન આલીમે દીન હઝરત હુજજતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન હાજી શેખ મોહમ્મદ ખાદેમી શીરાઝી જેમણે "યાદે મહદી",

"રજઅત", "દૌલતે કરીમા", અને "ફરોગે બેહાયત" જેવી અનેક મૂલ્યવાન કિતાબો લખી છે, એક રાત્રે ખ્વાબમાં કાબાએ મકસદ અને કિબલાએ મૌઉદ એટલે કે હઝરત બકીય્યતુલ્લાહ(અ.ત.ફ.શ.)ની ઝિયારત કરે છે.

હઝરત ઈમામ મહદી(અ.ત.ફ.શ.) હુકમ આપે છે કે તેઓ આયતુલ્લાહ હાજી શેખ બહાઉદ્દીન મહલાતી પાસે જઈને એમની તરફથી આભાર વ્યક્ત કરે કે તેમણે એમના જદ્દે બુઝુર્ગવાર (હઝરત ઈમામ હુસૈન અ.સ.)ની પ્યાસને ખૂબ જ સુંદર રીતે યાદ કરી છે.

ખાદેમી સાહેબ ફજરની નમાઝ પછી આયતુલ્લાહ મહલાતી સાહેબના ઘરે જાય છે અને પૂછે છે કે "તમે ગઈકાલે રાત્રે શું નેક કામ કર્યું?"

તો તેઓ જવાબ આપે છે કે "કોઈ ખાસ કામ કર્યું નહીં."

પછી ખાદેમી સાહેબ હઝરત ઈમામ(અ.સ.) તરફથી મળેલો આભારનો મેસેજ એમને પહોંચાડે છે. આ સાંભળીને મહલાતી સાહેબ ખૂબ જ રડી પડે છે અને કહે છે: "હું ગઈ રાત્રે એક ઘરે મહેમાન હતો. ખૂબ ચરબીદાર તેલવાળું જમવાનું હતું . પછી ઘરે આવ્યો તો ઘરના લોકો સૂઈ ગયેલા હતા. હું તેમને ડિસ્ટર્બ ન કરું તે ઈરાદાથી, તરસ લાગેલી હોવા છતાં, પાણી પીધા વગર સૂઈ ગયો.

"અડધી રાત્રે તરસને કારણે હું જાગ્યો. હું ફ્રિજ પાસે ગયો અને ઠંડુ પાણી પીધું એ વખતે હઝરત હુસૈન(અ.સ.)ની પ્યાસને યાદ કરી. અને ફ્રિજ પાસે ઊભો રહીને હું લાંબા સમય સુધી રડતો રહ્યો."

જો ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.) સીધા મહલાતી સાહેબના ખ્વાબમાં આવીને આભાર વ્યક્ત કરતા તો કદાચ તેઓ આ વાત કદી જ કોઈને ન કહેત અને એ બાબત છુપાયેલી જ રહી જાત. પણ ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ખાસ કરીને ખાદેમી સાહેબના ખ્વાબમાં આવ્યા જેથી આ બનાવ જાહેર થાય અને લોકોને હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની પ્યાસની યાદ તાજી થાય. (જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન(અ.સ.) પેજ: 135)

વાકેઆ 49 : ક્યાંક તમે ઈમામ હુસેન(અ.સ.)ની ફરિયાદ તેમના વાલીદ પાસે ન કરી બેસો

મરહૂમ આકા શૈખ મુર્તુઝા અન્સારી (રહમતુલ્લાહ અલયહ) શીઆ જગતના ઊંચા દરજાના અને મોટાં આલિમ હતા, તેમના સ્ટુડન્ટ્સમાં એક સ્ટુડન્ટ એવો હતો કે જે ક્યારેક પોતાની આર્થિક હાલતથી પરેશાન થઈ જતો અને ગરીબીથી તંગ આવી જતો.

એક દિવસ તેણે નક્કી કર્યું કે કરબલામાં હઝરત ઈમામ હુસેન (અ.સ.)ની કબર પર, ગુંબજની નીચે બે હાજત માટે દુઆ કરશે. તેની આદત હતી કે દર શબે જુમા જ્યારે દર્સ બંધ હોય ત્યારે તે નજફથી કરબલા જતો હતો.

તે શબે જુમઆ કરબલામાં ગુંબદની નીચે તેણે દુઆ કરી: *"યા હુસેન! હું તમારી પાસે બે વસ્તુઓ માગું છું – એક તો ઘર અને બીજી પત્ની, કારણકે શૈખ મુર્તઝા અન્સારી મને નાન અને પનીર સિવાય બીજું કશું આપતા નથી."*

એણે ઈમામ હુસૈન અસ ને કહ્યું "હવે એક અઠવાડિયું આપીશ, જો આ અઠવાડિયે મારી હાજત પૂરી ન થાય તો હું તમારી ફરિયાદ તમારા પિતા અલી (અ.સ.) પાસે કરીશ."

તેણે કહ્યું: "આવતાં જુમ્આ ના દિવસે મારી મુદ્દત પૂરી થશે. જો હાજત નહીં મળે તો હું ઝિયારત માટે ફરી નહીં આવું.!"

નજફ પાછો આવીને, એક અઠવાડિયા પછી પોતાના ક્રમ મુજબ, કરબલાની તરફ રવાના થયો. જેવી તેની નજર કરબલાના મુબારક ગુંબજ પર પડી, તેણે કહ્યું:

"આકા, હવે તમે મારી હાજત પૂરી કરી નથી અને અઠવાડિયું પણ પૂરું થઈ ગયું છે, તો હું હવે તમારી ઝિયારત માટે નહીં આવું." અને ત્યાંથી પાછો વળી ગયો.

થાકેલો અને પરેશાન શરીર લઈને નજફ પહોંચ્યો અને ઇચ્છ્યું કે હઝરત અલી (અ.સ.)ના હરમમાં જાય, પણ શક્તિ ન હતી. તેણે કહ્યું: "સવાર થાય પછી જઈશ."

આ બાજુ સૂર્ય ઉગતા જ એક સ્ટુડન્ટ, શૈખ અન્સારી તરફથી તેની પાસે મોકલવામાં આવ્યો તે દોડીને પેલા તાલિબે ઈલ્મ પાસે આવ્યો અને કહ્યું:

"શૈખે કીધું છે કે તમે અમીરુલ મોમીનીન (અ.સ.)ના હરમમાં જાવ એ પહેલા મારી પાસે આવો – અગત્યનું કામ છે."

સ્ટુડન્ટ શૈખની ખિદમતમાં ગયો. શૈખે કહ્યું: "હઝરત ઈમામ હુસેન (અ.સ.)એ મને હુકમ આપ્યો છે કે હું તારી હાલત સાંભળું અને તારી ખુશી માટે પગલાં લઉં –તે પહેલા કે તું હરમમાં જઈશ.ક્યાંક તું હુસેનની ફરિયાદ તેમના વાલીદ પાસે ન કરી બેસે!"

પછી શૈખે તેના માટે એક ઘર ખરીદ્યું અને એક વેપારીને બોલાવીને વિનંતી કરી કે પોતાની દીકરીની શાદી આ સ્ટુડન્ટ સાથે કરાવી આપે.

આ રીતે, આ સ્ટુડન્ટે હઝરત ઈમામ હુસેન (અ.સ.)નો વસીલો કરીને પોતાની બંને હાજત પૂરી કરી. (કરામાતે હુસેનીય્યા મીર ખલ્ફ ઝાદે)

વાકેઆ 50 : ઈમામ હુસૈન (અ.સ.)ની એક ઔરત પર ખાસ ઈનાયત

આયતુલ્લાહ સૈયદ સાદિક શીરાઝી ફરમાવે છે: ઈમામ હુસૈન અલય્હિસ્સલામના હરમની આસપાસ કેટલીક એવી કબ્રો છે, જેની નીચે મોટા સર્દાબ (ભૂગર્ભ કબ્રસ્તાન) આવેલા હતા.

આ સર્દાબમાં અગાઉ ઓલમા, નેક અને પરહેઝગાર લોકોની દફનવિધિ કરવામાં આવતી હતી. સર્દાબમાં દાખલ થવાની જગ્યા હંમેશા એક મોટા પથ્થરથી બંધ રાખવામાં આવતી.

જ્યારે કોઈ જનાઝો દફન કરવા લાવવામાં આવતો, ત્યારે હાજી અબ્દુર્રઝા, જેઓ "દફ્ફાન" તરીકે જાણીતા હતા, તેઓ જનાઝાને સર્દાબમાં નીચે લઈ જતા. મૈયતને કિબ્લા રૂખ જમણી બાજુ સુવડાવતા અને તેના ચહેરાને જમીન તરફ રાખતા. તેની પીઠ પાછળ એક ઈંટ મૂકી દેતા, જેથી

મૈયત ફરી ન જાય.

જો મૈયત ઔરતની હોય, તો તેના મહેરમમાંથી એક વ્યક્તિ પણ સાથે નીચે જતો અને ઔરતનો ચહેરો જમીન તરફ કરી આપતો.

આ સમગ્ર કામ સામાન્ય રીતે માત્ર 5 મિનિટમાં પૂરું થઈ જતું.

એક દિવસ એક અજીબ ઘટના બની...

એક ગામડાની ઔરતનો જનાઝો દફન કરવા માટે લાવવામાં આવ્યો. તેનો એકમાત્ર મહેરમ તેનો 22 વર્ષનો પુત્ર હતો. લોકોએ કહ્યું: "તે હજુ યુવાન છે. જો તે સર્દાબમાં નીચે જશે તો કદાચ ડરી જશે. તમે જ જનાઝાને નીચે લઈ જાઓ."

હાજી અબ્દુર્રઝા જનાઝાને લઈને સર્દાબમાં નીચે ગયા. પરંતુ આ વખતે 5 મિનિટ થઈ... 10 મિનિટ થઈ... 20 મિનિટ થઈ ગઈ.હાજી અબ્દુર્રઝા બહાર આવ્યા નહીં. બધા લોકો પરેશાન થઈ ગયા. એક ફાનસ લઈને લોકો સર્દાબમાં નીચે ગયા.

ત્યાં તેમણે જોયું કે હાજી અબ્દુર્રઝા બેહોશ પડેલા હતા. લોકો તેમને બહાર લઈ આવ્યા અને તેમના ચહેરા પર પાણી છાંટ્યું. જ્યારે તેમને હોશ આવ્યો, ત્યારે તેમણે તરત જ પૂછ્યું: "આ ગુજરી ગયેલી ઔરતનો પુત્ર ક્યાં છે?" પુત્ર આગળ આવ્યો.

હાજી અબ્દુર્રઝાએ પૂછ્યું: "તારી માઁ શું કામ કરતી હતી?"

તેણે કહ્યું: "તે ઘરનું કામ કરતી હતી."

ફરી પૂછ્યું: "ઈમામ હુસૈન અલય્હિસ્સલામ સાથે તેમનો કેવો સંબંધ હતો?" પુત્રે કહ્યું: "તેઓ રૌઝામાં જતા અને રડતા."

"આ સિવાય બીજું શું કરતા હતા?" "બીજું કંઈ નહીં."

"શું તેઓ મજલિસે અઝાદારી રાખતા હતા?" પુત્રે કહ્યું: "ના, અમારી પાસે એવી સગવડ નહોતી." લોકોએ પૂછ્યું: "આખરે દાસ્તાન શું છે?"

હાજી અબ્દુર્રઝાએ કહ્યું: "હું હંમેશાની જેમ તેમને દફન કરવા નીચે લઈ ગયો. જ્યારે મેં તેમનો ચહેરો જમીન તરફ કરવા માટે કફન ખસેડ્યું, ત્યારે

કારણ કે તેઓ મારા માટે નામહેરમ હતા, મેં ખૂબ કાળજી રાખી કે તેમનો ચહેરો દેખાય નહીં.

એ જ સમયે મેં જોયું કે ઈમામ હુસૈન(અ.સ.)ના મુબારક ઝરીહની નીચેથી એક નૂર જાહેર થયું અને સીધું આ ગુજરી ગયેલી ઔરત તરફ આવ્યું. મને એવું લાગ્યું જાણે ત્યાંથી સૂરજ ઉગ્યો હોય! આ નૂર જોઈને હું તરત જ બેહોશ થઈ ગયો."

પછી તેના પુત્રએ જે વાત જણાવી તે ખૂબ જ ઈમાન અફરોઝ હતી...

પુત્રે કહ્યું: "મારી માઁએ ઈમામ હુસૈન(અ.સ.) સાથે એક અહદ કર્યો હતો કે દર ગુરુવારની આવક ફક્ત ઈમામ હુસૈન(અ.સ.)ની રાહમાં ખર્ચ કરશે." દર ગુરુવારે તેઓ ગાયનું દૂધ દોહીને સાચવી રાખતા અને પગપાળા ઝાએરીનને પીવડાવતા. તે દિવસે મળતા ઈંડાં, ખજૂર અથવા જે કંઈ પણ મળતું, તે બધું ઝાએરીનને આપી દેતા. જો અમને તેની જરૂર પણ હોય, તો પણ અમે તેનો ઉપયોગ કરતા નહીં.

જરૂર પડે તો પડોશી પાસેથી ઉધાર લઈ લેતા, પરંતુ ગુરુવારની તે વસ્તુને હાથ પણ લગાડતા નહીં.

આયતુલ્લાહ શીરાઝી આગળ ફરમાવે છે: "આ સરદાબમાં સૈંકડો લોકો દફન થયેલા હતા. કોઈને ગઈકાલે દફન કરવામાં આવ્યા હતા, કોઈને બે દિવસ પહેલાં, કોઈને એક મહિના પહેલાં, કોઈને એક વર્ષ પહેલાં અને કોઈને દસ વર્ષ પહેલાં. આ તમામ મૈયતો પર માટી નાખવામાં આવતી નહોતી.

સામાન્ય રીતે જ્યારે સરદાબનો દરવાજો ખોલવામાં આવે, ત્યારે દુર્ગંધ આવવી જોઈએ. પરંતુ નવાઈની વાત એ હતી કે ત્યાં ક્યારેય પણ દુર્ગંધનો એહસાસ થતો નહોતો. (જુર્રેઈ અઝ કરામાતે ઈમામે હુસૈન (અ.સ.)

ઈમામ હુસૈન(અ.સ.) સાથે સાચી વફાદારી ક્યારેય વ્યર્થ જતી નથી. મૌલા હુસૈન અલય્હિસ્સલામની રાહમાં કરવામાં આવેલ નાનો અમલ પણ ખુદાની બારગાહમાં કેટલું મોટું બની શકે છે, તેનો આ એક અજીબ અને ઈમાન અફરોઝ બનાવ છે.